દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 289 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માગશીર્ષ વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 December 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૮ ડિસેમ્બર ૨૦૨૫ (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગોવાની નાઈટક્લબમાં મોતનું તાંડવ



## ▸ ડાન્સરનો પરફૉર્મન્સ ચાલતો હતો ત્યારે ‘ઈલેક્ટ્રિક ફટાકડા’ને લીધે આગ લાગી ▸ પચીસનાં મોત ▸ ક્લબ જ ગેરકાયદે ▸ પહોંચવાનો રસ્તો સાંકડો ▸ બચાવકાર્ય થવામાં ભારે વિલંબ ▸ ગૂંગળામણને લીધે થયાં મરણ ▸ માલિકો, આયોજકો વિરુદ્ધ ગુનો દાખલ, ચારની ધરપકડ

**ભડથું:** ગોવાની નાઈટક્લબમાં ગઈ કાલે લાગેલી આગ એટલી ભયંકર હતી કે રવિવારે સવારે પાડવામાં આવેલી આ તસવીરમાં માત્ર કાટમાળ દેખાય છે. (એજન્સી)



પણજી : ગોવાના અરપોરા વિસ્તારમાં આવેલા ‘બર્ચ બાય રોમિયો લેન’ નાઇટક્લબમાં શનિવારે મોડી રાત્રે ભીષણ આગ લાગી હતી, જેમાં પચીસ લોકોના મોત થયા હતા. ડાન્સ પર્ફોર્મન્સ દરમિયાન ‘ઇલેક્ટ્રિક ફટાકડા’ ફોડવાથી ભીષણ આગ ફાટી નીકળી હતી. આ જાણકારી આ દુર્ઘટનામાં ઉગરી ગયેલા એક વ્યક્તિએ આપી હતી. મૃતકોમાં ચાર પ્રવાસીઓ અને ૧૪ કર્મચારીઓનો સમાવેશ થાય છે. છ લોકો ઘાયલ થયા છે અને તેમની હાલત સ્થિર છે. પણજીથી પચીસ કિ.મી. દૂર અરપોરા ખાતે ‘બર્ચ બાય રોમિયો લેન’ નાઈટક્લબના ગ્રાઉન્ડ ફ્લોર પર ફસાઈ ગયા હોવાથી મોટાભાગના મૃત્યુ ગૂંગળામણને કારણે થયા હતા, એમ ફાયર અધિકારીએ જણાવ્યું હતું.

દિલ્હીની રહેવાસી રિયાએ જણાવ્યું કે આગ ફટાકડાને કારણે લાગી હોઇ શકે છે. જેના કારણે ક્બલમાં નાસભાગ જેવી સ્થિતિ સર્જાઇ હતી. લોકો સાંકડા દરવાજામાંથી બહાર નીકળવા માટે આમતેમ ભાગી રહ્યા હતા.

રિયાએ જણાવ્યું કે જ્યારે ફટાકડા ફોડવામાં આવ્યા ત્યારે ડાન્સર પર્ફોર્મન્સ કરી રહ્યા હતા. કદાચ તેના કારણે જ આગ લાગી હશે. ત્યાં સંપૂર્ણ અંધાધૂંધી સર્જાઇ હતી અને નાસભાગ જેવી સ્થિતિ ઊભી થઇ હતી. અમે ક્લબમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરતી વખતે અમારા ફોન અને જૂતા અંદર જ છોડી દીધા હતા.

નાઈટક્લબના બે માલિક સૌરભ અને ગૌરવ લૂથરા, મેનેજર, પ્રોગ્રામના આયોજકો વિરુદ્ધ

(જુઓ પાનું ૨) ▸▸

## ઈન્ડિગોએ ૬૧૦ કરોડ રૂપિયા પ્રવાસીઓને રિફન્ડ કરી દીધા

### શનિવારે ૧૬૫૦ ફ્લાઈટ ઊડી, ૬૫૦ રદ: આવતા બુધવાર સુધીમાં કટોકટીનો અંત આવે એવી શક્યતા

મુંબઈ: ઈન્ડિગો એરલાઈન્સમાં ટેકનિકલ સમસ્યા અને સ્ટાફની અછતના કારણે છેલ્લા ઘણા દિવસોથી સતત રદ થઈ રહેલી ફ્લાઈટ્સ અને વિલંબની સમસ્યા વચ્ચે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એક મોટું અપડેટ આપ્યું છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં મુસાફરોને કુલ ૬૧૦ કરોડ રૂપિયાથી વધુના રિફન્ડ પ્રોસેસ કરાયા છે.

ઈન્ડિગોએ અત્યાર સુધીમાં રદ કરવામાં આવેલી અથવા ફ્લાઈટમાં થયેલા વિલંબના કારણે કુલ ૬૧૦ કરોડ રૂપિયાના રિફન્ડ પ્રોસેસ કરાયા છે અને શનિવાર સુધીમાં દેશભરમાં મુસાફરોને ૩૦૦૦ બેગ ડિલિવર કરવામાં આવ્યા છે. સરકારે રવિવારે આ જાણકારી આપી હતી.

સતત પાંચ દિવસ ઈન્ડિગો ઍરલાઈન્સની સેવા ખોરવાયેલી રહી હોવા વચ્ચે રવિવારે ઍરલાઈન્સે દૈનિક ડોમેસ્ટિક તેમ જ ઈન્ટરનેશનલની કુલ ૨,૩૦૦ ફ્લાઈટમાંથી ૧,૬૫૦ ફ્લાઈટનું ઉડ્ડયન કર્યું હતું અને બાકીની

(જુઓ પાનું ૨) ▸▸

## લાખો લોકોએ કર્યો ભગવદ્ ગીતાનો પાઠ

કોલકાતાના પ્રખ્યાત બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે વિશાળ ભગવદ્ ગીતા પઠન કાર્યક્રમમાં પશ્ચિમ બંગાળ અને પડોશી રાજ્યોના સાધુઓ અને સાધ્વીઓ સહિત પાંચ લાખ ભક્તોએ ભાગ લીધો હતો. આ જાણકારી કાર્યક્રમના આયોજકોએ આપી હતી. આયોજકોએ જણાવ્યું કે ભગવા વસ્ત્રો ધારણ કરેલા સાધુઓએ કાર્યક્રમ સ્થળ પર ગીતાની નકલોમાંથી એક સ્વરમાં શ્લોકોનું પઠન કર્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર આ કાર્યક્રમમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ અને કાર્તિક મહારાજ તરીકે જાણીતા સ્વામી પ્રદિપ્તાનંદ મહારાજ અને ધીરેન્દ્ર શાસ્ત્રી સહિત અનેક અગ્રણી ધાર્મિક મહાનુભાવોએ ભાગ લીધો હતો. ■





**વાહ, શું કરતબ:**
ભરૂચમાં ગઈ કાલે હવાઈ દળે અદ્ભુત વિમાની કરતબ દેખાડ્યા હતા.(એજન્સી)

## વંદે માતરમ્: આજે સંસદમાં થશે ચર્ચા, મોદી ભાગ લેશે

નવી દિલ્હી: સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. વંદે માતરમના ૧૫૦ વર્ષ પુરા થવા પર આઠમી ડિસેમ્બરે આજે સંસદમાં એક ખાસ ચર્ચા કરવામાં આવશે. ચર્ચા દરમિયાન રાષ્ટ્રગાન સાથે સંબંધિત ઘણા મહત્વપૂર્ણ અને ઐતિહાસિક તથ્યો ગૃહમાં રજૂ કરવામાં આવશે જેના અંગે ખૂબ ઓછા લોકો જાણે છે.

લોકસભાએ સોમવારે રાષ્ટ્રગાન વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ પર ચર્ચા સૂચિબદ્ધ કરવામાં આવી છે અને ચર્ચા માટે ૧૦ કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે. ચર્ચામાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ બીજા વક્તા હશે તેવી સંભાવના છે જેમાં લોકસભામાં કોંગ્રેસના બીજા સૌથી મોટા નેતા ગૌરવ ગોગોઈ અને પ્રિયંકા ગાંધી વાડ્રા પણ ચર્ચામાં સામેલ થશે. સંસદમાં ચર્ચા બંકિમચંદ્ર ચેટરજી દ્વારા લખાયેલી કવિતા વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ પર વર્ષભર ચાલતી ઉજવણીનો એક ભાગ છે. જદુનાથ ભટ્ટાચાર્યે સંગીત આપ્યું હતું. વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે તેણે ૧૯૩૭માં ગીતમાંથી મુખ્ય પંક્તિઓ દૂર કરી અને ભાગલાના બીજ વાવ્યા હતા. સાતમી નવેમ્બરના રોજ મોદીએ વંદે માતરમના ૧૫૦મા વર્ષગાંઠની ઉજવણી માટે વર્ષભર ચાલનારા ઉજવણીઓનો પ્રારંભ કર્યો હતો, જેનો હેતુ ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓને આ ગીતના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવાનો હતો.

અધિકારીઓએ કહ્યું હતું કે ચર્ચા દરમિયાન વંદે માતરમ સંબંધિત ઘણા મહત્વપૂર્ણ અને અજાણ્યા પાસાઓ રાષ્ટ્ર સમક્ષ બહાર આવશે.'' ગૃહપ્રધાન અમિત શાહ મંગળવારે રાજ્યસભામાં ચર્ચા શરૂ કરશે અને આરોગ્ય મંત્રી અને રાજ્યસભાના નેતા જે. પી. નડ્ડા બીજા વક્તા હશે. લોકસભા મંગળવાર અને બુધવારે ચૂંટણી સુધારા પર ચર્ચા પણ હાથ ધરશે, જેમાં મતદાર યાદીઓના સુધારણાની ચાલી રહેલી પ્રક્રિયા એસઆઈઆર સહિત વિવાદાસ્પદ વિષયના તમામ પાસાઓને આવરી લેવામાં આવશે. રાજ્યસભા બુધવાર અને ગુરુવારે ચૂંટણી સુધારા પર ચર્ચા હાથ ધરશે.

પહેલી ડિસેમ્બરથી શરૂ થયેલા શિયાળુ સત્રના પહેલા બે દિવસની કાર્યવાહી એસઆઈઆર પર વિપક્ષના વિરોધને કારણે ખોરવાઈ ગઈ હતી, જેના કારણે વારંવાર કાર્યવાહી સ્થગિત કરવી પડી હતી.

## પક્ષની મરજી વિરુદ્ધ મતદાન કરવાની મળે આઝાદી: કોંગ્રેસ સાંસદે લોકસભામાં રજૂ કર્યું ખાનગી બિલ

નવી દિલ્હી: લોકસભામાં કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ મનીષ તિવારીએ વર્તમાન શિયાળુ સત્ર દરમિયાન ગૃહમાં એક પ્રાઈવેટ મેમ્બર બિલનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તિવારીના મતે બિલ અને દરખાસ્તો પર મતદાન કરતી વખતે સંસદના સભ્યો પક્ષના વિચારોના બંધનોમાંથી મુક્ત થાય. આમ થવા પર કોઈપણ સાંસદ કોઈ પણ બિલ અથવા દરખાસ્ત પર મતદાનને લઈને પાર્ટી લાઈનથી અલગ થઈને મતદાન કરી શકશે.

આ બિલનો હેતું સાંસદોને સરકારની સ્થિરતા પર અસર કરનારા બિલ અને પ્રસ્તાવો સિવાય બીજા બિલો અને પ્રસ્તાવો પર મતદાનમાં પોતાની મરજીથી મતદાન કરવાની મંજૂરી મળશે. તેનો હેતું તેમને વ્હિપથી આઝાદ કરવાનો અને સારા કાયદા બનાવવામાં પ્રોત્સાહન આપવાનો છે.

પક્ષપલટા વિરોધી કાયદામાં સુધારો કરવા માટે ગયા શુક્રવારે ખાનગી બિલ રજૂ કરનારા તિવારીએ કહ્યું હતું કે તેમનો પ્રસ્તાવિત એ જણાવવાનો પ્રયાસ કરે છે કે લોકશાહીમાં કોની પ્રાધાન્યતા છે. તે મતદાતા જેણે પોતાના પ્રતિનિધિને ચૂંટવા માટે કલાકો સુધી તડકામાં ઉભો રહે છે અથવા તે રાજકીય પક્ષના વ્હીપ પ્રતિનિધિ જે હીરો બની જાય છે.

૨૦૧૦ અને ૨૦૨૧ પછી તિવારીએ લોકસભામાં ત્રીજી વખત રજૂ કરેલા આ બિલમાં સંસદસભ્યોને વિશ્વાસ પ્રસ્તાવ, અવિશ્વાસ પ્રસ્તાવ, મુલતવી પ્રસ્તાવ, નાણાં બિલ અને નાણાકીય બાબતો સિવાયના બિલો અને દરખાસ્તો પર મતદાનમાં પોતાની મરજીથી મતદાન કરવાની આઝાદી આપવા માગે છે જે સરકારની સ્થિરતા પર અસર કરી શકે છે. તિવારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે આ બિલ વિધાનસભાના સ્તર પર અંતરાત્મા, મતવિસ્તાર અને સામાન્ય સમજ પરત લાવવા માગે છે જેથી ચૂંટાયેલા પ્રતિનિધિ ખરેખર તેમના ચૂંટાયેલા લોકોના પ્રતિનિધિ તરીકે કાર્ય કરે, નહીં કે તેમના પક્ષ દ્વારા જાહેર કરાયેલા વ્હીપના સાધન તરીકે.

બિલના ઉદ્દેશ્યો અને કારણોના નિવેદનમાં જણાવાયું છે કે તે બંધારણની દસમી અનુસૂચિમાં નીચેના મુદ્દાઓ પૂરા પાડવા માટે સુધારો કરવાનો પ્રસ્તાવ મૂકે છે - કોઈ સભ્યને ફક્ત ત્યારે જ તેનું સભ્યપદ ગુમાવવું પડશે જ્યારે તે વિશ્વાસ પ્રસ્તાવ, અવિશ્વાસ પ્રસ્તાવ, મુલતવી પ્રસ્તાવ, નાણાં બિલ અથવા નાણાકીય બાબતોના સંદર્ભમાં ગૃહમાં મતદાન કરે અથવા મતદાનથી દૂર રહે, જે તે પક્ષ દ્વારા આ સંબંધમાં જાહેર કરાયેલ કોઈપણ નિર્દેશની વિરુદ્ધ હોય અને અન્ય કોઈ કિસ્સામાં નહીં.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈન્ડિગોનો ભવાડો, પેસેન્જર્સ લૂંટાઈ ગયા પછી સરકાર જાગી

**ભારતની** સૌથી મોટી ડોમેસ્ટિક એરલાઈન્સ એવી ઇન્ડિગો એરલાઇન્સના ભવાડાએ આખા દેશને માથે લીધો છે. ઈન્ડિગો એરલાઈન્સના ભવાડા નવા નથી પણ છેલ્લા એક અઠવાડિયામાં ભવાડાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને સોમવારથી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ્સ ધડાધડ કેન્સલ થવા માંડી તેમાં પેસેન્જરોનો ખો નીકળી ગયો છે. હજારો પેસેન્જર્સ રઝળી પડ્યા અને અગાઉથી બુકિંગ કરાવ્યું હોવા છતાં નક્કી કરેલા સમયે ના પહોંચી શક્યા તેમાં પૈસાનું પાણી થઈ ગયું એ અલગ.

શનિવારથી સ્થિતિમાં સુધારો થવાની વાતો કરાઈ રહી છે છતાં શનિવારે પણ ૪૦૦ જેટલી ફ્લાઈટ્સ તો કેન્સલ થઈ જ છે. એરલાઇન્સે દાવો કર્યો છે કે, ૯૫ ટકા રૂટ પર ફ્લાઇટ કામગીરી ફરી શરૂ થઈ ગઈ છે અને ૧૩૮માંથી ૧૩૫ ડેસ્ટિનેશન માટે ફ્લાઇટ્સ રવાના થઈ ગઈ છે. આ દાવા વચ્ચે એ સમાચાર પણ છે કે, શનિવારે જ દેશના ચાર મુખ્ય એરપોર્ટ દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને બેંગલુરુ એરપોર્ટ પર અન્ય શહેરોમાંથી આવતી ૪૦૦થી વધુ ઇન્ડિગો ફ્લાઇટ્સ રદ કરવામાં આવી. બીજાં એરપોર્ટ પર પણ આ હાલત છે અને અઠવાડિયામાં ૩,૦૦૦થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે જ્યારે ચાલે છે તેમાંથી પણ દરરોજ સરેરાશ ૫૦૦ ફ્લાઇટ્સ મોડી પડી રહી છે.

આ સંજોગોમાં ફ્લાઈટ્સ રવાના થાય એ મહત્ત્વનું નથી. ફ્લાઈટ્સ સમયસર દોડે ને પેસેન્જર્સ રઝળી ના પડે એ મહત્ત્વનું છે પણ અત્યારે એવાં કોઈ લખ્ખણ દેખાતાં નથી. અત્યારે જે સ્થિતિ છે એ પ્રમાણે, હજારો પેસેન્જર્સ અટવાયેલા છે અને પોતાના ઘરે પહોંચવા માટે અથડાઈ કૂટાઈ રહ્યા છે. ટ્રેન, બસ, ટેક્સી કે બીજી ફ્લાઈટમાંથી જે મળે એ પકડીને ઘરભેગા થવા હવાતિયાં મારી રહ્યા છે પણ મેળ પડતો નથી. કેન્દ્રે સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવા સહિતનાં પગલાં ભરતાં કેટલાક પેસેન્જર્સને રાહત થશે પણ અંધાધૂંધી ખતમ નહીં થઈ જાય. ઈન્ડિગોએ પોતે આ વાત સ્વીકારીને કહ્યું છે કે, ફ્લાઇટ ઓપરેશન સામાન્ય થવામાં ૧૫ ડિસેમ્બર સુધીનો સમય લાગશે.

ઈન્ડિગોનો ભવાડો ભારતમાં પોપાબાઈનું રાજ ચાલે છે તેનો વધુ એક નાદાર નમૂનો છે. આ ભવાડા માટે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન ડીજીસીએ દ્વારા ૧ નવેમ્બરથી પાઇલટ અને અન્ય ક્રૂ મેમ્બર્સના કામ સંબંધિત નિયમોમાં કરાયેલા ફેરફારોને કારણભૂત ગણાવાય છે. નવા નિયમો પ્રમાણે, કેન્દ્ર સરકારે તમામ પાઇલટ અને ક્રૂ મેમ્બર્સને પૂરતો આરામ મળે એ માટે અઠવાડિયામાં એક રજા ફરજિયાત કરી દીધી છે. તેના કારણે એરલાઇન કંપનીઓમાં પાઇલટો અને ક્રૂ મેમ્બર્સની અચાનક અછત સર્જાઈ. ઈન્ડિગો સૌથી મોટી ડોમેસ્ટિક એરલાઈન્સ હોવાથી તેને સૌથી મોટો ફટકો પડી ગયો.

ઈન્ડિગોની ફ્લાઈટ્સમાં સમસ્યાઓ સર્જાય ને મોડી પડે કે કેન્સલ થાય એ નવી વાત નથી. તેનાં કારણો અલગ અલગ છે પણ સરકારે પાઇલટ્સ અને ક્રૂ મેમ્બર્સને પૂરતો આરામ નથી મળતો એ કારણ જ જવાબદાર છે એમ માનીને નિયમો બનાવી દીધા. વાસ્તવમાં ઈન્ડિગો બેફામ ફ્લાઈટ્સ ચલાવે છે તેના કારણે તેનાં પ્લેન્સનું મેન્ટેનન્સ નથી થતું તેથી નાની ટેકિનકલ ખામીઓ સર્જાય છે પણ તેને નજર અંદાજ કરી દેવાઈ છે. આ સંજોગોમાં ક્રૂ મેમ્બર્સને આરામની સાથે સાથે બીજા સેફ્ટી નિયમોનું કડક પાલન પણ જરૂરી છે પણ એ થતું નથી.

બીજું એ કે, સરકારે ૧ નવેમ્બરથી નિયમોનું પાલન ફરજિયાત બનાવ્યું પણ ઈન્ડિગો એ દિશામાં કશું કરી રહીં છે કે નહીં તેનું ચેકિંગ ના કર્યું. ઈન્ડિગો ધડાધડ બુકિંગ કરી રહી હતી ને તેને રોકવાની જરૂર હતી પણ એવું કશું કર્યું નહીં તેમાં પેસેન્જર્સની હાલત બગડી ગઈ. અત્યારે પણ ઈન્ડિગોને દંડવાના બદલે નવા નિયમોના પાલનમાં તેને ફેબ્રુઆરી સુધીની છૂટ આપી દેવાઈ છે.

ઈન્ડિગોના ભવાડાનો બીજી એરલાઈન્સે ભરપૂર લાભ લીધો અને બિચારા ગ્રાહકોને વગર સાબુએ મૂંડી નાખ્યા. ગ્રાહકોની ગરજનો લાભ કેવો ઉઠાવાયો તેનો અંદાજ એ વાત પરથી જ આવે કે, અમદાવાદથી મુંબઈની ફ્લાઈટનું ભાડું ૩૫ હજારને પાર થઈ ગયું કે જે સામાન્ય રીતે બે-ત્રણ હજાર રૂપિયા હોય છે ને દિલ્હીનું ભાડું ૫૦ હજારને પાર પહોંચી ગયું કે જે સામાન્ય રીતે ચારેક હજાર હોય છે. ઈન્ડિગોની ફ્લાઈટ્સ કેન્સલ થઈ તેમાં ભેરવાયેલા લોકોને ઘર પહોંચવા માટે ઉંચાં ભાડાં આપ્યા વિના છૂટકો નહોતો તેથી બધી એરલાઈન્સે ધડાધડ નોટો છાપી લીધી.

આ ઉઘાડી લૂંટ ચાલતી હતી ત્યારે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર ઘોરતી હતી અથવા આંખ આડા કાન કરીને બેઠેલી ને હવે સરકારે કેટલાં ભાડાં લઈ શકાય એ માટે ફતવો બહાર પાડ્યો છે. સરકારના ફતવા પ્રમાણે હવે ૫૦૦ કિમી સુધીના વિમાની મુસાફરી માટે ૭,૫૦૦ રૂપિયાથી વધારે ભાડું નહીં લઈ શકાય જ્યારે ૫૦૦થી ૧,૦૦૦ કિમી માટે મહત્તમ ભાડું રૂપિયા ૧૨,૦૦૦ હશે. ૧,૦૦૦થી ૧,૫૦૦ કિમી માટે રૂપિયા ૧૫,૦૦૦ અને ૧,૫૦૦ કિમીથી વધુની ફ્લાઇટ માટે મહત્તમ રૂપિયા ૧૮,૦૦૦ ભાડું રહેશે.

કેન્દ્રનો ફતવો અંધેર અને બિનકાર્યક્ષમ વહીવટનો નાદાર નમૂનો છે. અન્ય એરલાઇન્સે કરી લુચ્ચાઈ અને નફાખોરી સામે સરકાર સાવ ચૂપ છે. કેન્દ્રનું પગલું ઘોડા છૂટી ગયા પછી તબેલાંને તાળાં મારવા જેવું છે કેમ કે ખરી જરૂર તો પહેલા દિવસથી જ ભાડાંની મર્યાદા નક્કી કરી દેવાની હતી પણ સરકારમાં બેઠેલા શાણા માણસોને એ ના સૂઝ્યું તો કંઈ નહીં, હજુ મોડું થયું નથી ને સરકાર લાલ આંખ કરીને હજુ દાખલો બેસાડી શકે છે.

સૌથી પહેલાં તો સરકારે ઇન્ડિગોના ગેરવહીવટના કારણે સર્જાયેલી અંધાધૂંધીનો ગેરલાભ લઈને ભાડામાં ૧૦ ગણો વધારો કરી દેનારી અન્ય એરલાઇન્સ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ અને તેમણે ચલાવેલી લૂંટનો માલ ઓકાવીને લૂંટાયેલા ગ્રાહકોને વધારાની રકમ પાછી અપાવવી જોઈએ પણ સરકાર નથી બીજી એરલાઈન્સ સામે કોઈ કાર્યવાહી કરી રહી કે નથી આ વધારાની રકમ ગ્રાહકોને પાછી અપાવવા કશું કરી રહી. જે ફતવા બહાર પડાઈ રહ્યા છે એ હવે પછી શું તેના છે પણ અત્યારે જે ચાલી રહ્યું છે એ માટે કશું નથી.


કેન્દ્ર સરકારનું આ વલણ આઘાતજનક કહેવાય. આ વલણ એ વાતનો પુરાવો છે કે, આ દેશમાં મિડલ ક્લાસની કોઈ કિંમત જ નથી ને તેનાં હિતોની જાળવણીની કોઈને પડી નથી. એ લૂંટાતો હોય તો ભલે લૂંટાય ને મરતો હોય તો મરે, કોઈ ચિંતા કરવાની જરૂર નથી કેમ કે હિંદુત્વ ને વિકાસની ગળચટ્ટી વાતો ચાટી ચાટીને માનસિક રીતે નપુંસક થઈ ગયેલો મિડલ ક્લાસ કશું કરી શકવાનો નથી. બહુ બહુ તો સોશ્યલ મીડિયા પર પોતાના નામ વિના બે પોસ્ટ મૂકશે કે પછી કોઈએ પોસ્ટ મૂકી હશે તેને લાઈક કરીને સંતોષ માનીને બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી જશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ, સોમવાર, તા. ૮-૧૨-૨૦૨૫

- ભારતીય દિનાંક ૧૭, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૪
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૮મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રિ પછી ક. ૨૬-૫૨ સુધી (તા. ૯), પછી આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૩, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૩-૫૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૫૪ (તા. ૯)
- ઓટઃ સવારે ક. ૦૮-૨૪, રાત્રે ક. ૨૦-૦૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ – ચતુર્થી. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, વિશેષરૂપે શનિ-ચંદ્ર-ગુરુ દેવતાનું પૂજન, શિવરુદ્રાભિષેક, પીપળાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સ્વપનદષ્ટા, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. ૯)
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.



**વિકાસની વાટેઃ** ગઈ કાલે અનેક વિકાસકાર્યોની શરૂઆત કરાવતા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ.(એજન્સી)

# ગોવા નાઈટક્લબના મૃતકોના પરિવારજનોની શબઘરની બહાર ભીડ

પણજીઃ ગોવામાં નાઇટક્લબમાં લાગેલી ભીષણ આગનો ભોગ બનેલા લોકોના પરિજનો અને પરિચિતો રવિવારના રોજ એક સરકારી હોસ્પિટલના શબઘરની બહાર એકઠા થઇને તેમના પ્રિયજનો વિશે માહિતી મેળવવા માટે ચિંતા સાથે રાહ જોઇ રહ્યા હતા.

ઝારખંડના એક ગામના કેટલાક રહેવાસીઓએ જણાવ્યું કે તેઓ મૃતદેહો સ્વીકારશે નહીં અને નાઇટક્લબના માલિકને મૃતદેહો ઘરે પાછા લઇ જવાની વ્યવસ્થા કરવાની માગ કરી હતી. તેમણે વધુમાં કહ્યું કે તેમના પરિવારના ચાર સભ્યો ઉત્તર ગોવાના અરપોરામાં નાઇટક્લબમાં હેલ્પર અને રસોઇયા તરીકે કામ કરતા હતા.

ઝારખંડના મજૂરોનું એક ટોળું સવારથી પણજી પાસે ગોવા મેડિકલ કોલેજ અને હોસ્પિટલ(જીએમસીએચ)ના શબઘરની બહાર તેમના સંબંધીઓ વિશે માહિતી મેળવવા માટે રાહ જોઇને બેઠું હતું. ગોવા પોલીસના કર્મચારીઓ બર્ચ બાય રોમિયો લેન નાઇટક્લબમાં આગ લાગવાની દુઃખદ ઘટના બાદ શબઘરમાં રાખવામાં આવેલા મૃતદેહોની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જેમાંથી કેટલાક મૃતદેહો બળી ગયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર મૃતકોમાં સાત લોકોની ઓળખ હજુ સુધી થઇ શકી નથી. અરપોરામાં એક જગ્યાએ સુરક્ષા ગાર્ડ તરીકે કામ કરતાં ઝારખંડના નંદલાલ નાગે જણાવ્યું કે આગમાં મૃત્યુ પામેલા લોકોમાં તેમના ગામના ચાર લોકો હોવાની આશંકા છે.

# જાપાન અને ચીન વચ્ચે ટેન્શન વધ્યુંઃ ઑસ્ટ્રેલિયાએ શાંતિની અપીલ કરી

ટોક્યોઃ તાજેતરમાં જાપાની નેતાની તાઇવાન અંગેની ટિપ્પણીથી ટોક્યો અને બેઇજિંગ વચ્ચે તણાવ વધ્યો હતો. જેના એક મહિના બાદ ચીનના લશ્કરી વિમાનોએ જાપાની ફાઇટર જેટ પર રડાર લૉક કરી દીધા હતા. આ ઘટના બાદ રવિવારે જાપાન અને ઑસ્ટ્રેલિયાએ શાંતિ જાળવવાની અપીલ કરી હતી. સંરક્ષણ પ્રધાન શિંજીરો કોઇઝુમીએ જણાવ્યું કે જાપાને આ ઘટનાનો ઔપચારિક રીતે વિરોધ કર્યો છે. તેને ખૂબ જ ખેદજનક અને ખતરનાક કૃત્ય ગણાવ્યું છે. જે સુરક્ષિત વિમાન સંચાલન માટે જરૂરી ક્ષેત્રની બહાર હતું. કોઇઝુમીએ કહ્યું કે અમે ચીની પક્ષ સામે આકરો વિરોધ નોંધાવ્યો છે અને કડક નિવારણ પગલાંની માંગ કરી છે.

જાપાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે ચીનના લશ્કરી વિમાન જે-૧૫એ શનિવારના રોજ દક્ષિણ ટાપુ ઓકિનાવા નજીક ચીની કેરિયર લિયાઓનિંગથી ઉડાન ભરી હતી અને શનિવારે બે વખત લગભગ ૩૦ મિનિટ માટે જાપાની એફ-૧૫ જેટને રડારે લૉક કરી દીધા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે જાપાન અને ચીન વચ્ચેના સંબંધો ત્યારે વધુ વણસ્યા હતા જ્યારે જાપાનના વડા પ્રધાન સાને તાકાઇચીએ નવેમ્બરની શરૂઆતમાં કહ્યું હતું કે જો ચીન તાઇવાન સામે કાર્યવાહી કરશે તો તેની સેના તેમાં સામેલ થઇ શકે છે.

જાપાન અને ઓસ્ટ્રેલિયાના સંરક્ષણ પ્રધાનોએ રવિવારે ટોક્યોમાં તેમની સુનિશ્ચિત વાટાઘાટો કરી હતી. તેમણે હાલની ઘટના અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ઓસ્ટ્રેલિયાના સંરક્ષણ પ્રધાન રિચર્ડ માર્લેસે રવિવારે કોઇઝુમી સાથે વાતચીત બાદ એક સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું કે અમે છેલ્લા ૨૪ કલાકમાં ચીનની કાર્યવાહીથી ખૂબ જ ચિંતિત છીએ. ચર્ચાઓ સુરક્ષિત અને વ્યાવસાયિક રહેવાની અમને આશા છે.

# પેપર સ્પ્રેથી હુમલાને પગલે હિથ્રો ઍરપોર્ટ બંધ કરાયું

લંડનઃ ઉગ્ર દલીલબાજી બાદ એક વ્યક્તિએ જૂથના લોકો પર મરી પાઉડર (પેપર સ્પ્રે)થી હુમલો કર્યા બાદ લંડનનું હિથ્રો ઍરપોર્ટ રવિવારે થોડાક સમય માટે બંધ કરી દેવામાં આવ્યું હતું.

આરોપી વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હોવાનું જણાવતાં પોલીસે કહ્યું હતું કે આ ઘટનાને આતંકવાદી હુમલો ગણવામાં નથી આવી.

જૂથના લોકો વચ્ચે ઉગ્ર દલીલ થયા બાદ યુરોપના સૌથી વ્યસ્ત લેખાતા હિથ્રો ઍરપોર્ટના ટર્મિનલ-થ્રીના બહુમાળી પાર્કિંગમાં આ ઘટના બની હતી. ઘટનાનો ભોગ બનેલા ૨૧ જને ઘટનાસ્થળે સારવાર આપી જવા દેવામાં આવ્યા હતા તો પાંચ જણને હૉસ્ટિપલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાને મામલે પાંચ શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. ઈજાગ્રસ્તોમાંથી કોઈની પણ હાલત ગંભીર ન હોવાનું પોલીસે કહ્યું હતું. (એજન્સી)

# આફ્રિકન દેશ બેનિનમાં બળવો નિષ્ફળ બનાવાયો

કોટોનોઃ પશ્ચિમ આફ્રિકન દેશ બેનિનમાં રવિવારે બાંગ્લાદેશની જેમ બળવો થવાનો હતો. બેનિનમાં રવિવારે જાહેર કરવામાં આવેલા બળવાને નિષ્ફળ કરવામાં આવ્યો હોવાનું ગૃહ પ્રધાને જણાવ્યું હતું. આ જાણકારી પ્રધાને ફેસબુક પર એક વીડિયોમાં આપી હતી. અલાસેન સેઇદોઉએ જણાવ્યું કે રવિવાર, ૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે સૈનિકોના એક નાના જૂથે રાજ્ય અને તેની સંસ્થાઓને અસ્થિર કરવાના ઉદ્દેશ્યથી બળવો શરૂ કર્યો હતો. આ પરિસ્થિતિનો સામનો કરતાં બેનિનનાં સશસ્ત્ર દળો અને તેમનું નેતૃત્વ શપથ અનુસાર રિપબ્લિક પ્રત્યે પ્રતિબદ્ધ રહ્યા હતા. સૈનિકોનું એક જૂથ રવિવારે બેનિનના રાષ્ટ્રીય ટેલિવિઝન પર બળવામાં સરકારને ઉથલાવી દેવાની જાહેરાત કરવા માટે આવ્યું હતું. જે પશ્ચિમ આફ્રિકામાં થયેલા અનેક બળવામાં નવીનતમ ઘટના હતી. પોતાને મિલિટરી કમિટી ફોર રિફાઉન્ડેશન તરીકે ઓળખાવતા એક જૂથે રાષ્ટ્રપતિ અને સરકારી સંસ્થાઓને હટાવવાની જાહેરાત કરી હતી. સૈનિકોએ જણાવ્યું કે લેફ્ટનન્ટ કર્નલ પાસ્કલ ટિગરીને મિલિટરી કમિટીના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## પહેલા પાનાનું ચાલુ

### ગોવાની નાઈટકલબમાં

ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કર્યો હોવા ઉપરાંત સ્ટાફના ચાર સભ્યની ધરપકડ કરવામાં આવી હતી. ક્લબના માલિક સૌરભ અને ગૌરવ લૂથરાની પણ જલદી જ ધરપકડ કરવામાં આવશે. ઘટનાને મામલે અર્પોરા-નાગોઆ પંચાયતના સરપંચ રોશન રેડકારને અટકાયતમાં લેવામાં આવ્યો હોવાનું પણ વરિષ્ઠ પોલીસ અધિકારીએ રવિવારે કહ્યું હતું.

ઘટનાને મામલે મેજિસ્ટ્રેટ તપાસનો આદેશ આપી દીધો છે તેમ જ નિયમોનો ભંગ કરીને ક્લબ ચલાવવાની પરવાનગી આપનાર અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાનો પણ આદેશ આપી દેવામાં આવ્યો હોવાનું ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવતે રવિવારે કહ્યું હતું.

એક અધિકારીએ દાવો કર્યો હતો કે બાંધકામ ગેરકાયદે હતું પરંતુ ક્લબને આપવામાં આવેલી ડિમોલિશેનની નોટિસનો અમલ ઉચ્ચ અધિકારી દ્વારા રોકવામાં આવ્યો હતો. ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંતે સલામતીનાં ધોરણોનું ઉલ્લંઘન છતાં તેને ચલાવવા દેનારા અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

પોલીસે જણાવ્યું હતું કે મૃતકોમાં ચાર પર્યટક અને ૧૪ સ્ટાફ સભ્યોનો સમાવેશ થાય છે, જ્યારે બાકીના સાત લોકોની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સહિત અન્ય લોકોએ જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આગ પહેલા માળે લાગી હતી અને ભીડ અને નાના દરવાજાને કારણે કસ્ટમર બહાર નીકળી શક્યા ન હતા. મુખ્યપ્રધાન સાવંતે કહ્યું હતું કે કેટલાક લોકો ગ્રાઉન્ડ ફ્લોર પર દોડી ગયા અને ત્યાં ફસાઈ ગયા હતા. સાવંતે કહ્યું હતું કે અમે ક્લબ મેનેજમેન્ટ અને સલામતીના ધોરણોનું ઉલ્લંઘન કરવા છતાં તેને ચલાવવા દેનારા અધિકારીઓ સામે કાર્યવાહી કરીશું. તેમણે ઉમેર્યું કે, નાઈટક્લબના માલિક અને જનરલ મેનેજર સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો છે અને તેમની ધરપકડ કરવામાં આવશે. દરિયાકાંઠાના રાજ્યમાં પ્રવાસન સીઝન રમિયાન આ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે. અમે મેજિસ્ટ્રેટ દ્વારા ઘટનાની વિગતવાર તપાસ કરીશું અને દોષિતો સામે કડક પગલાં લેવામાં આવશે.

રાજ્ય પોલીસે શરૂઆતમાં કહ્યું હતું કે આગ સિલિન્ડર બ્લાસ્ટને કારણે લાગી હતી, જ્યારે કેટલાક પ્રત્યક્ષદર્શીઓએ દાવો કર્યો હતો કે આગ ક્લબના પહેલા માળે લાગી હતી જ્યાં પ્રવાસીઓ ડાન્સ કરી રહ્યા હતા.

નાઈટક્લબ અરપોરા નદીના બેકવોટરમાં આવેલું છે અને તેમાં પ્રવેશ અને બહાર નીકળવાનો રસ્તો સાંકડો છે. સાંકડી ગલીઓને કારણે ફાયર બ્રિગેડ માટે ક્લબમાં જવાનો કોઈ રસ્તો નહોતો અને તેમના ટૅન્કરો સ્થળથી લગભગ ૪૦૦ મીટર દૂર પાર્ક કરવા પડતા હતા. ફાયર અને ઇમરજન્સી સર્વિસીસના એક વરિષ્ઠ અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે સાંકડી ગલીને કારણે સ્થળ સુધી પહોંચવું મુશ્કેલ બન્યું હતું, જેના કારણે આગ પર કાબૂ મેળવવો એક પડકારજનક કાર્ય બની ગયું હતું. તેમણે કહ્યું કે મોટાભાગના મૃત્યુ ગૂંગળામણને કારણે થયા હતા કારણ કે પીડિતો ગ્રાઉન્ડ ફ્લોર પર ફસાયેલા રહ્યા હતા.

### ખૂબ દુઃખ થયુંઃ પીએમ

ગોવામાં એક નાઈટક્લબમાં લાગેલી આગની ઘટના બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ગોવાના મુખ્યપ્રધાન પ્રમોદ સાવંત સાથે વાતચીત કરી હતી અને ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું. આ આગની ઘટનામાં ૨૫ લોકોના મોત થયા હતા. વડા પ્રધાન મોદીએ 'એક્સ' પર એક પોસ્ટમાં લખ્યું હતું કે ગોવાના અરપોરામાં બનેલી આગની દુર્ઘટના ખૂબ જ દુઃખદ છે. મારા સંવેદના તે બધા લોકો સાથે છે જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે. ઘાયલો જલદી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના.

વડા પ્રધાને કહ્યું કે મે ગોવાના મુખ્યપ્રધાન ડો. પ્રમોદ સાવંત સાથે પરિસ્થિતિને લઈને વાત કરી હતી. રાજ્ય સરકાર અસરગ્રસ્તોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડી રહી છે. પીએમઓએ એક અલગ નિવેદનમાં કહ્યું હતું કે ગોવાના અરપોરામાં બનેલી દુર્ઘટનામાં પ્રત્યેક મૃતકના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ તરફથી બે લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે.

### ઈન્ડિગોએ

૬૫૦ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી, એમ ઍરલાઈન્સ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

૧૦ ડિસેમ્બર સુધીમાં સેવા પૂર્વવત્ થઈ જવાની અપેક્ષા હોવાનું ઍરલાઈન્સે જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે એવિયેશન નેટવર્ક ઝડપથી સંપૂર્ણ સામાન્ય તરફ આગળ વધી રહ્યું છે અને ઓપરેશન સંપૂર્ણપણે સ્થિર ન થાય ત્યાં સુધી તમામ સુધારાત્મક પગલાં લાગુ રહેશે. શનિવારે સરકારે એરલાઇનને રવિવાર સાંજ સુધીમાં રદ થયેલી ફ્લાઇટ્સ માટે ટિકિટ રિફન્ડ પ્રક્રિયા પૂર્ણ કરવાનો અને આગામી બે દિવસમાં મુસાફરોથી અલગ કરાયેલા સામાન પહોંચાડવાનો નિર્દેશ આપ્યો હતો.

### સંસદીય સમિતિ ઈન્ડિગોના મોટા માથાંઓને બોલાવી શકે છે

ઈન્ડિગો ઍરલાઈન્સની ફ્લાઈટનાં ઉડ્ડયન મોટા પ્રમાણમાં રદ કરવાને કારણે સર્જાયેલી પરિસ્થિતિને લીધે હજારો પ્રવાસીઓ દેશભરના ઍરપોર્ટ પર અટવાઈ જતાં તેમને વેઠવી પડેલી હાલાકીને ધ્યાનમાં રાખીને સંસદીય સમિતિ ખાનગી ઍરલાઈન્સ અને નાગરિકી ઉડ્ડયન ખાતાના ટોચના અધિકારીઓને સમન્સ પાઠવે તેવી શક્યતા છે.

જેડી (યુ)ના નેતા સંજય ઝાના અધ્યક્ષપદ હેઠળની ટ્રાન્સપોર્ટ, ટૂરિઝમ ઍન્ડ કલ્ચર અંગેની પાર્લામેન્ટરી સ્ટેન્ડિંગ કમિટી ઍરલાઈન્સ, ડિરેક્ટર જનરલ ઑફ સિવિલ એવિયેશન (ડીજીસીએ) અને નાગરિકી ઉડ્ડયન ખાતાના ટોચના અધિકારીઓ પાસેથી વિમાનસેવા ખોરવાઈ જવાનાં કારણો અને તેના સંભવિત ઉકેલની માગણી કરે તેવી શક્યતા છે.

### દોષીઓને નહીં છોડાયઃ સરકાર

ઈન્ડિગો ઍરલાઈન્સની વર્તમાન કટોકટીને કારણે હજારો પ્રવાસીઓએ માનસિક ત્રાસ વેઠવો પડ્યો હોવાનું જણાવતાં કેન્દ્રના રાજ્ય કક્ષાના નાગરિકી ઉડ્ડયન ખાતાના પ્રધાન મુરલીધર મોહોલે રવિવારે કહ્યું હતું કે આ માટે જવાબદાર લોકોને શોધી કાઢી તેમની વિરુદ્ધ પગલાં લેવામાં આવશે.

મંગળવારથી અત્યાર સુધીમાં ઈન્ડિગો ઍરલાઈન્સે તેની ૨,૦૦૦ કરતાં પણ વધુ ફ્લાઈટ રદ કરી હોવાને લીધે હજારો પ્રવાસીઓ દેશના વિવિધ ઍરપોર્ટ પર અટવાઈ ગયા છે અને તેમણે ભારે માનસિક પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. નિર્માણ પામેલી વર્તમાન પરિસ્થિતિનું કારણ શોધી કાઢી જવાબદારી નક્કી કરવા ડીજીસીઈએ આ મામલે તપાસ યોજવા ચાર સભ્યની એક કમિટીને રચના કરી છે. (એજન્સી)

# ઑપરેશન સિંદૂરમાં લશ્કર ઘણું કરી શકે એમ હતું, પણ... : રાજનાથ સિંહ

લેહઃ ભારતીય સેના ઓપરેશન સિંદૂર દરમિયાન ઘણું વધારે કરી શકે તેમ હતી. પરંતુ તેણે ઇરાદાપૂર્વક 'સંયમ' સાથે જવાબ આપ્યો હતો અને જે જરૂરી હતું તે કર્યું હતું, એમ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે રવિવારે જણાવ્યું હતું. દેશના વિવિધ ભાગોમાં બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશન(બીઆરઓ)ના રેકોર્ડ ૧૨૫ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરનારા રાજનાથ સિંહે ભારપૂર્વક જણાવ્યું કે સારી ક્નેક્ટિવિટીએ ખાસ કરીને સરહદી વિસ્તારોમાં સફળ લશ્કરી ઓપરેશનને શક્ય બનાવ્યા છે.

રાજનાથ સિંહે કહ્યું કે અમારા સતત પ્રયાસ લદાખ સહિત તમામ સરહદી વિસ્તારો સાથે સંચાર અને જોડાણને મજબૂત બનાવવાના રહ્યા છે. અમે દરેક સરહદી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ. સંરક્ષણ ઉત્પાદન વર્ષ ૨૦૧૪ના રૂ. ૪૬,૦૦૦ કરોડથી વધીને રૂ. ૧.૫૧ લાખ કરોડ પર પહોંચી ગયું હોવાનું સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે રવિવારે કહ્યું હતું. સંરક્ષણ સાધનો માટે એક સમયે આયાત પર આધાર રાખતું ભારત સંરક્ષણ સાધનોના ઉત્પાદક અને નિકાસકાર દેશ તરીકે ઊભરી રહ્યો છે. એક સમયે ભારત પાસે સંરક્ષણ ઉપકરણો અને શસ્ત્રોનું સ્થાનિક સ્તરે ઉત્પાદન કરવાની યોગ્ય યંત્રણા નહોતી, પરંતુ છેલ્લા દસ વર્ષના સતત પ્રયાસને કારણે આ મામલે ધરમૂળથી પરિવર્તન આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું. વર્ષ ૨૦૧૪માં દેશમાં સંરક્ષણ સાધનો અને ઉપકરણોનો ઉત્પાદન આંક રૂ. ૪૬,૦૦૦ કરોડ હતો જે છેલ્લા ૧૦ વર્ષમાં વધીને રૂ. ૧.૫૧ લાખ કરોડ પર પહોંચી ગયો છે, એમ તેમણે કહ્યું હતું. ૧૦ વર્ષ અગાઉ દેશની સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ ૧,૦૦૦ કરોડની હતી જે હાલ વધીને રૂ. ૨૪,૦૦૦ કરોડ થઈ ગઈ છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે અમદાવાદમાં અનેક પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પ્રવાસે આવેલા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિતભાઈ શાહે અમદાવાદને અનેકવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ ધરી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂ.૧૫૦૭ કરોડના વિવિધ પ્રજાલક્ષી વિકાસના પ્રકલ્પોના લોકાર્પણ તેમ જ ખાતમુહૂર્ત કર્યા હતા. જેમાં ગોતા ખાતે સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, વસ્ત્રાપુર તળાવનો સમાવેશ થાય છે.

આ પ્રકલ્પોમાં દેવનગર ખાતે નિર્માણ પામનાર મીની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ખાતમુહૂર્ત સહિત વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ, ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે મુખ્ય મંત્રી ગૃહયોજના હેઠળ નિર્માણ પામેલાં ૪૬૫ આવાસો અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલાં ૧,૫૭૩ આવાસોનો ડ્રો પણ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવી નિમણૂંક પામેલ ૧૦૨ સહાયક ફાયરમેનને નિમણૂંક પત્ર એનાયત કરાયા હતા.

આ સાથે શાહે વિવિધ વિકાસ પ્રકલ્પો પ્રજાને અર્પણ કરતા જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્ય પ્રધાન અને હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં શરૂ કરેલ ખેલ મહાકુંભની યાત્રા આજે દેશમાં ખેલો ઇન્ડિયા થકી આગળ વધી છે. જેના દ્વારા અનેક ખેલાડીઓ તેમના શરીર અને મનને મજબૂત કરી રહ્યા છે. જીતવાનું ઝનૂન અને હારમાં નિરાશ નહિ થવાના સંસ્કાર પણ ખેલકૂદથી મળી રહ્યા છે.

શાહે જણાવ્યું હતું કે વિશ્વનુ સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમની બાજુમાં સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ બનવા સાથે સ્પોર્ટ્સ ક્ષેત્રે અનેક સુવિધાઓ થકી કોમનવેલ્થ ૨૦૩૦ની યજમાની અમદાવાદને મળી છે, સાથે આગામી ૨૦૨૯માં દુનિયાભરના પોલીસ અને ફાયર બ્રિગેડ જવાનોની રમત અને ૧૩ જેટલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ સાથે ૨૦૩૬ ઓલમ્પિક માટે અમદાવાદે તૈયારી કરી છે. આ સાથે સમગ્ર વિશ્વના નકશામાં અમદાવાદ ખેલક્ષેત્રે અગ્રિમ સ્થાન પર અંકિત થઈ રહ્યું છે.

૧૫૦૦ કરોડથી વધુ વિકાસના કામો માટે રાજ્યના મુખ્ય પ્રધાન સહિત સરકારનો આભાર માનતા શાહે જણાવ્યું હતું કે, આ કામો વિકાસના બજેટમાં ઉમેરાવાના છે, વિકાસનો કોઇ આયામ છુટી ન જાય તેની કાળજી રાખી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ વિકાસયાત્રા ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ ધપાવી રહ્યા છે.

તેમણે અયોધ્યા રામ મંદિર નિર્માણ અંગે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૯માં ભૂમિપૂજન, ૨૦૨૪માં પ્રાણ પ્રતિષ્ઠા અને ૨૦૨૫માં ધ્વજ લહેરાવી ગૌરવપુર્ણ કાર્ય દેશના વડા પ્રધાનના નેતૃત્વમાં થયું છે, સાથે સીતા માતાનો જન્મ થયો તે સ્થળે પણ ભૂમિપૂજન કરી આ યાત્રાને આગળ ધપાવવાનું કામ થઇ રહ્યું છે.

ગુજરાતના વિવિધ વિકાસ માઈલસ્ટોન વિશે વાત કરતા અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક ગુજરાતમાં સાકાર થવા જઈ રહ્યો છે. એશિયાનું સૌથી મોટું ગ્રીનફિલ્ડ સિટી ધોલેરા ગુજરાતમાં નિર્માણ પામી રહ્યું છે. ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ હાઈવે સુરત-ચેન્નઈ હાઇવે ગુજરાતમાંથી પસાર થઈ રહ્યો છે. દેશની સૌથી પહેલી ફાઇનાન્સ ટેક્સ સિટી ગિફ્ટ સિટી ગુજરાતમાં નિર્માણ પામી છે. પહેલી બુલેટ ટ્રેન અમદાવાદ મુંબઈ વચ્ચે શરૂ થવાની છે તથા પહેલી નમો રેપીડ રેલ ભુજથી અમદાવાદ વચ્ચે શરૂ થઈ છે.

કાર્યક્રમ અંતર્ગત લોકાર્પણ અને ખાતમુહૂર્ત થનાર આવાસો વિશે જણાવીને મુખ્ય પ્રધાનએ કહ્યું કે અમિત શાહે હંમેશાં લોંગ ટર્મ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પર ભાર મૂક્યો છે. તેમના સક્રિય પ્રયાસોના પરિણામે ગાંધીનગર લોકસભા મતવિસ્તાર હરિયાળો મતવિસ્તાર બન્યો છે. શહેરી વિસ્તાર જ ૮% જેટલું ગ્રીન કવર વધ્યું છે. મિયાવાકી પદ્ધતિથી અર્બન ફોરેસ્ટ નિર્માણ કરવામાં આવ્યું છે.

કોમનવેલ્થ ગેમ્સના લીધે અમદાવાદ શહેરમાં વિકાસની ગતિ બમણી થશે. આવનાર દિવસોમાં વિશ્વ કક્ષાના અનેક નવા પ્રકલ્પો સાકાર થશે અને અમદાવાદ દેશના સ્પોર્ટસ કેપિટલ તરીકે પ્રસ્થાપિત થશે એવો વિશ્વાસ મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલે વ્યક્ત કર્યો હતો.

દરમિયાન શાહ ગુજરાતનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલનાં પુસ્તક ચુનૌતીયા મુજે પસંદ હૈના વિમોચનના કાર્યક્રમમાં પણ હાજર રહ્યા હતા.

# ભરૂચમાં પ્રથમ વખત ઍર-શોઃ સારંગ અને આકાશગંગા ટીમના કરતબો જોવા લોકો ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ જિલ્લામાં રવિવારે પહેલો એર-શો ભવ્ય રીતે શરૂ થયો હતો. નેશનલ હાઇવે પર આવેલા અમરતપુરા હવાઈ પટ્ટી ખાતે સવારે ૯.૩૦ વાગ્યે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો અને શરૂઆતથી જ મોટી સંખ્યામાં લોકો ઍર-શો જોવા ઉમટી પડ્યા હતા. ભારતીય વાયુસેનાના મકરપુરા એરફોર્સ સ્ટેશનની ટીમ દ્વારા આયોજિત આ શોમાં સારંગ હેલિકૉપ્ટર ટીમ અને આકાશગંગા સ્કાય ડાઈવર્સ ટીમના શૌર્ય અને કૌશલ્યનું જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ભરૂચમાં વાયુસેનાનો ઍર-શો પ્રથમ વખત યોજાઈ રહ્યો હોવાથી જનતા તેમજ યુવાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે વિવિધ પ્રકારના એરો મોડલ્સનું નિર્દશન, હેલિકોપ્ટરોની ફોર્મેશન ફ્લાઈટ, અને સ્કાય ડાઈવર્સનો ઉતરાણ જેવી રોમાંચક સ્પર્ધાઓ સતત રજૂ કરી હતી.

આકાશગંગા ટીમના જવાનો વિમાનમાંથી પેરાશુટની મદદથી સલામત અને સચોટ ઉતરાણ કરે છે તે દૃશ્યો લોકોએ તાળીઓથી વધાવ્યા હતા. બીજી તરફ મોરપીંછના રંગોથી સજ્જ સારંગ ટીમના હેલિકૉપ્ટરોના સુમેળબદ્ધ કરતબોએ દર્શકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.

આ ઍરો શોનું મુખ્ય ઉદ્દેશ્ય યુવાઓમાં ભારતીય વાયુસેનાની કામગીરી અને ક્ષમતા અંગે જાગૃતિ લાવવાનું તથા તેમને દેશસેવામાં જોડાવા પ્રેરિત કરવાનો હતો. શો માટે શનિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન રિહર્સલ યોજાઈ હતી, જેમાં ચાર હેલિકૉપ્ટરો દ્વારા કરતબો અને આકાશગંગા ટીમ દ્વારા સ્કાય ડાઈવિંગનું અભ્યાસપ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ રિહર્સલ નિહાળવા ૫૦૦થી વધુ શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ઍર શો નિહાળવા ઉમટી પડેલ જનમેદની રોંમાચક દ્રશ્યો નિહાળી મંત્રમુગ્ધ થઇ ગઈ હતી. ભરૂચમાં યોજાઈ રહેલો આ પ્રથમ ઍર-શો સ્થાનિકો માટે ગૌરવનો વિષય બન્યો હતો.

# જંબુસરના દરિયામાં શ્રમજીવીઓથી ભરેલી બોટ પલટીઃ એકનું મોત, એક લાપતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ જિલ્લાના જંબુસર નજીક આવેલા આસરસા ગામે સર્જાયેલી એક બોટ દુર્ઘટનામાં એક મજૂરનું મોત નિપજ્યું હતું, જ્યારે ૨૩ને બચાવી લેવાયા હતા. જંબુસર નજીક આવેલા આસરસા ગામે એક ગમખ્વાર દુર્ઘટના સર્જાઈ હતી.

ઓએનજીસીના ઓઇલ ડ્રિલિંગ સર્વે માટે ૫૦ જેટલા શ્રમજીવી કામદારોને લઈ જઈ રહેલી એક બોટ દરિયામાં અચાનક પલટી મારી ગઈ હતી, જેના કારણે ભારે દોડધામ મચી ગઈ હતી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં એક કામદારનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે એક કામદાર હજુ પણ લાપતા છે.

મળતી વિગતો અનુસાર આ બોટમાં કુલ ૫૦ જેટલા કામદારો સવાર હતા જેઓ ઓએનજીસીની સર્વે કામગીરી માટે જઈ રહ્યા હતા. બોટ પલટી માર્યાની જાણ થતાં જ તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. સ્થાનિક માછીમારો અને તંત્રની મદદથી અત્યાર સુધીમાં ૨૩ જેટલા કામદારને સફળતાપૂર્વક બચાવી લેવામાં આવ્યા છે. બચાવ કામગીરી દરમિયાન એક કામદારનો મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે અન્ય એક લાપતા કામદારની શોધખોળ હજી ચાલુ હોવાનું જાણવા મળ્યું છે.

આ દુર્ઘટના પાછળનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી, પરંતુ બોટમાં ક્ષમતા કરતાં વધુ શ્રમજીવીઓ સવાર હતા કે કેમ અથવા બોટમાં કોઈ ટેક્નિકલ ખામી સર્જાઈ હતી કે કેમ, તે અંગે તપાસ શરૂ કરવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

બોટ પલટી મારી જવાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ ઘટનાને પગલે ઓએનજીસીના સત્તાધીશો અને સ્થાનિક પોલીસ દ્વારા સ્થળ પર પહોંચીને સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી રહી છે. લાપતા કામદારને શોધવા માટે તંત્ર દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# કચ્છમાં બોરવેલમાં યુવાન કૂદ્યો, નવ કલાકના બચાવકાર્ય બાદ મૃતદેહ બહાર કાઢ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના કુકમા ગામ ખાતે શનિવારના સાંજના સાતેક વાગ્યાના અરસામાં બોરવેલમાં કથિત રીતે કૂદેલા ઝારખંડના ૨૦ વર્ષીય યુવકને બચાવવા સતત નવ કલાક સુધી ચાલેલા બચાવકાર્ય બાદ પણ યુવાનને બચાવી શકાયો ન હતો અને આખરે તેનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો.

બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઝારખંડનો વતની રૂસ્તમ શેખ નામનો યુવક કુકમા ગામમાં ગોપાલભાઈની વાડીમાં ખેતમજૂરી કરતો હતો. ગત શનિવારે સાંજના અરસામાં સંભવત પારિવારીક વિખવાદોથી કંટાળી, આવેશમાં આવીને તેણે બોરવેલમાં પડતું મૂક્યું હતું. એક ફૂટ પહોળાઈ ધરાવતા આ બોરવેલમાં યુવક લગભગ ૧૫૦ ફૂટ ઊંડાઈએ ફસાયો હતો. બોરવેલમાંથી બચાવો,બચાવો અવાજ આવવા લાગ્યો હતો, જેથી ઘરના સભ્યો ત્યાં પહોંચી ગયા હતા અને પરિવારે વાડીમાલિક ગોપાલભાઈને માહિતી આપતાં તેમણે સ્થાનિક વહીવટી તંત્રને જાણ કરતાં અધિકારીઓ અને ફાયર ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવકાર્ય શરૂ કરી દીધું હતું.

ભુજ ફાયર વિભાગના ફાયરમેન કમલેશ મતિયાના જણાવ્યા પ્રમાણે, બોરવેલમાં ફસાયેલા યુવકને હેમખેમ બહાર કાઢવા માટે નવ કલાક સુધી હાથ ધરાયેલાં રેસ્ક્યુ ઓપરેશનમાં ભારતીય સૈન્યના જવાનો, બોરવેલનું કામ જાણતા કારીગરો અને ફાયર શાખાના ૧૫ નિષ્ણાત સભ્યો જોડાયા હતા. યુવક શ્વાસ લઇ શકે એ માટે બોરવેલની અંદર પાઇપલાઈન મારફતે સતત ઓક્સિજન પૂરો પાડવામાં આવ્યો હતો અને હાઈ ડેફિનેશન કેમેરાની મદદ વડે યુવકની બોરવેલની અંદરની પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી હતી. મોડી રાત સુધી સફળતા ન મળતા, દેશી પદ્ધતિ અપનાવવામાં આવી હતી. લોખંડના હૂકને દોરડા વડે બાંધી ગરગડી મારફતે બોરવેલની અંદર ઉતારવામાં આવ્યું હતું અને આ હૂક રૂસ્તમ શેખના કપડામાં ફસાવી તેને બહાર ખેંચી કાઢવામાં આવ્યો હતો અને ૧૦૮ મારફતે તેને તત્કાળ ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો, પરંતુ ફરજ પરના તબીબ દ્વારા તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. હાલ પોસ્ટમોર્ટમ સહિતની વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું કમલેશ મતિયાએ ઉમેર્યું હતું.

મૃતક કયા સંજોગોમાં બોરવેલમાં ખાબક્યો હતો તે હજુ પણ તપાસનો વિષય છે કારણ કે ખેતર માલિકે આ બંધ બોરવેલ પર ઊંધુ તગારું મૂકી, તેના પર મોટા પથ્થરો મૂકી, અને કાંટાળી વાડ પણ બાંધી હતી, પણ આ બધી અડચણોને હટાવી દઈને શા માટે તેમાં ખાબકવું પડ્યું એ બાબતની પધ્ધર પોલીસ ઝીણવટભરી તપાસ કરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ દુર્ઘટનાએ આજથી ૧૧ માસ અગાઉ વણકરોની વસ્તી ધરાવતા ભુજ તાલુકાના કંઢેરાઈ ગામના એક ખેતરની બોરવેલમાં ભેદી સંજોગોમાં પડી ગયેલી ઇન્દ્રા કાનાજી મીણા નામની ૨૧ વર્ષીય યુવતીને બહાર કાઢવા હાથ ધરાયેલા કચ્છમાં અત્યાર સુધીના સૌથી લાંબા ૩૨ કલાક સુધી ચાલેલા રેસ્ક્યુ ઓપરેશનના અંતે માત્ર મૃતદેહ મળ્યો હોવાની ગોઝારી ઘટનાને લોકોના માનસપટ પર ફરી જીવંત કરી દીધી છે.

# અમદાવાદ એરપોર્ટ પર ઈન્ડિગોની ૩૨ ફ્લાઈટ રદ, પ્રવાસીઓ માટે વ્યવસ્થા કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલું ઇન્ડિગો સંકટ રવિવારે પણ યથાવત રહ્યું હતું. દેશની સૌથી મોટી એરલાઇન્સ કંપની ઈન્ડિગોની અમદાવાદથી આવતી-જતી ૩૨ ફ્લાઇટ રવિવારે છઠ્ઠા દિવસે પણ રદ કરવામાં આવી હતી. જોકે, અમદાવાદ એરપોર્ટ પર આવતા પ્રવાસીઓ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. અમદાવાદ એરપોર્ટ પર ટર્મિનલની આઉટ સાઇડ બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મળતી માહિતી પ્રમાણે, અમદાવાદથી આવતી-જતી ૩૨ ફ્લાઇટ રદ કરવામાં આવી હતી. જેના કારણે પ્રવાસીઓને તકલીફ ન પડે તે માટે અમદાવાદ એરપોર્ટ આવતા પ્રવાસીઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રવાસીઓ માટે અમદાવાદ એરપોર્ટ પર ટર્મિનલની બહાર બેસવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

# સુરતના બિલ્ડરને હનીટ્રેપમાં ફસાવનાર યુવતી અને વકીલ ₹ ૨૦ લાખની ખંડણી લેતા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના એક બિલ્ડર સાથે યુવતીનો મિત્રતા, શરીરસંબંધ, સ્પાય વીડિયો, બ્લેકમેઈલિંગ અને ખંડણીનો ખેલ ખુલ્લો પડ્યો હતો. બિલ્ડરને હનીટ્રેપમાં ફસાવી રૂપિયા ૫૦ લાખની ખંડણી માગવાનો મામલો સામે આવ્યો છે. સુરત ક્રાઈમ બ્રાંચે ટ્રેપ ગોઠવી બિલ્ડર પાસેથી ૨૦ લાખ રૂપિયા લેવા આવેલી હેતલ નામની યુવતી અને અભિષેક શેઠીયા નામના વકીલને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

વર્ષ ૨૦૨૨માં આરોપી યુવતી અને બિલ્ડર સંપર્કમાં આવ્યા હતા. ત્યારબાદ બંને અલગ અલગ હોટલમાં જતા રહેતા હતા અને શરીર સંબંધ બાંધતા હતા. બિલ્ડરની જાણ બહાર જ અંગતપળોના વીડિયો બનાવી યુવતીએ મોટી રકમ પડાવવાનો ખેલ રચ્યો હતો પરંતુ, સુરત ક્રાઈમ બ્રાંચે તેનો ખેલ ઊંધો પાડી નાખ્યો હતો.

હેતલ દ્વારા બિલ્ડર સાથે વાતચીત દરમિયાન સામાન્ય વીડિયો કોલ અને ન્યૂડ વીડિયો કોલ કર્યા. બિલ્ડરની જાણ બહાર કોલ રેકોર્ડિંગ કરી લીધા અને પછી ખંડણીનો ખેલ શરૂ કર્યો. ન્યૂડ વીડિયો વાઈરલ કરવાની અને દુષ્કર્મ કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી બિલ્ડર પાસે ૫૦ લાખ રૂપિયાની ખંડણી માગવામાં આવી. જો ફરિયાદ ન કરવી હોય તો અંતે રૂ. ૪૨.૫૦ લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યા હતા.

હેતલ અને તેના સાગરિત વકીલ અભિષેક શેઠીયાએ બિલ્ડરને ૨૦ લાખ રૂપિયાનો પ્રથમ હપતો આપવા માટે મોલમાં આવેલા ફૂડ ઝોનમાં બોલાવ્યો હતો. બિલ્ડરે હનીટ્રેપ મામલે પોલીસ ફરિયાદ કરતા પોલીસની ટીમ પણ એક્ટિવ હતી. ફૂડ ઝોનમાં બિલ્ડર પાસેથી રૂપિયા ૨૦ લાખ રૂપિયા લઈને હેતલ અને અભિષેક શેઠિયા નીકળે તે પહેલા જ સુરત ક્રાઈમ બ્રાંચે બંનેને ૨૦ લાખની રોકડ સાથે દબોચી લીધાં હતાં.

સુરત ક્રાઈમ બ્રાંચે હનીટ્રેપના આ કેસમાં હેતલ વિઠ્ઠલભાઈ બારૈયા અને તેની સાથે રહેલા વકીલ અભિષેક સંજય શેઠીયાની ધરપકડ કરી લીધી છે. જ્યારે ટોળકીમાં સામે અન્ય બે આરોપીઓ વોન્ટેડ હોય તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. આરોપીઓ પાસેથી રૂ. ૨૦.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

# નવી ખાનગી સ્કૂલો માટે ગુજરાત શિક્ષણ બોર્ડે અરજી મગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે નવી બિન-સહાયત, બિન-અનુદાનિત માધ્યમિક (વર્ગ ૯) અને ઉચ્ચતર માધ્યમિક (વર્ગ ૧૧) માટેની શાળાઓ માટે અરજીઓ મંગાવી છે. કાયદેસર રીતે નોંધાયેલા ટ્રસ્ટ, મેનેજમેન્ટ સંસ્થાઓ અને સ્થાનિક સ્વ-શાસન સંસ્થાઓ જે કાયમી બિન-અનુદાન ધોરણે આવી શાળાઓ સ્થાપિત કરવા માંગે છે તેઓ ઓનલાઇન અરજીઓ સબમિટ કરી શકે છે.

જીએસઈબીના પોર્ટલ દ્વારા અરજીની ઓનલાઈન પ્રક્રિયા ૪ જાન્યુઆરીની મધ્યરાત્રિ સુધી ખુલ્લી રહેશે. અરજદારોએ માર્ગદર્શિકા કાળજીપૂર્વક વાંચવી પડશે અને ઓનલાઈન અરજી સાથે સ્પષ્ટ, વાંચી શકાય તેવા સ્કેન કરેલા ફોર્મેટમાં બધા જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા પડશે.

અરજી કરવા માટે, સંસ્થાઓએ પહેલા ઓનલાઈન નોંધણી પૂર્ણ કરવી પડશે. તેમના ઈમેલ પર મોકલવામાં આવેલા લોગ-ઈન ઓળખપત્રોનો ઉપયોગ કરીને, તેઓ ઈ-પેમેન્ટ દ્વારા ૨૦,૦૦૦ રૂપિયાની બિન-રિફંડપાત્ર અરજી ફી ચૂકવીને દરખાસ્ત સબમિટ કરી શકે છે.

ઓનલાઈન સબમિશનના આધારે, બોર્ડ દરેક દરખાસ્તની સમીક્ષા કરશે અને સત્તાવાર પત્ર દ્વારા સંબંધિત મેનેજમેન્ટને મંજૂરી અથવા નામંજૂરીની જાણ કરશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# નરેશ પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે સમાધાન, ખોડલધામમાં બન્ને એકસાથે દેખાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લેઉવા પાટીદાર સમાજના આસ્થાના કેન્દ્ર ખોડલધામના ચેરમેન નરેશ પટેલ અને લેઉવા પાટીદાર સમાજના જ દિગ્ગજ નેતા જયેશ રાદડિયાના સામસામા નિવેદનો સતત ચર્ચાનું કેન્દ્ર રહેતા હતા. જો કે બંને કોઈ એકનું પણ નામ લીધા વિના જ પ્રહારો થતા હતા.

બંને આગેવાનો વચ્ચે મનમેળ કરાવવાના પ્રયાસો પણ થયા હતા પરંતુ કોઈ સફળ રહ્યા નહોતા, ત્યારે હવે બંને નેતાઓ વચ્ચે મનમેળ થયા હોવાની ચર્ચા છે અને બંને આજે એકબીજાને ગળે પણ મળ્યા હતા.

નરેશ પટેલ અને જયેશ રાદડિયા વચ્ચે ઘણા લાંબા સમયથી ચાલી રહેલા મનદુઃખનો સુખદ ઉકેલ ખોડલધામના મંચ પરથી જ થયો છે અને જયેશ રાદડિયા અને નરેશ પટેલ એકબીજાને ગળે પણ મળ્યા હતા. આ તકે રાદડિયાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે જયેશ રાદડિયા રહે કે ન રહે, ખોડલધામ તો રહેશે જ.

આ મામલે ગુજરાત સરકારના કૃષિ પ્રધાન જીતુ વાઘાણીએ વાત કરતાં કહ્યું હતું કે, નરેશભાઈ પટેલ મારા અને જયેશ રાદડિયા કરતા મોટા છે અને પિતાતુલ્ય છે. સમાજ અગ્રણીઓ એક છે અને એક જ રહેવાના છે. આમ બંને વચ્ચેની ઉષ્માભરેલી મુલાકાતથી લેઉઆ પટેલ સમાજના બે મોભીઓ વચ્ચે મનદુઃખ દૂર થઈને સમાધાન થયું હોવાની ચર્ચા ચાલી રહી છે.

# વિકાસ મોડેલ ગુજરાતમાં ૨.૪૦ લાખ બાળકોએ શાળા છોડી, દેશમાં મોખરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકારે આપેલી માહિતી અનુસાર ગુજરાતના ૨.૪૦ લાખ બાળકો શાળા બહાર છે એટલે કે અભ્યાસ કરી રહ્યા નથી. દેશના કુલ શાળા બહાર બાળકોના ૨૮ ટકા બાળકો સાથે ગુજરાત મોખરે છે, તેવી માહિતી કૉંગ્રેસે આપી હતી અને રાજ્ય સરકારની ઝાટકણી કાઢી હતી.

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ સંસદમાં જાહેર કરાયેલા સત્તાવાર આંકડાઓનો હવાલો આપીને ભાજપ સરકારની ટીકા કરી હતી. કેન્દ્ર સરકારે આપેલ આંકડા ગુજરાતના ૨.૪૦ લાખ થી વધુ બાળકો શાળા બહાર છે. ભાજપ સરકાર વિકાસના નામે માત્ર આંકડાઓની માયાજાળ રચે છે.

તેમણે જણાવ્યું હતું કે ગયા વર્ષની સરખામણીમાં શાળા બહારના બાળકોની સંખ્યામાં ૩૪૧%નો વધારો થયો છે. ગુજરાતનું શિક્ષણ 'ગુજરાત મૉડેલ'ના ભાર નીચે કચડાઈ ગયું છે, તેવી ટીકા પણ તેમણે કરી હતી.

આંકડા અનુસાર વર્ષ ૨૦૨૪ -૨૫ માં શાળા બહાર બાળકોની સંખ્યા ૫૪,૪૫૧ તે વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને ૨૪,૦,૮૦૯ થઈ ગઈ ગઈ છે. ગુજરાત બાદ આસામ ૧,૫૦,૯૦૬ સાથે બીજા ક્રમે અને ઉત્તર પ્રદેશ ૯૯,૨૧૮ બાળકો સાથે ત્રીજા ક્રમે આવે છે.

ગુજરાતમાં શિક્ષણ માટે જંગી રકમ ફાળવવામાં આવે છે. વર્ષ ૨૦૨૪ - ૨૫ ખર્ચ મુજબ ગુજરાત રાજ્યનો સમગ્ર શિક્ષા યોજના હેઠળ કુલ ખર્ચ રૂ. ૨, ૧૯૯ કરોડથી વધુ છે ત્યારે આટલા મોટા બજેટ છતાં ડ્રોપઆઉટનો ગ્રાફ આટલો ઊંચો શા માટે છે, તેવો સવાલ કૉંગ્રેસે કર્યો હતો.

# રાજ્યના પ્રધાનોને અંતે પીએ અને પીએસ મળ્યાઃ કેબિનેટના ફેરફારના દોઢ મહિના બાદ નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મંત્રીમંડળના વિસ્તરણ અને ફેરફારના આશરે દોઢ મહિના જેટલા લાંબા સમય બાદ મંત્રીઓના અંગત સ્ટાફની સત્તાવાર નિમણૂક કરવામાં આવી હતી. અત્યાર સુધી નવા વરાયેલા અથવા ખાતું બદલાયેલા પ્રધાનોને કામચલાઉ PA (પર્સનલ આસિસ્ટન્ટ) અને PS (પર્સનલ સેક્રેટરી) દ્વારા વહીવટી કામગીરી સંભાળી રહ્યા હતા, પરંતુ હવે તેમને કાયમી સ્ટાફ ફાળવી દેવામાં આવ્યો છે.

સામાન્ય વહીવટ વિભાગે તારીખ ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બહાર પાડેલી અધિસૂચના મુજબ, નાયબ મુખ્યમંત્રી, કેબિનેટ પ્રધાનો અને રાજ્યકક્ષાના પ્રધાનોના કાર્યાલયમાં પ્રતિ નિયુક્તિના ધોરણે અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી.

જાહેર કરાયેલી યાદી મુજબ, નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના અંગત સચિવ (પીએસ) તરીકે અધિક કલેક્ટર એન.એ. રાજપુત અને અધિક અંગત સચિવ તરીકે વેદાંત જોષીની નિમણૂક કરવામાં આવી હતી. આ ઉપરાંત, નાણાપ્રધાન કનુભાઈ દેસાઈના અંગત સચિવ તરીકે એમ.સી. શાહ અને કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીના અંગત સચિવ તરીકે હિરેન ઠાકરને મૂકવામાં આવ્યા છે. આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલના અંગત સચિવ તરીકે કૌશિક ત્રિવેદીની નિમણૂક કરાઈ છે.

આ નિમણૂકોમાં રાજ્યકક્ષાના પ્રધાનો જેવા કે ઈશ્વરસિંહ પટેલ, પ્રફુલ પાનસેરીયા અને ડો. મનિષા વકીલ સહિતના પ્રધાનોના અંગત સ્ટાફનો પણ સમાવેશ થાય છે. સરકારી કામકાજમાં સુગમતા રહે તે હેતુથી આ અધિકારીઓને જે-તે મંત્રીઓના કાર્યાલયમાં મૂકવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તારીખ ૧૭/૧૦/૨૦૨૫ થી લઈને ૫/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળાને આ અધિકારીઓ માટે 'ફરજિયાત પ્રતીક્ષા સમય' તરીકે ગણવામાં આવશે. આ હુકમ સામાન્ય વહીવટ વિભાગના સંયુક્ત સચિવ રોનક મહેતાની સહીથી બહાર પાડવામાં આવ્યો હતો.

# સુરત જિલ્લામાં માવઠાથી અસરગ્રસ્ત ૫૫૮૯ ખેડૂતોને ₹ ૧૧.૨૭ કરોડની ચુકવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા ઓક્ટોબર મહિના દરમિયાન પડેલા કમોસમી વરસાદના કારણે થયેલી પાક નુકસાની માટે કૃષિ સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. સુરત જિલ્લાના ખેડૂતો પાસેથી કૃષિ સહાય પેકેજ હેઠળ સહાય મેળવવા માટેની અરજીઓ મંગાવવામાં આવી હતી. તા.૫મી ડિસેમ્બરની સ્થિતિએ ૧૯૨૯૫ અરજીઓ પૈકી ૫૫૮૯ ખેડૂતોને રૂ.૧૧.૨૭ કરોડની સહાયનું ચુકવણું કરવામાં આવ્યું હતું.

સુરત જિલ્લા ખેતીવાડી અધિકારી સતીષ ગામીતે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અરજી થયાના માત્ર ૧૦ દિવસમાં જ ઝડપથી ચુકવણું કરવામાં આવ્યું હતું. જેમ જેમ વિગતો આવે છે તેમ તેમ ખેડૂતોના ખાતામાં સહાયની ચુકવણી કરવામાં આવી રહી છે. આગામી અઠવાડિયામાં સહાયની તમામ રકમ ખેડૂતોના ખાતામાં જમા થઈ જશે.

તા.૫મી ડિસેમ્બર સુધીની વિગતો આપતા કહ્યું હતું કે, બારડોલી તાલુકામાંથી આવેલી ૫૪૪ અરજીઓ પૈકી ૨૩૯ ખેડૂતોને રૂ.૪૧.૮૩ લાખની સહાય, ચોર્યાસી અને સુરત સીટીના તાલુકામાંથી ૪૨૨ અરજીઓ પૈકી ૪૧ ખેડૂતોને રૂ.૧૧.૩૧ લાખ, કામરેજની ૧૧૨ અરજીઓ પૈકી ૫૪ અરજદારોને રૂ.૯.૪૯ લાખની સહાય, મહુવા ૨૫૮૫ અરજીઓ પૈકી ૧૦૯૭ ખેડૂતોને રૂ.૧.૭૫ કરોડ, માંડવી તાલુકાના ૩૭૩૨ અરજીઓ પૈકી ૧૦૯૭ ખેડૂતોને રૂ. ૧.૫૯ કરોડ, માંગરોળ તાલુકાના ૨૫૬૪ અરજીઓ પૈકી ૩૧૬ ખેડૂતોના ખાતામાં ૭૭.૭૧ લાખ, ઓલપાડમાંથી આવેલી ૫૯૪૧ અરજીઓ પૈકી ૨૦૦૬ ખેડૂતોના ખાતામાં ૪.૯૧ કરોડ, પલસાણાની ૨૫૭ અરજીઓ પૈકી ૮૬ ખેડૂતોને રૂ.૨૩.૫૬ લાખ, ઉમરપાડાની ૩૧૩૮ અરજીઓ પૈકી ૬૪૩ ખેડૂતોના ખાતામાં રૂ.૧.૩૭ કરોડની સહાય જમા કરવામાં આવી છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# એનસીપી (એસપી) કાર્યકર્તાઓ સામે કેસ

બીડ: મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં ઇવીએમ સ્ટ્રોંગરૂમની બહાર વિરોધ પ્રદર્શન કરવા અને આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ એનસીપી (એસપી)ના ઉમેદવાર અને અન્ય ૨૦ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે શુક્રવારે પરલી વૈજનાથ મ્યુનિસિપલ કાઉન્સિલ બિલ્ડિંગની બહાર બનેલી ઘટનાના સંદર્ભમાં કેસ નોંધ્યો હતો, જ્યાં ઇવીએમ માટે સ્ટ્રોંગરૂમ બનાવવામાં આવ્યો હતો.

પોલીસ અધિકારી રઘુનાથ નાચને જણાવ્યું કે, તાજેતરમાં યોજાયેલી નગર પરિષદની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલા ઇવીએમ અને કંટ્રોલ યુનિટને પરિષદની ઇમારતમાં આવેલા સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવ્યા હતા, અને બુધવારે રાતે એનસીપી (એસપી) કાર્યકરોનું એક જૂથ કથિત રીતે ગેરકાયદેસર રીતે ઇમારતના ગેટ પાસે એકઠું થયું હતું, સૂત્રોચ્ચાર કર્યા હતા અને પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. ■

# મુંબઈ યુથ કૉંગ્રેસ દ્વારા શિબિર

મુંબઈ: આગામી નાગરિક ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને મુંબઈ યુથ કોંગ્રેસે રવિવારે ચૂંટણી વ્યવસ્થાપન અને મ્યુનિસિપલ શાસન પર તેના કાર્યકરો માટે એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન કર્યું હતું.

પાર્ટીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઇલેક્શન મેનેજમેન્ટ, બીએમસીની કામગીરી અને માહિતી અધિકાર કાયદાના અસરકારક ઉપયોગ પર નિષ્ણાતોના નેતૃત્વ હેઠળ સત્રો યોજવામાં આવ્યા હતા.

સહભાગી થનારાઓને તેમના બૂથ મજબૂત બનાવવા માટે કહેવામાં આવ્યું હતું અને મ્યુનિસિપલ ચૂંટણીઓ માટે ઉમેદવારી પત્રો ભરવામાં સામેલ પ્રક્રિયાઓ, દસ્તાવેજીકરણની આવશ્યકતાઓ અને મુખ્ય સાવચેતીઓ વિશે માહિતી આપવામાં આવી હતી.

યુથ કૉંગ્રેસના સોશ્યલ મીડિયાના અધ્યક્ષ મનુ જૈને મ્યુનિસિપલ ચૂંટણી પ્રચાર દરમિયાન સોશ્યલ મીડિયાના અસરકારક ઉપયોગ પર સહભાગીઓને સંબોધન કર્યું હતું અને ડિજિટલ આઉટરીચ, જાહેર સંદેશવ્યવહાર અને ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા મતદારોની સંલગ્નતા વધારવા માટેની વ્યૂહરચનાઓની રૂપરેખા આપી હતી. ■

# ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ નાગપુરમાં

નવી દિલ્હી : ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ આજે એટલે કે રવિવાર ૭ ડિસેમ્બરે એક વિશેષ કારણસર નાગપુરની યાત્રા કરી રહ્યા છે. ત્રણ રાજ્યોના મુખ્ય પ્રધાનો, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી તથા અજિત પવાર અને એકનાથ શિંદે પણ તેમાં ભાગ લેશે. વાસ્તવમાં 'હિંદ દી ચાદર' શ્રી ગુરુ તેગ બહાદુર સાહેબજીના ૩૯૯મા શહીદ દિવસની ઉજવણી માટે આજે એટલે કે ૭ ડિસેમ્બરે નાગપુરના નારામાં 'હિંદ દી ચાદર શહીદી સંમેલન' નામે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન, મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને છત્તીસગઢના મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાઈ બપોરે ૩ વાગ્યે એક કલાકના ખાસ કાર્યક્રમમાં હાજર રહેશે.

વહીવટીતંત્ર કહી રહ્યું છે કે આજે દિવસભર ચાલનારા આ સમારોહમાં લગભગ ૭ લાખ ભક્તો ભાગ લેશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીમહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુલે હાજર હતા. ■

# બીએમસી તરફથી શાસક પક્ષને ૪૧૮ કરોડ રૂપિયાનું ભંડોળ

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૫-૨૬ માટે શાસક મહાયુતિના ૨૭ ધારાસભ્યો અને સાંસદોને કુલ ૪૧૮ કરોડ રૂપિયાનું મોટું વિકાસ ભંડોળ ફાળવ્યું છે. જે જનપ્રતિનિધિઓને ભંડોળનું વિતરણ કરવામાં આવ્યું છે તેમાં છ શિવસેનાના ધારાસભ્યો અને સાંસદો છે, જ્યારે બાકીના ભાજપના જનપ્રતિનિધિઓ છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અજિત પવાર જૂથના સના શેખ એકમાત્ર લાભાર્થી છે. માહિતી અધિકાર કાયદા દ્વારા આ માહિતી બહાર આવી છે.

મુંબઈમાં પાયાની સુવિધાઓ માટે ૩૬ ધારાસભ્યો મારફતે ભંડોળ ખર્ચ કરવાનો મહાનગરપાલિકાનો ઠરાવ છે. જોકે, તેમ ન થતાં માત્ર ભાજપ-શિવસેનાના ધારાસભ્યો અને સાંસદોને જ વિકાસ ભંડોળનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૨૫-૨૬માં બજેટનું ભંડોળ મુંબઈ શહેર અને ઉપનગરોના કેટલા ધારાસભ્યો અને સાંસદોને આપવામાં આવ્યું હતું, તે અંગે માહિતી અધિકાર કાર્યકર્તા સંતોષ દૌંડકરે મહાનગરપાલિકાના નાણાં વિભાગ પાસે માહિતી માગી હતી.

આ વિસ્તારના ધારાસભ્યો અને સાંસદોને મહાનગરપાલિકા તરફથી આપવામાં આવતા વિકાસ ભંડોળની મર્યાદા રૂ. ૧૭ કરોડ ૫૦ લાખ નક્કી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ જ ભંડોળ દરેક લોકપ્રતિનિધિને રૂ. ૩૫ કરોડ આપવામાં આવતું હતું. તેના પર ઘણી ટીકા થયા પછી તેમાં ઘટાડો કરવામાં આવ્યો. ભંડોળ મેળવનારા શાસક પક્ષના લોકપ્રતિનિધિઓમાં રાજ્યસભાના સભ્યો અને વિધાન પરિષદના સભ્યોનો પણ સમાવેશ થાય છે. ભાજપના સાંસદ પીયૂષ ગોયલને રૂ. ૧૭.૫૦ કરોડ, ધારાસભ્ય ચિત્રા વાઘને રૂ. ૧૨.૫૦ કરોડ,

ધારાસભ્ય પ્રવીણ દરેકન રૂ. ૧૭.૫૦ કરોડ અને રાજહંસ સિંહને રૂ. ૧૨.૫૦ કરોડનું ભંડોળ પ્રાપ્ત થયું છે. જ્યારે શિવસેનાના સાંસદ મિલિંદ દેવરાને રૂ. ૧૭.૫૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું હતું.

રૂ. ૧૭.૫૦ કરોડમાંથી, સાડા બાર કરોડ રૂપિયા માળખાકીય સુવિધાઓ પર, જ્યારે પાંચ કરોડ રૂપિયા મહાનગરપાલિકાની વિવિધ યોજનાઓમાંથી આપવામાં આવતી સુવિધાઓ પર ખર્ચ કરવામાં આવે છે. વિવિધ કામો જોઈને તે પ્રમાણે લોકપ્રતિનિધિઓ માગણી કરે છે અને વોર્ડ તરફથી તેનો પ્રસ્તાવ મહાનગરપાલિકાના મુખ્યાલયમાં ગયા પછી સંબંધિત વિભાગ દ્વારા ભંડોળનું વિતરણ કરવામાં આવે છે. ■

# ૨૦૨૯માં પણ નરેન્દ્ર મોદી જ વડા પ્રધાન હશે

## પૃથ્વીરાજ ચૌહાણની અટકળ અંગે ફડણવીસનો પ્રત્યુત્તર

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણે આંતરરાષ્ટ્રીય રાજકારણ અને અમેરિકાને ટાંકીને કહ્યું હતું કે એક મરાઠી વ્યક્તિ ટૂંક સમયમાં દેશના વડા પ્રધાન બનશે. એના જવાબમાં વર્તમાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે '૨૦૨૯માં પણ દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ હશે' એમ સાફ શબ્દોમાં જણાવ્યું છે.

શુક્રવારે છત્રપતિ સંભાજી નગર ત્રણ વર્ષની મુલાકાત દરમિયાન મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે 'આજે સૌથી પહેલા હું મહારાષ્ટ્રની જનતાનો આભાર માનું છું કે ગયા વર્ષે આજના દિવસે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. મહારાષ્ટ્રની જનતાએ મહાયુતિને ઘણા આશીર્વાદ આપ્યા અને અમને ૨૩૨ બેઠકો મળી. આ એક વર્ષમાં મહારાષ્ટ્રને વિકાસના માર્ગે આગળ વધારવાનો અમે પ્રયાસ કર્યો છે.'

ત્યારબાદ તેમણે માજી મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણના નિવેદન પર પણ પ્રતિક્રિયા આપી હતી. ચવ્હાણે આંતરરાષ્ટ્રીય રાજકારણ અને અમેરિકાને ટાંકી કહ્યું હતું કે એક મરાઠી વ્યક્તિ ટૂંક સમયમાં દેશના વડા પ્રધાન બનશે. ચવ્હાણના આ નિવેદનથી મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં વિસ્મય વ્યક્ત થયું છે. દેવેન્દ્ર ફડણવીસે ચવ્હાણના નિવેદન પર સ્પષ્ટ પ્રતિક્રિયા આપી કહ્યું છે કે ૨૦૨૯માં પણ મોદી જ વડા પ્રધાન બનશે.

ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે પૃથ્વીરાજ બાબાને આવા સપનાં આવતા હોય છે. એક વાત બરાબર સમજી લો કે આપણા દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ખૂબ જ સારું કામ કરી રહ્યા છે. સમગ્ર દેશની જનતા તેમને પ્રેમ કરે છે. જે રીતે તેઓ દેશને આગળ લઈ જઈ રહ્યા છે એ કોઈ કરી શકે તેમ નથી. મોદીની તંદુરસ્તી ૪૦ વર્ષની વ્યક્તિ પણ ચોંકી જાય એટલી સારી છે. મોદીજી ૨૦૨૯માં પણ વડા પ્રધાન હશે.' ■

## છેલ્લા પાનાનું ચાલુ

### નાગપુર શિયાળુ સત્ર

અને સિંહસ્થ કુંભ મેળા માટે તપોવન વિસ્તારમાં વૃક્ષો કાપવાની વિવાદાસ્પદ યોજના મુદ્દે પણ સરકારને ઘેરવાનો ઇરાદો ધરાવે છે.

આ સત્ર સરકાર માટે માથાનો દુખાવો બની શકે છે. રાજ્ય કમોસમી વરસાદના કારણે ખેડૂતોની વ્યથા, પાક વીમામાં અનિયમિતતાઓ અને મરાઠા અનામત માટે ફરી શરૂ થયેલા આંદોલન જેવા મુદ્દાનો સામનો કરી રહ્યું છે. સરકારની મુખ્ય કલ્યાણ યોજના, મુખ્ય પ્રધાન માજી લડકી બહિણ યોજના - જેને ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનને મજબૂત બનાવવાનો શ્રેય આપવામાં આવે છે - તે પણ કથિત અનિયમિતતાઓને કારણે સઘન તપાસ હેઠળ આવે તેવી શક્યતા છે. આવા વિવાદાસ્પદ મુદ્દાઓને કારણે સાત દિવસના સત્રમાં જોરદાર ટકરાવ જોવા મળશે તે લગભગ નિશ્ચિત છે.

એક અન્ય પ્રશ્ન પણ ચર્ચામાં છે કે, જો તે નીતિ, સુધારા અથવા પ્રાદેશિક ફરિયાદોને અર્થપૂર્ણ રીતે સંબોધિત કરી શકતું નથી, તો નાગપુરમાં આટલી ઉડાઉ વાર્ષિક કવાયત યોજવાનો વાસ્તવિક હેતુ શું છે? શિયાળુ સત્રની શરૂઆત ૧૯૬૦ ના ઐતિહાસિક નાગપુર કરારથી થઇ હતી, જ્યારે મહારાષ્ટ્રના પ્રથમ મુખ્યપ્રધાન, યશવંતરાવ ચવ્હાણે નાગપુરને રાજ્યની બીજી રાજધાની તરીકે નિયુક્ત કર્યું હતું અને લાંબા સમયથી ઉપેક્ષિત વિદર્ભ પ્રદેશ તરફ ધ્યાન દોરવા માટે દર વર્ષે ઓછામાં ઓછા ચાર અઠવાડિયાનું સત્ર ત્યાં યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. દાયકાઓથી, તે ગંભીર પ્રતિબદ્ધતા સતત ક્ષીણ થઈ ગઈ છે, જે એક પ્રતીકાત્મક વિધિ કરતાં વધુ કંઈ નથી રહી. આ સત્રો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ પણ થાય છે.

રાજ્યના સમગ્ર વહીવટી તંત્રને મુંબઈથી નાગપુર લઈ જવા, વર્ષના મોટાભાગના સમય દરમિયાન નિષ્ક્રિય રહેતી ઇમારતોનું નવીનીકરણ, મોટા પાયે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા અને પ્રધાનો, ધારાસભ્યો, અમલદારો અને સહાયક સ્ટાફ માટે રહેવાની વ્યવસ્થા કરવા માટે ₹૫૦૦ કરોડથી વધુ ખર્ચ થતો હોવાનું માનવામાં આવે છે. જોકે, ચોક્કસ આંકડા અસ્પષ્ટ રહે છે, કારણ કે ખર્ચ સ્પીકરના કાર્યક્ષેત્રમાં આવે છે અને નિયમિતપણે જાહેર કરવામાં આવતો નથી.

રાજ્યમાં અપેક્ષિત ચૂંટણીની જાહેરાતના પગલે આ વર્ષે સત્ર ટૂંકું બન્યું હોવાનું માનવામાં આવે છે. ■

### ભાજપ ૩૬

ભાજપ નેતા દરેક સંમેલનમાં વક્તા તરીકે હાજરી આપશે.''

વધુમાં તેમણે કહ્યું હતું કે, ''અમે છેલ્લા ૧૧ વર્ષોમાં મુંબઈમાં થયેલા નોંધપાત્ર વિકાસ કાર્ય અને બીએમસીમાં ભ્રષ્ટાચાર મુક્ત શાસન પ્રદાન કરવાની જરૂરિયાતને પ્રકાશિત કરી રહ્યા છીએ. આ ઉપરાંત શહેરની સલામતી જાળવવાના મહત્ત્વ પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે.''

ભાજપે જણાવ્યું હતું કે આગામી ૧૫ દિવસમાં બાકીના મતવિસ્તારોમાં પણ સમાન કાર્યક્રમો યોજાશે. ■

### મલાડ-કુર્લા

એન્ટ્રીઓ દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરી, જેના કારણે ઘણા વિસ્તારોમાં અચાનક આંકડા ઓછા દેખાવા લાગ્યા. આની સીધી અસર આગામી BMC ચૂંટણીઓમાં વોર્ડ-સ્તરની સ્પર્ધાઓ પર પડી શકે છે. ડ્રાફ્ટ યાદીમાં વાંધા અને સુધારા માટે પ્રક્રિયા પૂર્ણ થયા પછી અંતિમ મતદાર યાદી જાહેર કરવામાં આવશે. ■

### વિરોધ પક્ષના નેતાની

પણ નેતા પદ ભગવા પક્ષને આપવામાં આવ્યું હતું. તેવી જ રીતે, ૧૯૮૫ માં, ભાજપ પાસે ૧૬ ધારાસભ્યો હતા, છતાં તેને નેતા પદ આપવામાં આવ્યું હતું.

કોંગ્રેસે ક્યારેય વિપક્ષના નેતાનું બંધારણીય પદ ખાલી રાખ્યું નથી, એમ તેમણે ઉમેર્યું હતું. શિવસેના (યુબીટી) ના નેતા ભાસ્કર જાધવે દાવો કર્યો હતો કે વિપક્ષનું સંખ્યાબળ ઓછું છે, પણ સરકાર પોતાના ''પાપો'' ને કારણે તેનાથી ડરે છે. તેમણે દાવો કર્યો હતો કે રાજ્યમાં દરરોજ છ થી સાત ખેડૂતો આત્મહત્યા કરીને મૃત્યુ પામે છે. સરકારે કૃષિ લોન માફીનું વચન આપીને મત મેળવ્યા હતા, પરંતુ તેનો અમલ મુલતવી રાખી રહ્યા છે, એમ તેમણે ઉમેર્યું.

નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના રેકોર્ડ મુજબ, ૨૦૨૫ ના પ્રથમ આઠ મહિનામાં, મહારાષ્ટ્રમાં ૧,૧૮૩ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી, વાડેટ્ટીવારે જણાવ્યું. આવી ખેડૂત વિરોધી સરકારનું ચાનું આમંત્રણ સ્વીકારવું અમને યોગ્ય લાગતું નથી. તેમણે રાજ્યમાં મહિલાઓ વિરુદ્ધ વધતા ગુનાઓનો પણ ઉલ્લેખ કર્યો.

સેના (UBT) ના નેતા જાધવે જણાવ્યું કે તમને પક્ષના ૨૦ ધારાસભ્યો હોવાથી વિધાનસભામાં વિપક્ષના નેતા પદ માટે તેમના પક્ષને નામાંકિત કરવામાં આવ્યા છે, પરંતુ સ્પીકર દ્વારા કેબિનેટ-કક્ષાની નિમણૂક અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

ભૂતકાળમાં, જાધવે રાજ્ય વિધાનસભાને પત્ર લખીને જાણવા માગ્યું હતું કે શું એવો કોઈ નિયમ છે કે વિપક્ષી પાસે વિધાનસભાના કુલ સંખ્યાબળના ૧૦ ટકા (૨૮૮ માંથી ૨૯ બેઠકો) હોવા જોઈએ જેથી નેતા પદ પર દાવો કરી શકાય.

શિવસેના (UBT) ના ભૂતપૂર્વ MLC અંબાદાસ દાનવેનો કાર્યકાળ ઓગસ્ટમાં સમાપ્ત થયો હતો. કોંગ્રેસે ઉપલા ગૃહમાં LoP તરીકે નિમણૂક માટે તેમના MLC સતેજ પાટિલને નોમિનેટ કર્યા છે. રાજ્ય વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદેએ રવિવારે જણાવ્યું હતું કે તેમના કાર્યાલયને વિરોધ પક્ષના નેતાની નિમણૂક માટે પ્રસ્તાવ મળ્યો છે, અને હિસ્સેદારો સાથે વાતચીત કર્યા પછી નિર્ણય લેવામાં આવશે. રાજ્ય વિધાનસભાનું શિયાળુ સત્ર ૮ થી ૧૪ ડિસેમ્બર દરમિયાન નાગપુરમાં યોજાશે. (પીટીઆઈ) ■

### શિયાળુ સત્ર માટે

બહારથી આવનારા પોલીસ અધિકારીઓના રહેવા, જમવા અને અવરજવર સંબંધી જવાબદારી સોંપાઈ છે તો ડીસીપી ટ્રાફિક લોહિત મટાની શહેરની ટ્રાફિક વ્યવસ્થા સંભાળશે. બધી ટીમ જૉઈન્ટ પોલીસ કમિશનર નવીનચંદ્ર રેડ્ડીના નિરીક્ષણ હેઠળ કામ કરશે. સુરક્ષા માટે ૧૦ ડીસીપી-એસપી, ૩૮ એસીપી, ૮૦ પોલીસ ઈન્સ્પેક્ટર, ૨૩૫ એપીઆઈ-એસઆઈ, ૨૪૦૦ કોન્સ્ટેબલ અને ૫૦૦ મહિલા કર્મચારી તહેનાત કરાયા છે. એ સિવાય ૧,૪૦૦ હોમ ગાર્ડ્સ પણ ગોઠવી દેવામાં આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

### આજથી

નોંધાયું હતું. આ સિવાય અકોલા ૧૨.૮ ડિગ્રી, અમરાવતી ૧૨.૬ ડિગ્રી, ભંડારા ૧૦.૦ ડિગ્રી, બુલઢાણા ૧૩.૨ ડિગ્રી, બ્રહ્મપુરી ૧૨.૯ ડિગ્રી, ચંદ્રપુર ૧૩.૨ ડિગ્રી, ગઢચિરોલી ૧૨.૦ ડિગ્રી, વર્ધા ૧૧.૨ ડિગ્રી, યવતમાળ ૧૦.૦ ડિગ્રી અને વાશિમમાં લઘુતમ તાપમાન ૧૧.૮ ડિગ્રી નોંધાયું હતું. ૧૨મી ડિસેમ્બર સુધી નાગપુર શહેરનું લઘુતમ તાપમાન ૧૨-૧૩ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૭-૨૯ ડિગ્રીની વચ્ચે રહેશે. ■

### ઘાટકોપર

સોસાયટીમાં રહેતા બાળકોના સ્વાસ્થ્ય ઉપર પણ અસર પડી રહી છે. આ બાબતે અનેક ફરિયાદો બીએમસી માં કર્યા પછી પણ કોઈ નિવારણ આવી નથી રહ્યું. પછી અમે લોકપ્રતિનિધિ અને અમારા સ્થાનિક વિધાનસભ્ય પરાગભાઇ શાહને આની ફરિયાદ કરી હતી. એમ અમારા માટે પ્રયત્નો તો કર્યા છે પણ કોઈ નિવેડો આવતો નથી જેથી હવે સોસાયટીવાળાઓએ નક્કી કર્યું છે કે જ્યાં સુધી અમારી પાણીની સમસ્યાનું પરમેનન્ટ સમાધાન ના થાય ત્યાં સુધી કોઈ પણ સોસાયટીની મેમ્બર કોઈને વોટ નહિ આપે.

જયારે આજ સોસાયટીના સેક્રેટરી વિનોદ સીંઘે જણાવ્યું કે રોજના એક ટેન્કર એક સોસાયટી માટે એટલે ચાર સોસાયટી માટે ચાર ટેન્કર મંગાવીએ છીએ અમારા એક ટેન્કરનું બિલ એક મહિનાનું અંદાજે એક લાખ રૂપિયા આવે છે જયારે ચાર લાખ રૂપિયા ચાર સોસાયટીને ભોગાવવા પડે છે. અમે બીએમસીના બધા જ ટેક્સ જેમકે પ્રોપર્ટી ટેક્સ હોય કે પાણીનું બિલ હોય અમે ટાઈમ પર ભરી દઈએ છીએ ત્યારે એવી શું સમસ્યા છે કે એક અમારી પાણીની સમસ્યાનું કોઈ નિવારણ નથી મળી રહ્યું.આ બાબતે જયારે સ્થાનિક વિધાનસભ્ય પરાગભાઈ શાહ સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે અમે છેલ્લા બે-અઢી વર્ષથી આ ફરિયાદને લઈને બીએમસીમાં ફરિયાદ કરીને તેમના પાણી વિભાગ અને અન્ય વિભાગો સાથે સંપર્કમાં છીએ. અમે આનું નિવારણ કરવા માટે પાણીની નવી લાઈન પણ નાખવી છે પણ પાણીનો ફોર્સ ઓછો હોવાને કારણે પાણી પૂરૂં નથી પડી રહ્યું. હવે આમા બીજો પ્રોબ્લેમ એ છે કે આજે સોસાયટી છે એને વોટિંગ પછી એ નગરપાલિકાનું હોય કે વિધાનસભાનું ઘાટકોપરના 'એન' વોર્ડમાં આવે છે જયારે આનું ટેક્નિકલી પાણી વિભાગ અને બીજા અન્ય વિભાગો 'એલ' વિભાગ કુરલામાં છે. હવે આ પ્રિમાઇસિસ 'એલ' વિભાગ નો પણ છેલ્લો ભાગ છે અને 'એન' વિભાગનો પણ છેલ્લો ભાગ છે જેને કારણે આ પ્રોબ્લેમ આવી રહ્યો છે અમે આના નિવારણ માટે આ આખી સોસાટીને 'એલ' વિભાગમાંથી 'એન' વિભાગ માં ટ્રાન્સફર કરવા માટે બધા જ ફોર્માલિટી પૂરી કરી રહ્યાં છે પણ આનું પ્રોસિજર લાંબું છે અને આને થોડો સમય લાગશે ખરો પણ અમે અમારા પ્રયત્નો કરી રહ્યા છે. ■

### વિપક્ષી નેતાની

નેતા હતા અને તેમનો કાર્યકાળ આ વર્ષે જુલાઈમાં સમાપ્ત થયો હતો. ગયા વર્ષે ડિસેમ્બરમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં નવી સરકારની રચના થયા પછી રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતાનું પદ ખાલી છે.

સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા સામેના વિશેષાધિકાર ભંગ પ્રસ્તાવ વિશે બોલતા, શિંદેએ પુષ્ટિ આપી કે મામલો પ્રક્રિયા મુજબ આગળ વધી રહ્યો છે.

વિશેષાધિકાર ભંગ પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો છે અને તેને વિશેષાધિકાર

સમિતિને મોકલવામાં આવ્યો છે, જે તેની તપાસ થશે, અને તેનો અહેવાલ રજૂ થયા પછી ગૃહમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે, તેમણે કહ્યું.

ગયા વર્ષે માર્ચમાં સરકારની ટીકા કરતો કામરાનો વીડિયો વાઇરલ થયા પછી આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પર નિર્દેશિત તેમની ટિપ્પણીએ સમર્થકોમાં ગુસ્સો ફેલાવ્યો હતો, જેના કારણે જ્યાં તેનો કાર્યક્રમ રેકોર્ડ કરવામાં આવ્યો હતો તે સ્થળે તોડફોડ થઈ હતી. ભાજપના ધારાસભ્યોએ બાદમાં કાઉન્સિલમાં આ મુદ્દો ઉઠાવ્યો અને પ્રસ્તાવ રજૂ કર્યો.

નાગપુરમાં શિયાળુ સત્ર દરમિયાન ઓછા સ્થાનિક મુદ્દાઓ પર ચર્ચા થાય છે તેવી ટીકા અંગે શિંદેએ કહ્યું કે તેઓ ખાતરી કરશે કે વિદર્ભ અને વિપક્ષી નેતા દ્વારા ઉઠાવવામાં આવેલી અન્ય પ્રદેશ-વિશિષ્ટ માગણીઓ પર સત્ર દરમિયાન યોગ્ય ધ્યાન આપવામાં આવે. (પીટીઆઈ) ■

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી ઝાલાવાડી જૈન**

ઘાટકોપર સ્થિત મહાસુખભાઇ હરીચંદ બોટાદરા (ઉં. વ. ૮૫) તા. ૬-૧૨-૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે મણીબહેન હરીચંદ બોટાદરાના સુપુત્ર. તે રતિલાલ ન્યાલચંદ શાહના જમાઇ. તે ઉષાબેન મહાસુખભાઇ બોટાદરાના પતિ. તે ચંદ્રકાંતભાઇ, અનુભાઇ, કાંતિભાઇ, પ્રવીણભાઇ, ગુણવંતીબેન, શારદાબેન, મીનાબેનના ભાઇ. તે સુનિલ મહાસુખ બોટાદરા, નીલમ દિવ્યેશ શાહ, પ્રીતિ મનીષ શેઠના પિતાશ્રી. તે શીતલ સુનિલ બોટાદરાના સસરા. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા અડુલો ફરીયોના હંસા હરીશ વેલજી મારૂ (ઉં. વ.૬૭) ૩-૧૨-૨૫ના અવસાન પામેલ છે. ભાણબાઇ વેલજીના પુત્રવધુ. હરીશના પત્ની. ઝંખણા, ઝરણા, હાર્દિકના માતા. નિર્મળા શાંતિલાલના પુત્રી. નયના મણીલાલ, ભુજપુરના રૂક્ષ્મણી મોનજી, કુ. વિમળાના ભત્રીજી. દિપક, જ્યોતી રમેશ, કપાયાના શૈલા રાજેશના બેન. પ્રા. વ.સ્થા.જૈન સંઘ સંચાલિત કરસન લઘુ નિસર હોલ, દાદર (વે). બપોરે ૨ થી ૩.૩૦. ચક્ષુદાન કરેલ છે. નિ. હાર્દિક મારૂ, એ/૫૦૩, શ્રી આશિર્વાદ, આનંદ નગર, દહીંસર (ઈ).

છસરા હાલે ડોંબિવલીના ભાવેશ પોપટલાલ ગાલા (ઉં.વ.૫૨)૦૪-૧૨-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી વેલબાઈ કુંવરજી ઘેલાના પૌત્ર. અમૃતબેન પોપટલાલ કુંવરજી ગાલાના સુપુત્ર. ભારતીબેનના ભાઈ. રતાડીયા ગ.ના લક્ષ્મીબેન ખીમજી ધનજી સાવલાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ભારતી ધીરજ છેડા, ૧૦૧, એ વીંગ, ન્યુ અવંતીકા કો.ઓ.હા.સો., મઢવી બંગલાની પાછળ, રાજાજી રોડ, ડોંબિવલી (ઈ), ૪૨૧૨૦૧.

કપાયાના બીના દિનેશ દેઢિયા (ઉં. વ.૫૬) ૬-૧૨-૨૫ના અવસાન પામેલ છે. જવેરબેન નાનજીના પુત્રવધુ. દિનેશના પત્ની. તારાબેન હરખચંદના પુત્રી. કેતન, મનીષા/રશ્મિના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કેતન શાહ, બી-૨૪, સ્પેરી સ્ટાર, એક્સર રોડ, બોરીવલી (વે).

આધોઇના હર્ષાબેન વિનોદ નિસર (ઉં.વ.૫૫) તા. ૫-૧૨-૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. ગં.સ્વ. પુનઈબેન રાજાભાઈના પુત્રવધુ. વિનોદના ધર્મપત્ની. પૂજા, મિહિરના માતુશ્રી. સ્વ. લક્ષ્મીબેન ડુંગરશી બુરીચાના દીકરી. સ્વ.સતીશ, નેમચંદ, નવિન, પ્રભા, વિમળા, નીતા, કલ્પનાના બહેન. પ્રાર્થના સભા : સોમવાર, તા. ૮.૧૨.૨૫. સવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦. નારણજી શામજી વાડી, માટુંગા (સે.રે.). પ્રાર્થના પછી બર વિધી રાખેલ છે. નિવાસ સ્થાન : મીહીર નિસર, ૧૦૧ નક્ષત્ર, વી.એન. પૂરવ માર્ગ, ચેમ્બુર નાકા. ૭૧.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી હાલ બોરીવલી સ્વ જયંતિલાલ શાંતિલાલ ઘેલાણીના ધર્મપત્ની નલીનીબેન (ઉં.વ.૭૬) તા. ૭/૧૨/૨૫ને રવિવારના અરિહંતશરણ થયેલ છે તે મયુર અને પરાગના માતુશ્રી. રીના તથા ફોરમના સાસુ. તે રમણીકભાઈ જયકાંતભાઇ, રમેશભાઈ ઘેલાણીના ભાભી. જૂના સાવર નિવાસી હાલ જલગાંવ નિર્મળાબેન ગોકુળદાસ પ્રાગજીભાઈ કામદારના સુપુત્રી. તે રંજનબેન સુતરીયા હર્ષાબેન દેસાઈ અનુપમાબેન બાવીસીના મોટા બેન. પ્રાર્થનાસભા તા. ૯/૧૨/૨૫ને મંગળવાર, સાંજના ૪ થી ૬. લોટસ હોલ, રઘુલીલા મોલ, કાંદીવલી વેસ્ટમાં રાખેલ છે.

### મસ્ક્યુલર ડિસ્ટ્રોફી

બીમારીવાળાં બાળકો માટે ઓછી ખર્ચાળ ફિઝીયોથેરાપીની જરૂરિયાત પર ભાર મૂકતા, તેમણે કહ્યું કે રાજ્ય સારવાર ખર્ચ ઘટાડવા માટે સીએસઆર ફંડ્સ, જાહેર આરોગ્ય વિભાગ અને જાહેર ભાગીદારી દ્વારા એકત્ર સહાય કરશે, અને ઉમેર્યું કે તેને વધુ સુલભ બનાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે.

''રાજ્ય સરકાર જાહેર પરિવહન પ્રણાલીમાં વિશેષ સુવિધાઓ ઊભી કરવા માટે કામ કરી રહી છે. આ બાળકો માટે એસટી બસો, મેટ્રો અને મોનોરેલ સેવાઓમાં અનુકૂળ મુસાફરી વ્યવસ્થા વિકસાવવામાં આવશે. વધુમાં, મસ્ક્યુલર ડિસ્ટ્રોફીના દર્દીઓ માટે સમર્પિત ઉપચાર કેન્દ્ર સ્થાપવાની દરખાસ્તને ઝડપી બનાવવામાં આવી છે અને ટૂંક સમયમાં તેને હાથ ધરવામાં આવશે, એવી માહિતી શિંદેએ આપી હતી. ■

### વિપક્ષ નેતાની

ઓછી ૧૦ ટકા બેઠકો જીતવી જરૂરી છે.

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓને કારણે રાજ્યમાં આચારસંહિતા લાગુ હોવાથી શિયાળુ સત્ર ફક્ત સાત દિવસનું જ રહેશે, એમ ફડણવીસે કહ્યું હતું.

'સમય ભલે ઓછો હોય, પરંતુ વધુ કાર્ય કરવાની તથા મરાઠવાડા અને વિદર્ભ માટે વધુ નિર્ણયો લેવાની અમારી યોજના છે. કુલ ૧૧ ખરડા રજૂ કરવામાં આવશે', એમ તેમણે વધુમાં કહ્યું હતું.

અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત ૯૨ ટકા ખેડૂતોને આર્થિક સહાય પહોંચી ગઇ છે. બાકીના લોકોને કેવાયસી માહિતી અપડેટ કરાવ્યા બાદ આ લાભ મળશે, એમ મુખ્ય પ્રધાને કહ્યું હતું. (પીટીઆઇ) ■

## હિન્દુ મરણ

**ખંભાતી લાડ વણિક**

કુમારી અંજની (ઉં. વ. ૭૯) તે સ્વ. સાવિત્રી અને રતિલાલ રણછોડદાસ કાપડીયાના પુત્રી શુક્રવાર તા. ૫ ડિસેમ્બરના ૨૦૨૫ના રોજ દેવલોક પામ્યા છે. તે સ્વ. વિનોદચંદ્ર, સ્વ. પ્રવીણ, બિપીનચંદ્ર, સ્વ. ઊર્મિલા જવાહર દલાલ, કુસુમ પદ્મનાભ મરચંટ, સ્વ. વીણા કિરીટ થાણાવાલા, સ્વ. તરૂણા મહેશ શાહ અને મિના હેમંત વકીલના બહેન. લૌકિક પ્રથા રાખેલ નથી.

**ઔદીચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ**

મૂળ મોરબી ટંકારાના હાલ કચ્છ માંડવીના નિવાસી ગં. સ્વ. ભારતી વસંતરાય જાની (ઉં. વ. ૮૨) તે સ્વ વસંતરાય લાભશંકર જાનીના ધર્મપત્ની તથા સ્વ. ધીરજલાલ આચાર્યના પુત્રી. અક્ષયકુમાર, સૌ. પ્રીતી નીતીન દવે તથા સ્વ. ઉર્વી મહેશ સોનીના માતુશ્રી. સૌ. લક્ષા અક્ષયકુમારના સાસુ તા. ૬-૧૨-૨૫ના રોજ મુંબઇ મુકામે શ્રીનાથચરણ પામ્યા છે. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા દિશાવળ વણિક**

અ. સૌ. રૂચિતા કુંજન જાટકીયા (ઉં. વ. ૪૪) તે જનક મહેન્દ્રકુમાર જાટકીયાના પુત્રવધૂ. તે કુંજનના ધર્મપત્ની. તે રીવાનના માતુશ્રી. તે રોશનીના ભાભી. તે પ્રદ્યુમન અને પ્રજ્ઞાબેન પરીખની પુત્રી. તે ભાવિનની બહેન શુક્રવાર તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૫ના સાંજે ૫થી ૭. ઠે. મુક્તિધામ હોલ, સહાર રોડ, પારસીવાડા, ચકાલા, મુંબઇ-૯૯, ખાતે રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

ગામ જામખંભાળિયા (હાલ મુંબઇ) ગં. સ્વ. કુમુદબેન રમણીકભાઇ પંચમતિયાના સુપુત્ર પરાગ (ઉં. વ. ૫૫) તા. ૬-૧૨-૨૫ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સીમાબેનના પતિ. ખુશી, ક્રિષ્ટિ, કીયારા તથા સ્વ. શ્રીના પિતા. તે સ્વ. દીપકના ભાઇ. ગં. સ્વ. સરસ્વતી દગુ ભાત્રેના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા /નવગામ ભાટિયા**

કચ્છ અંજાર હાલ કાંદિવલી સ્વ. પુષ્પાબેન પ્રતાપસિંહ સંપટના સુપુત્ર યોગેશ (ઉં. વ.૭૨), તે અંજનાના પતિ. સ્વ. ડાહ્યાલાલ મોહનલાલ આશરના જમાઈ. તે અમિત-માલા અને પારસ-ચાંદનીના પિતાશ્રી. તે ગં.સ્વ. ઉર્વશીબેન અરુણકુમાર આશર, વર્ષાબેન કૌશિકકુમાર દલાલ, છાયાબેન ભરતભાઈ વેદ, ભરતભાઈ અને સમીર ભાઈના ભાઈ. તે મીના નરેન્દ્ર સંપટ અને હર્ષા ડેના બનેવી. શનિવાર તા. ૬-૧૨-૨૫ના શ્રીજી શરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૯-૧૨-૨૫ મંગળવાર ૫ થી ૭ લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ એક્સટેન રોડ, મનુભાઈ દત્તાણી માર્ગ, અતુલ ટાવરની નજીક, કાંદિવલી વેસ્ટ. પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

જેન્તીલાલ (ઉં. વ.૮૫) મૂળ ગામ મઉ મોટી હાલે મુલુંડ, ૪/૧૨/૨૫ ને ગુરૂવારના રોજ રામશરણ પામ્યા છે. તે સ્વ. સાકરબેન જેઠાલાલ રાજાવાઢાના પુત્ર. ગં. સ્વ. નર્મદાબેનના પતિ. હીરજી નેણશી છાટબાર ધાવડા મોટાના જમાઈ. મીના મનોજભાઈ શનિશ્ચરા, હર્ષા ધીરજ ટાટારીયા, ગીતા નીતીન વીંછી,માયા નીલેશ બોસમીયા તથા અરવિંદભાઈના પિતાશ્રી. હર્ષ અને જીતના દાદા. પ્રાર્થના સભા તા. ૮/૧૨/૨૫ને સોમવારના સાંજે ૪ થી ૫, પાંજી વાડી, કાંજુરમાર્ગ (પૂર્વ). દશાવ પ્રથા બંધ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

વિનોદભાઈ (ઉં.વ.૭૫) તે જ્યોત્સનાબેન જયંતીલાલ જોશીના પુત્ર. શોભનાના પતિ. સ્વ. ભાનુબેન ભાણજી જોશીના જમાઈ. અલ્પા પારુલ જીગીશાના પિતા. ભાવેશ સ્વ. વિપુલ તથા મનીષના સસરા. સ્વ જીતેન્દ્રભાઈ, ભરતભાઈ, ઘનશ્યામભાઈ, દેવયાનીબેન, હંસાના ભાઈ. શનિવાર તારીખ ૬-૧૨-૨૫ ના શ્રીજી ચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા સોમવાર તારીખ ૮-૧૨-૨૫ના રોજ સાંજે ૪-૩૦ થી ૫-૩૦ સિદ્ધાર્થ સોસાયટી સી-૫૪ સેક્ટર ૯ શાંતિનગર, મીરા રોડ ખાતે રાખેલ છે.

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ**

મોઢુકા નિવાસી હાલ વસઈ રોડ. રંભાબેન નાગરદાસ મકાણીના પુત્ર સ્વ. હિરાલાલ (ઉં.વ. ૭૯) ૫/૧૨/૨૫ શ્રીજીચરણ પામ્યાં છે. તે ગં.સૌ. નીરૂબેનના પતિ. સ્વ.ભરતભાઈ, મહેશભાઈ અને રશ્મિ રાજુ કાજાણીના પિતા. તેઓ પુજાબેનના સસરા. તે સ્વ.મનસુખભાઈ, સ્વ. અમૃતલાલ, ચંચીબેન જીવરાજ ટોપિયા, શારદાબેન નંદલાલ પરમાર, કલાબેન ચંદ્રકાન્ત ચૌહાણના ભાઈ. તે સ્વ. મંછાબેન જયંતિલાલ ચૌહાણના જમાઈ. બંન્નેપક્ષની સાદડી ૮/૧૨/૨૫ સોમવારના રોજ બપોરે ૪ થી ૬ રાખેલ છે. સરનામું: કે.ટી.વાડી હોલ.હોલી પેરેડાઈઝ સ્કુલ ની બાજુમાં. કે.ટી.વિલેજ.૬૦ ફુટ રોડ. વસઈ રોડ(વેસ્ટ).

### મહાયુતિ

સાંસદ શ્રીકાંત શિંદે પણ હાજર રહ્યા હતા. મહાયુતિના ઘટક પક્ષોના નેતાઓ અને કાર્યકરો વચ્ચે હવે કોઇ વિવાદ નથી તથા બન્ને પક્ષના નેતાઓ અને કાર્યકરોને ફોડવામાં આવશે નહીં એવો સંકેત ચવ્હાણે આપ્યા બાદ બન્ને નેતાએ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. એટલું જ નહીં ચવ્હાણે કાર્યક્રમમાં એકનાથ શિંદે જ્યારે મુખ્ય પ્રધાન હતા ત્યારે તેમને કરેલા કાર્યોના વખાણ પણ કર્યા હતા. પાલિકાની ચૂંટણીઓ પહેલા શિંદેના ગઢ માનવામાં આવતા થાણેમાં ભાજપ અને શિવસેના વચ્ચે શીતયુદ્ધ શરૂ થયું હતું. શિંદે સેનાએ સૌથી પહેલા ઉલ્હાસનગરમાં ભાજપના પાંચ ભૂતપૂર્વ નગરસેવકને પોતાના પક્ષમાં સામેલ કર્યા હતા. તેના જવાબમાં ભાજપે પણ શિંદે સેનાના ઘણા નેતાઓને ફોડ્યા હતા. ■

### ભાજપ સાથે ભારે

ટેકો આપવાનું શરૂ કર્યું છે. તેવી જ રીતે, હવે ઉદ્ધવ ઠાકરેએ પણ કામદાર સેનાના કામકાજ પર જાતે ધ્યાન આપવાનું શરૂ કર્યું છે અને રાજ્યભરના તમામ કામદાર સેનાના પદાધિકારીઓની સમસ્યાઓ સમજીને, તેમણે પદાધિકારીઓને શક્ય હોય ત્યાં ભાજપ પર વળતો હુમલો કરવા સૂચના આપી છે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ



મનન

# સંસ્કૃત-દેવોની ભાષા

હેમંત વાળા
feedback@bombaysamachar.com

એ સમજવું પડે કે સંસ્કૃતિ દેવોની ભાષા છે, બ્રહ્મની નહીં, ચૈતન્યની નહીં, પરમ તત્ત્વની નહીં, પરમ આનંદની નહીં. અહીં એ વાત તો સ્થાપિત થાય છે જ કે દેવ એ બ્રહ્મ નથી. પ્રત્યેક દેવ બ્રહ્મનું એક મર્યાદિત સ્વરૂપ છે,એક ચોક્કસ નિર્ધારિત હેતુ માટેનો બ્રહ્મનો અંશ છે. એ સત્ય છે કે બ્રહ્મની અધ્યક્ષતામાં સૃષ્ટિનો વ્યવહાર ચાલે છે, જેનાં સિદ્ધાંત છે અને નિયમો છે. આમાંના કોઈ એક સિદ્ધાંત કે નિયમની જાળવણી કોઈ એક તત્ત્વ કરે, તે પણ સિદ્ધાંત અને નિયમ અનુસાર. આ તત્ત્વ એટલે દેવ. દરેક દેવ સૃષ્ટિની એક ચોક્કસ વ્યવસ્થાની જાળવણી કરે. દેવોએ એ જોવાનું ઉત્તરદાયિત્વ હોય છે કે સૃષ્ટિનાં તેમને સંલગ્ન વિભાગનું સ્વરૂપ યોગ્ય સ્થિતિમાં જળવાઈ રહે. આ દેવોની ભાષા એટલે સંસ્કૃત.

સમ્ + કૃ સાથે થતાં સંસ્કૃત શબ્દ ઉદભવ્યો. પ્રતીકાત્મક રીતે એમ કહી શકાય કે જે સમાન છે, જે શુદ્ધ છે, જે પવિત્ર છે, જે વ્યવસ્થિત છે, જે રાગદ્વેષ વિનાનું છે, જે વિકાર મુક્ત છે, જે સારી રીતે સ્થાપિત અને સારી રીતે જળવાયેલું છે તે સંસ્કૃત. ભાષાની દ્રષ્ટિએ સંસ્કૃત એટલે શુદ્ધ કરેલી વ્યવસ્થિત, પવિત્ર ભાષા. એમ કહી શકાય કે દેવ તો કોઈ પણ ભાષા સમજી શકે કારણકે દેવ ભાવ સમજે, ભાષા તો વ્યવહારનો અકસ્માત છે. પણ આમ નથી. સામાન્ય સમજ પ્રમાણે ભાષાનો જે અર્થ થતો હોય છે, તેનાથી સંસ્કૃત ઘણું આગળ છે.

દેવ સાથે એટલે કે દૈવી-શક્તિ સાથે સંપર્ક ઘણી રીતે સાધી શકાય. સંપૂર્ણ એકાગ્રતાથી શાસ્ત્રીય રીતે કરાયેલાં મંત્ર-જાપ, સંપૂર્ણ શ્રદ્ધા અને સમર્પણથી કરાયેલ પૂજા-અર્ચના-પ્રાર્થના, અંતરની ભાવનાથી કરાયેલ સ્મરણ-ધ્યાન, શાસ્ત્રમાં નિર્ધારિત ક્રિયા-વસ્તુ દ્વારા ભૌતિક તેમજ સૂક્ષ્મ બાબતોનું કરાતું અર્પણ, શાસ્ત્રો તથા ગુરુદેવના માર્ગદર્શન હેઠળ કરાતી સાધના તથા નિર્ધારિત યજ્ઞ-હવન દ્વારા દેવ સાથે સંપર્ક સાધી શકાય. આ બધામાં સૌથી સિદ્ધ, સરળ, વ્યવહારુ, સાત્ત્વિક અને સ્વીકૃત માધ્યમ છે મંત્ર-જાપ. ગીતામાં પણ વિભૂતિ યોગમાં શ્રીકૃષ્ણ જણાવે છે કે 'યજ્ઞમાં જપયજ્ઞ હું છું'.

જાપ એટલે કોઈ એક શબ્દનું વારંવાર કરાતું ઉચ્ચારણ. મંત્રમાં આ શબ્દની લંબાઈ વધુ હોઈ શકે અથવા એક કરતાં વધુ શબ્દનો સમાવેશ હોઈ શકે. જાપ અને મંત્રમાં ઉચ્ચારણનું મહત્ત્વ છે. એમ કહેવાય છે કે, અને ઇતિહાસમાં તે સિદ્ધ પણ થયું છે કે, દરેક દેવ એક મંત્રથી બંધાયેલો હોય છે. એ મંત્રનું જ્યારે ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે તે દેવ હાજર થાય અને ઇચ્છિત વરદાન આપે. અહીં શ્રદ્ધાની કે ભાવનાત્મક સમર્પણની આવશ્યકતા પણ નથી હોતી. મહાભારત ઇતિહાસમાં એક પ્રસંગ છે જેમાં કુંતીને દુર્વાસા ઋષિ મંત્ર આપે છે. આ મંત્રને ચકાસવા માટે કુંતી તેનું ઉચ્ચારણ કરે છે અને ફળ સ્વરૂપે કર્ણનો જન્મ થાય છે. અહીં કુંતાને તો મંત્ર અને તેના ફળ વિશે શંકા હતી, છતાં પરિણામ મળ્યું. પૌરાણિક ઇતિહાસમાં આવાં અનેક પ્રસંગો મળી રહે છે. વાલિયા લુંટારાને પણ 'રામ' શબ્દની અદ્ભુત આધ્યાત્મિક અસર વિશે માહિતી પણ ન હતી અને વિશ્વાસ પણ ન હતો. છતાં પણ તે 'રામ' શબ્દનાં ઉચ્ચારણથી જ તેઓ વાલ્મીકિ ઋષિ બની શક્યાં. રહસ્ય ઉચ્ચારણમાં છે.


હવે પાછી સંસ્કૃત ભાષાની વાત કરીએ. સામાન્ય સંસ્કૃત ભાષાનો એક પ્રકારનો વિસ્તાર છે જ્યારે આધ્યાત્મિક-સંસ્કૃત ભાષા જુદાં જ સ્તર પર પ્રવૃત્ત રહે છે. આ સ્તરની વાસ્તવિકતા સમજવી હોય તો 'ૐ' ધ્વનિની અસર સમજવી પડે. ૐ એ કંઈ શબ્દ નથી એ ધ્વનિ આધારિત નાનામાં નાનો મંત્ર છે. શાસ્ત્રીય પદ્ધતિથી એનું ઉચ્ચારણ જ્યારે કરવામાં આવે ત્યારે શરીરની અંદર ચોક્કસ પ્રકારનાં સ્પંદનો જાગૃત થાય અને તે સ્પંદનોથી આત્માનો પ્રકાશ, જે આવરણથી ઢંકાઈ ગયો છે તે ફરીથી, પ્રત્યક્ષ થવાની સંભાવના ઊભી થાય. ધ્વનિ તરંગોની જે અસર છે તે આધ્યાત્મિક-સંસ્કૃતમાં સ્પષ્ટ રીતે, સચોટતાથી પ્રતિબિંબિત કરવામાં આવી છે - પ્રયોજવામાં આવી છે. 'રામ' ધ્વનિનું પણ આવું જ પરિણામ આવે. વાસ્તવમાં રામ એ શબ્દ નથી પરંતુ ધ્વનિ છે અને એ ધ્વનિ તરંગોની અસર વાલિયા લુંટારાને થઈ હતી અને તેનુ આધ્યાત્મિક જાગૃતિમાં રૂપાંતરણ થયું. એમ કહી શકાય કે આધ્યાત્મિક-સંસ્કૃત એટલે ધ્વનિ તરંગોનું વિજ્ઞાન.

જ્યારે એમ કહેવામાં આવે કે દેવ મંત્રથી બંધાયેલા હોય છે ત્યારે તે મંત્રની શબ્દ તરીકે નહીં પરંતુ ધ્વનિ તરંગોની એક ચોક્કસ પ્રકારની ગોઠવણી વાત હોય છે. જો આ ધ્વનિ તરંગો 'પ્રગટ' થાય તો તે દેવતા પણ પ્રગટ થાય. જો આ ધ્વનિ તરંગોનો પ્રસાર થાય તો તેની અસર સૂક્ષ્મ વિશ્વ સુધી પહોંચે જેથી દેવોએ તેની નોંધ લેવી પડે. આ ધ્વનિ તરંગો સૂક્ષ્મ વિશ્વમાં, સૂક્ષ્મ વિશ્વને પણ તરંગીત કરે. એમ પણ જોવા મળે છે કે કોઈ એક વ્યક્તિ અન્યને સંભળાય એ રીતે મંત્ર-જાપનું ઉચ્ચારણ કરે તો તે અન્યને પણ તેનો લાભ મળે. જ્યાં સાત્ત્વિક ભાવથી મંત્ર જાપ થતાં હોય ત્યાં એક પ્રકારની શાંતિ અનુભવાય, આ દરેક વ્યક્તિનો અનુભવ હોય છે. ફરીથી એ જ વાત, આ શબ્દનો પ્રભાવ નથી ધ્વનિ તરંગોનો પ્રભાવ છે.

સનાતની સંસ્કૃતિમાં કેવાં પ્રકારનો ધ્વનિ તરંગ સૂક્ષ્મ અસ્તિત્વને, સૂક્ષ્મ વિશ્વને કેવી અસર કરી શકે તેનો વ્યવસ્થિત અભ્યાસ થયો છે અને તેને સકારાત્મક રીતે મંત્ર-જાપ દ્વારા પ્રયોજવાનો પ્રયત્ન પણ થયો છે. અર્થાત આ સૂક્ષ્મ તરંગોથી સૂક્ષ્મ અસ્તિત્વ એવા દેવને પ્રભાવિત કરવાની એક વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આધ્યાત્મિક-સંસ્કૃત, એટલે કે સંસ્કૃત ભાષામાં આ વ્યવસ્થા બહુ ચીવટતા અને અસરકારક રીતે અને બહુ જ સંવેદનાથી વણી લેવામાં આવી છે, અને તેથી સંસ્કૃત ભાષાનાં કેટલાંક શબ્દોનાં પ્રયોગથી દેવો સુધી સંદેશો પહોંચાડી શકાય, દેવોનો સંપર્ક સાધી શકાય. સંસ્કૃત દેવતાઓની ભાષા છે.

અન્ય રીતે પણ દેવો સાથે સંપર્ક સાધી શકાય, પરંતુ મંત્ર-જાપ સૌથી હાથવગું માધ્યમ બની રહે. આ મંત્ર-જાપનો આધાર સંસ્કૃત ભાષા છે. અન્ય સંસ્કૃતિમાં સૂક્ષ્મ વિશ્વ બાબતે આ સ્તર સુધી વિચારણા પણ નથી થઈ, તો કામ તો ક્યાંથી થયું હોય, ભાષા તો ક્યાંથી શોધાઈ હોય, પ્રબળ ધ્વનિ તરંગોની વાત તો ક્યાંથી થઈ હોય. આ બધું સનાતની સંસ્કૃતિમાં જ મળે અને તેથી સંસ્કૃતમાં જ મળે. ■

# શિષ્ય કેવો હોવો જોઈએ? કોણ શિષ્ય બની શકે?





માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

ગુરુની પાસે શું લઈને જવું જોઈએ ? ગુરુની પાસે મોટામાં મોટી વસ્તુ- દક્ષિણા લઈને જવાનું હોય, પત્રમ્, પુષ્પમ્, ફલમ્, તોયમ્, અધ્યાત્મ જગતમાં તો ગુરુ પાસે શ્રદ્ધા લઈને જવાનું હોય.અને એટલા માટે જ આપણે શિક્ષકને, અધ્યાપકને, આચાર્યને બધાને ગુરુભાવથી જોઈએ છીએ. ગુરુની પાસે કોઈ ફી નથી હોતી.ગુરુની પાસે કેવલ શ્રદ્ધા લઈને જવાનું હોય.

ચૈતન્ય મહાપ્રભુએ તો એમ કહ્યું કે શિષ્ય સદૈવ ભિક્ષુક હોવો જોઈએ. શિષ્ય ભિખારી હોય, એને જ શિષ્ય બનવાનો અધિકાર છે. ચેતન્ય મહાપ્રભુજીને કોઈએ પૂછ્યું કે શિષ્ય ભિખારી છે, તો એની પાસે ભિક્ષાપાત્ર કયુ ? કહે, શ્રદ્ધા. જેની પાસે શ્રદ્ધાનો પાત્ર હશે એને ગુરુ લબાલક ભરી દેશે. જેની પાસે શ્રદ્ધાનું પાત્ર નહીં હોય એ કદી ભરાશે નહીં. ભાગવતજીમાં શ્રદ્ધાથી ભક્તિનો આરંભ છે. શ્રદ્ધાથી જ્ઞાન, શ્રદ્ધાથી ભક્તિ અને શ્રદ્ધા વગર યોગ સાધી શકાય નહીં. શ્રદ્ધાને બહુ જ મહત્ત્વ આપ્યું છે. શ્રદ્ધાવાન લભલે જ્ઞાનં। શ્રદ્ધા વગર જ્ઞાન નહીં, ભક્તિ નહીં, યોગ નહીં, ધર્મ-કર્મ નહીં. શ્રદ્ધા બહુ જ મોટું શક્તિશાળી પાત્ર છે. બૌદ્ધિક જગતે શ્રદ્ધાની બહુ આલોચના કરી છે. સમજ્યા વગર શ્રદ્ધાની કરેલી આલોચના એ બૌદ્ધિક જગતે કરેલું પાપ છે. શ્રદ્ધા બહુ ગજબની છે. આપણને આપણી આંખે અમુક વસ્તુ નથી દેખાતી એનો અર્થ એ નથી કે હું ને તમે આલોચનામાં ઉતરીએ. શ્રદ્ધાની આંખ કંઈક જુદી જ હોય છે. શિવને વરવા માટે પાર્વતી રૂપ શ્રદ્ધા જોઈએ. શ્રદ્ધાથી જ શરૂઆત છે બાપ ! મને બહુ ગમે છે.

ચૈતન્યએ કહ્યું, દેશમાં ગુરુનો શિષ્યનો ભિખારી હોય. ભિખારીનો બીજો અર્થ, એને ધક્કો મારો તો જતો રહે, પણ વળી પાછો આવીને ઊભો રહે. તું કારો કરો,. મારો, કપડાં ફાડી નાખો તોય ફરિયાદ ન કરે. વળી પાછો 'અન્નદાતા' કહી ઊભો રહે ! શિષ્ય તો ભિખારી હોય. મને એક મહાત્માએ નાની ડાયરી આપી, જેમાં અનેક પહોંચેલા મહાપુરુષો, સુફી સંતના નાના નાના દ્રષ્ટાંતો હતા..

વૃંદાવનની કથામાં હું એક દ્રષ્ટાંત કહેતો હતો. એક સુફી સંત પાસે ચીનનો એક ચિંતક, જેનું નામ હું ભૂલી ગયો છું, તે જાય છે. એણે જઈ અને પેલા મહાપુરુષને કહ્યું કે હું કંઈક પામવા આવ્યો છું. આપની પાસેથી કંઈક પામવું છે. એમ? પહેલા મહારાજે કહ્યું કે સારું, અહીં રહો. પેલો ચીનનો ચિંતક, બુદ્ધિમાન માણસ એક વર્ષ સુધી ત્યાં રહ્યો. પહેલા ગુરુએ એની સાથે કોઈ જ વાત ન કરી. બંને વચ્ચે કોઈ પ્રકારનો વાર્તાલાપ ન થયો. એક વર્ષમાં તો પેલો બુદ્ધિમાન ચિંતક કંટાળી ગયો. તેને થયું કે હું ખોટી જગ્યાએ આવી ગયો લાગુ છું. આમાં કંઈ છે નહીં. નહીં તો કંઈક તો બોલે ને ? અને પછી કહે છે કે તે કોઈ બીજા મહાપુરુષ પાસે ગયો.

જઈ અને વંદન કર્યું અને એક વર્ષ જે સુફી સંત પાસે રહ્યો હતો તેની વાત કરવા માંડ્યો કે બાબા, દુનિયા ભલે ગમે તે કહે, ભલે કહે કે તે સંત બહુ મોટું નામ છે, પરંતુ હું તો એક વર્ષ એમની પાસે રહ્યો, એમને કંઈ આવડતું નથી. ખાલી મોટી પ્રસિદ્ધિ છે, પણ કોઈ અનુભૂતિ નથી. બીજા સંત બોલ્યાઃ તમે એમની પાસેથી કંઈ મેળવી ન શક્યા ? પેલાએ કહ્યું ના. તો મહાત્મા બોલ્યા કે અહીંથી જતા રહો. કહે કેમ ? બીજા સંતે કહ્યું ભાઈ, એ મહાત્મા તો સમુદ્ર સમાન છે, અમે તો ખાબોચિયાં છીએ. સમુદ્ર પાસેથી તને કઈ ન મળ્યું હોય તો અમારી પાસેથી કંઈ આશા ન રાખીશ. નીકળી જા !

ચીનનો બૌદ્ધિક પછી કોઈ ત્રીજા મહાપુરુષ પાસે જાય છે. તેમની પાસે જઈ ફરી એ જ વાત કરે છે કે જેમની બહુ ખ્યાતિ છે એવા મહાપુરુષ પાસે ગયો પણ મને કોઈ અનુભવ ન થયો. ત્રીજા મહાપુરુષ એ પણ પેલા મહાન સુફીની સહાના કરતા જણાવ્યું કે તેઓ ખૂબ મહાન છે. તું એમનાથી તૃપ્ત ન થયો તો અહીં કોઈ વ્યવસ્થા નથી, તો નીકળી જા. એમ કહે છે કે ત્રણ વર્ષ પછી એ બુદ્ધિમાન ફરતો ફરતો પાછો એ જ મહાપુરુષ પાસે ગયો. પગ પકડી લીધા. મહાપુરુષે પૂછ્યું, ફરી આવ્યો ? કહે બાપજી હા, હવે બતાવો..તમારા માટે લોકો કેટલી બધી વાતો કરે છે ! તમે મારા માટે કંઈક કરી શકો. હું એક વર્ષ તમારી પાસે રહ્યો હતો પણ તમે મારી સાથે વાત પણ ન કરી. ત્યારે એ મહાન સુફીની આંખમાં આંસુ આવી ગયા. એણે કહ્યું કે તું તો એક વર્ષની વાત કરે છે, પણ હું મારા ગુરુ પાસે ત્રણ વર્ષ રહ્યો.. મેં તારી સાથે વાત નહોતી કરી, મારા ગુરુએ તો મારી સામે પણ જોયું નહીં. છતાં હું પડ્યો રહ્યો ભિખારીની જેમ. ત્રણ વર્ષ સુધી મારી સામે જોયું નહોતું, ત્યારે હું થોડોક ભરાયો છું ! તેથી ચૈતન્ય કહે છે શિષ્ય હોય તો શું ? એ ગુરુ પાસે તો ભિખારી જ છે. ગુરુ કુંભાર, શિષ્ય કુંભ હૈ. આવું તો કબીર જ કહી શકે. ગુરુ કુંભાર અને શિષ્યનો ઘડો છે. ઉપરથી ટાપલી મારે પણ અંદર પાછો એનો હાથ પણ હોય ! ક્યાંક ગોબો ન પડે, ત્યાં તૂટી ન જાય ! તમારો ગુરુ તમને ન બોલાવે, તમારી સામે પણ ના જુએ, તો પણ શ્રદ્ધા ન ગુમાવશો. એ તમારી કસોટી હોઈ શકે! એ તમારી લાયકાતનું તારણ કાઢવાની કોઈ પરીક્ષા હોઈ શકે. ગુરુ પાસે ભિક્ષુક બનવાનું. તું દાતાર છો એટલી શ્રદ્ધા રાખવાની. શિષ્ય ભિક્ષુક છે. ચેતન્ય પ્રભુ કહે છે કે ભિક્ષુકના હાથમાં ભિક્ષાપાત્ર હોવું જોઈએ. અને શિષ્યનો ભિક્ષાપાત્ર ગુરુ પ્રત્યેનો અતિ આદરજ છે, શ્રદ્ધા જ ભિક્ષાપાત્ર છે. શ્રદ્ધા ગઈ તો માણસ મરી ગયો! બસ, પછી કંઈ વધતું નથી. સત્સંગ એટલા માટે છે, કે ધીમે ધીમે આપણી શ્રદ્ધા મજબૂત થાય. (સંકલનઃ જયદેવ માંકડ)■

# પ્રતિભાવાન પુરુષોને વિદ્યા મેળવતાં શી વાર?

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com

**ભક્ત ઉદ્ધવજી**

કોણ એવા પુરુષ છે - જેઓ ભગવાન શ્રીકૃષ્ણના બંધુ પણ છે, સખા પણ છે અને શિષ્ય પણ છે? આવા પુરુષો તો ધરતી પર બે જ છેઃ એક અર્જુનજી અને બીજા ઉદ્ધવજી. અર્જુનજી શ્રીકૃષ્ણનાં ફઈબાના દીકરા છે અને ઉદ્ધવજી શ્રીકૃષ્ણના કાકાના દીકરા છે. આ બંને શ્રીકૃષ્ણના ભાઈઓ તો છે જ, બંને સખા પણ છે અને બંને શિષ્યો પણ છે જ.

ભગવાન જ્યારે પૃથ્વી પર અવતાર ધારણ કરે છે, ત્યારે તેમના અવતાર-કાર્યને સિદ્ધ કરવા માટે તેમની સાથે તેમના પરિકરો પણ આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ અવતારકાર્યને સિદ્ધ કરવા માટે આવ્યા તેમની સાથે જે પરિકરો આવ્યા તેમાં બે પ્રધાન પરિકરો છેઃ ઉદ્ધવજી અને અર્જુનજી.

ભગવાન શ્રીકૃષ્ણ અને ઉદ્ધવજી સમવયસ્ક છે. બંનેનો વર્ણ પણ સમાન-શ્યામવર્ણ છે. ઊંચાઈ અને શરીરનો બાંધો પણ લગભગ સમાન છે. ઉદ્ધવજી પણ ભગવાનની જેમ (ભગવાનના ઉતરણનાં) પીતાંબર પહેરે છે. હા, મોરપીંછ તો ભગવાન શ્રીકૃષ્ણ સિવાય કોઈ ન પહેરી શકે.

ઉદ્ધવજી બાળવયથી જ કૃષ્ણભક્ત છે.

**યઃ પઞ્ચહાયનો પ્રાતરાશાય યાચિત : ।**
**તન્નેચ્છદ્રચયન્ યસ્ય સપર્યા બાલલીલયા ।।**

''પાંચ વર્ષના ઉદ્ધવજીને માતા પ્રાતઃકાલે ભોજન (બાલભોગ) માટે બોલાવે છે, પરંતુ તેઓ જવા ઈચ્છતા નથી. તેઓ તે વખતે પોતાની બાળલીલામાં ભગવાનની પૂજાનાં રત બની ગયા છે.''

ઉદ્ધવજી આઠ વર્ષના થયા અને તેમનો ઉપનયન-સંસ્કાર થાય છે. તેઓ ગુરુકુળમાં વિદ્યાભ્યાસ માટે જાય છે. ઉદ્ધવજી સામાન્ય ગુરુકુળમાં ગયા નથી. ઉદ્ધવજી વિદ્યાભ્યાસ માટે દેવગુરુ આચાર્ય બૃહસ્પતિ પાસે વિદ્યાભ્યાસ માટે જાય છે. ઉદ્ધવજી દેવગુરુ બૃહસ્પતિના શિષ્ય છે. પ્રતિભાવાન પુરુષોને વિદ્યા મેળવતાં શી વાર? સર્વ વિદ્યાઓમાં પારંગત બનીને ઉદ્ધવજી મથુરામાં પિતૃગૃહે પાછા ફર્યા.

ઉદ્ધવજી અર્જુનજીની જેમ જ પરમાત્માના શાશ્વત સખા (eternal comrade of Divinity) છે.

'શ્રીમદ્ભાગવત'માં ઉદ્ધવજીનો પ્રથમ ઉલ્લેખ 'ઉદ્ધવજીની વ્રજયાત્રા' પ્રસંગના પ્રારંભમાં જોવા મળે છે. આ પ્રથમ ઉલ્લેખ આ પ્રમાણે છેઃ

**''વૃષ્ણીનાં પ્રવરો મન્ત્રી કૃષ્ણસ્ય દયિતઃ સખા ।**
**શિષ્યો બૃહસ્પતે : સાક્ષાદુદ્ધવો બુદ્ધિસત્તમઃ ।। ''**

**- શ્રીમદ્ભાગવત : ૧૦-૪૬-૧**

''ઉદ્ધવજી વૃષ્ણિવંશી યાદવોના પ્રધાન પુરુષ છે. તેઓ ભગવાન શ્રીકૃષ્ણના મંત્રી અને સખા પણ છે. ઉદ્ધવજી સાક્ષાત્ બૃહસ્પતિના શિષ્ય હતા અને પરમ બુદ્ધિમાન હતા.''

આ એક જ શ્લોકમાં ઉદ્ધવજીનો ઘણો પરિચય મળી રહે છે.

ભગવાન શ્રીકૃષ્ણ પોતાના આ પ્રિય બંધુ, પ્રિય સખા અને પ્રિય શિષ્ય ઉદ્ધવજીને એક મૂલ્યવાન કાર્ય સોંપે છે. આ કાર્ય કેવી રીતે સોંપે છેઃ

**''તમાહ ભગવાન્ પ્રેષ્ઠં ભક્તમેકાન્તિનં ક્વચિત્ ।**
**ગૃહીત્વા પાણિના પાણિં પ્રપન્નાર્તિહરો હરિ : ।।''**

**- શ્રીમદ્ભાગવત : ૧૦-૪૬-૧**

''એક વાર શરણાગતનાં દુઃખો દૂર કરનાર ભગવાન શ્રીકૃષ્ણે પોતાના પ્રિય ભક્ત અને એકાંતવાસી ઉદ્ધવજીનો હાથ હાથમાં લઈને કહ્યું...''



ભગવાન ઉદ્ધવજીને શું કહે છે :

**''ગચ્છોદ્ધવં વ્રજં સૌમ્ય પિત્રોર્નૌ પ્રીતિમાવહ।**
**ગોપીનાં મદ્વિયોગાધિં મત્સન્દેશૈર્વિમોચય ।।''**

**- શ્રીમદ્ભાગવત : ૧૦-૪૬-૧**

''હે ઉદ્ધવ ! હે સૌમ્ય ! તમે વ્રજમાં જાઓ. ત્યાં મારાં માતાપિતા છે. તમે તેમને પ્રસન્ન અને આનંદિત કરો. ગોપીઓ મારા વિરહના દુઃખને કારણે ખૂબ દુઃખી છે. તમે મારો સંદેશ સંભળાવીને તેમને આ દુઃખમાંથી મુક્ત કરો !''

ભગવાન શ્રીકૃષ્ણના આદેશને મસ્તકે ચડાવીને વૃંદાવન જાય છે.

પ્રથમ દૃષ્ટિએ એમ લાગે છે કે ઉદ્ધવજી વ્રજવાસીઓને જ્ઞાન શીખવવા ગયા છે, પરંતુ વસ્તુતઃ ઉદ્ધવ જ્ઞાન આપીને નહીં, પરંતુ પ્રેમ પામીને આવે છે.

વ્રજની ભૂમિ, શ્રીકૃષ્ણલીલાનાં સ્થાનો, ગોપીઓ, ગોપબાળકો, નંદબાબા, યશોદામા, વ્રજની ગાયો, વ્રજની વૃક્ષ-વનરાજી - આ સર્વને મળીને ઉદ્ધવજી ભાવવિભોર બની ગયા. પાંચ દિવસ માટે વ્રજમાં ગયેલા ઉદ્ધવજી વ્રજમાં છ માસપર્યંત રોકાઈ ગયા.

ઉદ્ધવજી કહે છેઃ

**ક્વેમા : સ્ત્રિયો વનચરીર્વ્યભિચારદુષ્ટા :**
**કૃષ્ણે ક્વ ચૈષ પમાત્મનિ રૂઢ ભાવ : ।**
**નન્વીશ્વરોऽનુભજતોऽવિદુષોऽપિ સાક્ષા -**
**ચ્છ્રેયસ્તનોત્યગદરાજ ઇવોપયુક્ત : ।।**

**- શ્રીમદ્ભાગવત : ૧૦-૪૭-૫૯**

''ક્યાં આ વનચરી આચાર, જ્ઞાન અને જાતિથી હીન ગામડાની ગોવાલણો અને ક્યાં સચ્ચિદાનંદઘન ભગવાન શ્રીકૃષ્ણમાં તેમનો અનન્ય પરમ પ્રેમ ! અહો ! ધન્ય છે ! ધન્ય છે ! આનાથી એમ સિદ્ધ થાય છે કે જો કોઈ ભગવાનના સ્વરૂપને અને રહસ્યને જાણ્યા વિના પણ તેમના પ્રત્યે પ્રેમ રાખે, તેમનું ભજન કરે, તો ભગવાન પોતે જ પોતાની શક્તિ અને કૃપાથી તેમનું પરમ કલ્યાણ સિદ્ધ કરી આપે છે; જેમ કોઈ અજાણતાં પણ અમૃતનું પાન કરે તો પણ અમૃત પીનાર અમર બની જાય છે !''

ઉદ્ધવજી આગળ કહે છે :

**''आसामहो चरणरेणुजुषामहं स्यां**
**वृन्दावने किमपि गुल्मलतौषधीनाम् ।**
**या दुस्त्यजं स्वजनमार्यपथं च हित्वा**
**भेजुर्मुकुन्दपदवीं श्रुतिभिर्विमृग्याम् ।।''**

**- શ્રીમદ્ભાગવત : ૧૦-૪૭-૬૧**

''મારા માટે ઉત્તમ વાત તો એ જ છે કે હું વૃંદાવનમાં કોઈક ઝાડી, લતા અથવા ઔષધિ- જડીબુટી બની જઉં ! જો હું આવું કાંઈક બની શકું તો મને વ્રજાંગનાઓની ચરણધૂલિ નિરંતર સેવન કરવા માટે મળતી જ રહેશે. ગોપીઓને ધન્ય છે કે જેમણે દુરત્યજ સ્વજનસંબંધ અને લોક-વેદ-મર્યાદાઓનો પરિત્યાગ કરીને ભગવાનની પદવી, તેમની સાથે તન્મયતા અને તેમનો પરમ પ્રેમ પ્રાપ્ત કરી લીધાં છે, જેમની શોધ શ્રુતિઓ કરી રહી છે.''

આમ પાંચ દિવસ માટે આવેલા ઉદ્ધવજી વ્રજ-વૃંદાવનમાં છ માસ રોકાઈને, સૌ વ્રજવાસીઓની વિદાય લઈને મથુરાપુરી પાછા આવી પહોંચ્યા.

વ્રજવાસીઓના સંદેશાઓ, ભેટ-સોગાદ ઉદ્ધવજી ભગવાન શ્રીકૃષ્ણને આપે છે.

જરાસંધ સાથેનાં યુદ્ધોથી કંટાળીને મથુરાવાસી યાદવો હવે દ્વારિકામાં સ્થાયી થયા છે.

ઉદ્ધવજી પરમ જ્ઞાની, પરમ પ્રેમી અને સમર્થ વ્યવહારદક્ષ પુરુષ હતા.

સમગ્ર યાદવકુળ સાથે ભગવાન શ્રીકૃષ્ણ અને ઉદ્ધવજી દીર્ઘકાળપર્યંત દ્વારિકામાં રહે છે. દ્વારિકાનગરી અને રાજ્યનો વહીવટ ભગવાન શ્રીકૃષ્ણના માર્ગદર્શન પ્રમાણે ઉદ્ધવજી જ ચલાવે છે.

ભગવાન શ્રીકૃષ્ણનું ધરાતલ પરનું અવતારકૃત્ય હવે લગભગ પૂરું થયું છે. બ્રહ્માજી, શિવજી, ઈન્દ્ર આદિ દેવો ભગવાનને પ્રાર્થના કરે છે :

''પ્રભુ ! આપનું પૃથ્વીલોક પરનું કાર્ય પૂરું થયું છે. ભગવન્! હવે આપ આપના નિત્યધામ વૈકુંઠધામમાં પધારો.''

ભગવાનનો સંકલ્પ પણ હવે સ્વધામગમનનો જ છે. તદનુસાર વ્યવસ્થા થઈ રહી છે. ભગવાન વિચારે છે.

**''अस्माँल्लोकादुपरते मयि ज्ञानं मदाश्रयम् ।**
**अर्हत्युद्धव एवाध्धा सम्प्रत्यात्मवतां वर : ।।**
**नोद्धवोऽण्वपि मन्न्यूनो यद्गुणैनार्दित : प्रभु : ।**
**अतो मद्वयुनं लोकं ग्राह्यन्निह तिष्ठतु ।। ''**

**- શ્રીમદ્ભાગવત : ૧૧-૨૯-૪૧**

''જ્યારે હું આ લોકમાંથી અંતર્ધાન થઈ જઈશ ત્યારે મારું જ્ઞાન ક્યાં જશે? તેનો અધિકારી તો શુદ્ધ અંતઃકરણવાળાઓમાં શ્રેષ્ઠ માત્ર ઉદ્ધવ જ છે. ઉદ્ધવ મારાથી રજમાત્ર ન્યૂન નથી. ઉદ્ધવ સમર્થ છે. તેથી મારા જ્ઞાનનો ફેલાવો કરવા માટે તે ભલે અહીં જ રહે.''

ચતુર ઉદ્ધવજી હવે સમજી ગયા કે ભગવાન સ્વધામગમનની તૈયારી કરી રહ્યા છે. ઉદ્ધવજી ભગવાનને એકાંતમાં મળે છે અને બંને હાથ જોડીને પ્રણામ કરીને વિનીતભાવે કહે છે :

''ભગવન્ ! હું અડધી ક્ષણ માટે પણ આપનાં ચરણકમળનો વિયોગ સહન કરી શકું તેમ નથી. પ્રભુ! મને આપની સાથે જ રાખો !''

ભગવાન શ્રીકૃષ્ણને ઉદ્ધવજી પ્રત્યે આત્યંતિક પ્રીતિ છે. ભગવાન ઉદ્ધવજીને સ્વમુખે કહે છે :

**''न तथा मे प्रियतम आत्मयोनिर्न शङ्कर : ।**
**न च सङ्कर्षणो न श्रीर्नैवात्मा च यथा भवान् ।। ''**

''હે ઉદ્ધવ! બ્રહ્મા, શંકર, બલરામ, લક્ષ્મી અને મારો પોતાનો આત્મા પણ મને એટલાં પ્રિય નથી, જેટલા તમે પ્રિય છો!'' (ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay
samachar.com



# પૂર્ણતાની પૂર્ણતા

આ એક ભેદી અને ગંભીર વિષય છે. ઉપનિષદનો એક શ્લોક એમ જણાવે છે કે પૂર્ણમાં પૂર્ણ ઉમેરવામાં આવે તો પૂર્ણ જ પ્રાપ્ત થાય. અહીં ટૂંકી વિચારધારાવાળી વ્યક્તિ એ પ્રશ્ન પૂછી શકે કે જો પૂર્ણમાં ઉમેરાની હજી શક્યતા હોય તો તે પૂર્ણ કેવી રીતે કહેવાય. અહીં પૂર્ણતામાં પૂર્ણતાની, સંપૂર્ણતામાં સંપૂર્ણતાની સમજ જરૂરી છે.

શૂન્ય ત્યારે જ પૂર્ણ શૂન્ય બને જ્યારે તેમાં શૂન્ય પણ ન હોય. શૂન્યમાંથી પણ જ્યારે શૂન્ય કાઢી લેવામાં આવે, જ્યારે કશું જ બાકી ન રહે ત્યારે જે શૂન્ય પ્રાપ્ત થાય તે પૂર્ણ શૂન્ય. સમગ્ર સૃષ્ટિનાં પ્રત્યેક તત્ત્વ જ્યાં એકત્રિત થઈ જાય અને તે 'એકત્રિતતા'ની બહાર કશું જ ન વધે તો, કશું જ ન હોય, ત્યારે તે એકત્રિતતા પૂર્ણ કહેવાય. પછી તત્ત્વ તો શું, બહારની એવી પરિસ્થિતિ પણ અસ્તિત્વમાં ન હોય કે જેનો ઉમેરો શક્ય બને. જ્યાં સમગ્રનો સમાવેશ થઈ ગયો હોય, જ્યાં સમગ્રતા પણ સમાઈ ગઈ હોય તે એકત્રિતતા પૂર્ણ છે તેમ કહેવાય. આમ દરેક ભાવના માટે, દરેક પરિસ્થિતિ માટે, દરેક વિચારધારા માટે, દરેક કાર્ય માટે વિચારી શકાય.

પૂર્ણ પ્રેમ એ કે જેમાં પ્રતિભાવ સ્વરૂપે સામે પ્રેમની પણ અપેક્ષા ન હોય. પૂર્ણ પ્રેમ એ કે જે સ્વયં આધારિત, સ્વયં સ્ફુરીત, સ્વયં સ્થાપિત હોય. બાહ્ય સ્વરૂપે અહીં અભિવ્યક્તિની, સામા પક્ષે કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિની, કોઈ સવિકલ્પ કે નિર્વિકલ્પ આશય ન હોય અને એક ક્ષણ માટે પણ અપૂર્ણતાની પ્રતીતિ ન હોય. પ્રેમ સંપૂર્ણતામાં પૂર્ણ ત્યારે કહી શકાય કે જ્યારે પ્રેમ સ્વયં પ્રેમમય બની જાય. અહીં અમુક પરિપ્રેક્ષ્યમાં, પ્રેમના સ્થાને ભક્તિ શબ્દનો પ્રયોગ પણ થઈ શકે. પૂર્ણ ભક્તિ એટલે એવી ઘટના કે જ્યાં ભક્તિની આવશ્યકતા પણ ન રહે. અહીં સમગ્ર અસ્તિત્વનો સ્થૂળ-અણુ તેમજ સૂક્ષ્મ-અણુ ભક્તિમય થઈને સ્વયં ભક્તિ સ્વરૂપ બની જાય. જેમ સફેદ રંગના અણુને સફેદ રંગે રંગવાની આવશ્યકતા ન હોય તેમ સંપૂર્ણ ભક્તિને ભક્તિ સાથે જોડવાની આવશ્યકતા ન હોય. ભક્તિની પૂર્ણતા એ કે જ્યારે ભક્ત અને ઈશ્વર એકાકાર થઈ જાય અને માત્ર ભક્તિનું પરિણામ સ્થાપિત રહે.

જિજ્ઞાસા જાગ્રત રહે તેવી જિજ્ઞાસા પણ ન રહે તે જિજ્ઞાસાની પૂર્ણતા. પ્રાપ્ત માહિતીની માહિતી ધ્યાનમાં આવતાં માહિતી માટેનો લગાવ જ છૂટી જાય તે માહિતીલક્ષી પૂર્ણતાની સ્થિતિ એમ કહી શકાય. પછી માહિતી અસંદર્ભિક જણાય અને જ્ઞાનનું મહત્ત્વ સમજમાં આવે. જ્ઞાન પણ ત્યારે પૂર્ણતાને પામે જ્યારે જ્ઞાન સંપૂર્ણતામાં વીરમી જાય. વાસ્તવિક જ્ઞાન એ એકત્રિત કરવાનો વિષય નથી, તે અનુભૂતિનો વિષય છે. અહીં જ્ઞાનની અનુભૂતિ થાય અર્થાત આત્માનુભૂતિ પ્રકાશિત થાય એટલે જ્ઞાનની પૂર્ણતા. પછી આત્માનુભૂતિ માટેનાં જ્ઞાનની આવશ્યકતા પણ રહે.

પૂર્ણ પ્રકાશની અવસ્થા એ કહેવાય જ્યારે તેમાં 'ઉમેરા'ની કોઈ સંભાવના ન હોય. પૂર્ણ સત્ય એ કે જેને અસ્તિત્વ માટે સત્યના સહારાની આવશ્યકતા પણ ન હોય. પૂર્ણ ધર્મ એ કે જે સ્વયં આધારિત હોય. પૂર્ણ ન્યાય એ કે જે સ્વયં સ્થાપિત થવા સમર્થ હોય. પૂર્ણ સાત્ત્વિકતા એ કે જ્યાં અન્ય ગુણના અસ્તિત્વ માત્રની સંભાવના પણ ન હોય. પૂર્ણ સમર્પણ એ કે જ્યાં સમર્પણ પણ સમર્પિત થઈ ચૂક્યું હોય. પૂર્ણ શ્રદ્ધા એ કે જ્યાં શ્રદ્ધા સ્વયં અસ્તિત્વ બની ચૂકી હોય. પૂર્ણ નિષ્કામ કર્મ એ કે જ્યાં નિષ્કામ કર્મ માટેની ભાવના પણ નિષ્કામતાને પામી ચૂકી હોય. યોગની પૂર્ણ સ્થિતિ એ કે જ્યાં યોગની પણ આવશ્યકતા ન હોય, યોગ અને યોગી એકરૂપ થઈ ગયાં હોય. ઉત્તરદાયિત્વની નિભાવણીનું ઉત્તરદાયિત્વ એટલે ઉત્તરદાયિત્વની પૂર્ણતા. પૂર્ણ આધ્યાત્મ એ કે જ્યાં પરબ્રહ્મના સ્વભાવ સાથે એકાકારતા સ્થાપિત થઈ ચૂકી હોય. સનાતની વિચારધારા તેમજ સંસ્કૃતિમાં પૂર્ણતાનું વિશેષ મહાત્મ્ય છે. અહીં પૂર્ણતાનો આગ્રહ અને તે માટેનું પુરુષાર્થ આવશ્યક છે.

માનવ જીવનના સંદર્ભમાં પૂર્ણતા એટલે એક પ્રકારની અંતિમ પરમ અવસ્થા જ્યાં કોઈપણ પ્રકારની અધૂરાશ ન હોય, જ્યાં અંતિમ કક્ષાની વાસ્તવિકતાની અનુભૂતિ થાય, જ્યાં અસ્તિત્વનું પ્રત્યેક પાસું પરસ્પર એકબીજા સાથે પરસ્પર સુસંવાદિતાથી સંકળાય અને આધ્યાત્મિક શાંતિ, સંતોષ અને આનંદની અનુભૂતિ થાય. નૈતિકતા, કર્તવ્ય પરાયણતા, નિષ્ઠા, સદભાવના, પ્રેમ, કરુણા, સત્યનિષ્ઠા, ન્યાય, અલિપ્તતા, સાક્ષીભાવ, સમતા, સંતોષ, ધ્યાન, ભક્તિ, સાધના, ઉપાસના, શ્રદ્ધા, જાગ્રતતા, વિવેક, સંયમ, જ્ઞાન જેવી સકારાત્મક બાબતોથી પૂર્ણતાની અનુભૂતિ સંભવ બને. 'હું અને મારું'ની ભાવના છોડવી પડે અને 'હું કોણ છું' તેની વાસ્તવિક અનુભૂતિ કરવી પડે.

હકીકતમાં દરેક વ્યક્તિમાં પૂર્ણતાની સંભાવના હોય છે. એમ પણ કહી શકાય કે દરેક વ્યક્તિ વાસ્તવમાં પૂર્ણ છે, માત્ર તેના પર અવિદ્યાના પ્રપંચનું એક આવરણ લાગી ગયું છે. આવી પૂર્ણ વ્યક્તિ પૂર્ણતા ત્યારે જ અનુભવી શકે જ્યારે દરેક પ્રકારની અપૂર્ણતાનો ભ્રમ ઊભી કરતી બાબતોથી મુક્તિ મળે. ચિંતા, અસંતોષ અને દુઃખ યુક્ત દ્વંદ્વથી મુક્તિ મળતાં આંતરિક શાંતિ પ્રાપ્ત થાય, બાહ્ય તેમજ આંતરિક સ્થિતિ માટે સકારાત્મકતા વધે, અસ્તિત્વની પ્રત્યેક ક્ષણે ઉત્સાહ અને પ્રેરણા સ્થાપિત રહે, દિવ્ય શક્તિ સાથેનો સાર્થક સંબંધ અનુભવાય, વાસ્તવિક સ્વતંત્રતાની અનુભૂતિ થાય અને તે બધાં સાથે અસ્તિત્વને પૂર્ણતામાં જોઈ શકાય, અનુભવી શકાય.

આ પૂર્ણતા ત્યારે જ પૂર્ણતાને પામે જ્યારે પામવા જેવું કશું જ બાકી ન રહે. જ્યાં પૂર્ણતાને પામવા માટેનો પ્રયત્ન પણ વીરમતી જાય ત્યાં પૂર્ણતા પૂર્ણતાને પામે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombay
samachar.com

# વેલનાથની વ્યક્તિમત્તાને આલેખતું ચરિત્રાત્મક ભજન

**ભજનોમાં** ચરિત્રાત્મક ભજનોનો ઘણો ,મોટો ભાગ છે. ચરિત્રાત્મક ભજનો પરંપરામાં સતત વહેતાં રહેતાં હોવાને કારણે એને એક રીતે ઐતિહાસિક દસ્તાવેજી વિગતોનો ભંડાર પણ કહી શકાય. પરંપરામાં વહેતું થયેલું ભજન મૂળ ચરિત્રના સમય પછી તુરતના જ સમયમાં વહેતું થયેલું હોય છે. એટલે ચરિત્રની વિગતોમાં જો કંઈ અતિશયોક્તિભરી વિગતો હોય તો તુરતના અનુગામીઓ વિરોધ કરે એવું બને. પરંપરામાં જળવાયેલી વિગતો આવી તથ્યપૂર્ણ માહિતીને કારણે દસ્તાવેજી મૂલ્ય પણ ધરાવતી હોય છે.

વેલનાથના ચરિત્ર સાથે ગિરનાર દામોકુંડ કેટલા અને કેવા જડાયેલા છે અને એનો કેટલો મોટો પ્રભાવ છે એનો ખ્યાલ પણ અહીંથી પ્રાપ્ત થાય છે. આ વેલનાથ શિષ્ય પરંપરા પ્રાપ્ત ભજનોનું દસ્તાવેજી મૂલ્ય પણ ઘણું છે. વેલનાથ શિષ્યપરંપરામાં જૂનાગઢની આસપાસના કોઈ એક કણબી પટેલ નારણ માંડળિયાની વિગતો પણ પ્રાપ્ત થાય છે. આ નારણ માંડળિયાની ભજનરચનાઓમાં પ્રભાતિયાં ભારે પ્રખ્યાત છે. નરસિંહનાં પ્રભાતિયાંની પરંપરા સાથે આ પ્રભાતિયાંઓને પણ કોઈએ જોવાં અને તપાસવાં જોઈએ.

દામાકુંડની સાથે ભવનાથની અને ભૈરવનાથની સાથે વેલનાથ સંકળાયેલા છે. ભૈરવ શિખરની નજીક જે સાત વીરડાઓ છે તેને વેલાબાવાના વીરડા તરીકે ઓળખવામાં આવે છે. મહાશિવરાત્રિના મેળા સમયે ત્યાંક ણબીને ભજન ગાવાનો, જળ પીવાનો અધિકાર, પરંપરાથી જ વેલાબાવાએ આપેલા છે. આજે પણ ત્યાં કણબી પટેલનું આદરભર્યું માન-સન્માન છે. અહીં કણબી ભગત નારણ માંડળિયો એની



પ્રભાતીરચનામાં ભૈરવની ટૂંકને યાદ કરે એ સ્વાભાવિક છે.

વેલનાથ ભારે મોટા ગજાના સંત જણાયા છે. એના શિષ્યો પણ શબદ - સાધનામાં ક્યાંય પાછા પડયા નથી. પછી એ જસોમા હોય કે રામૈયો. નારણ મંડળિયો હોય કે રાણીંગ ગુરુની વ્યક્તિમત્તાનો મહિમા ગાતાં આ ભજનો વેલનાથના પ્રભાવી વ્યક્તિત્વનાં પરિચાયક જણાયાં છે.

સોરઠી પ્રભાતિયાની પરંપરામાં દામાકુંડને પણ ભારે મોટું સ્થાન મળેલું છે. કહેવાય છે કે નરસિંહ મહેતા દામોદર કુંડ સ્નાન માટે જાય ત્યારે રામગરી ગાતા ગાતા જાય, વળતા સમયે પ્રભાતી ગાતા ગાતા પરત થાય અને ઘેરે પહોંચીને પૂજા કરતાં પહેલાં પ્રભાતિયાં ગાય. આમાંથી સમયનો સંદર્ભ પણ પ્રાપ્ત થાય છે અને પ્રભાતિયા પૂર્વે પ્રભાતી તથા રામગરી પ્રકારની રચનાઓનો ખ્યાલ મળે છે. સાથોસાથ પ્રભાત એટલે જ્ઞાનોદય એમ પણ કેટલાક સાધકો માને છે. આપણે નારણ માંડળિયાની પ્રભાતિયા રચનાને અવલોકીએઃ

*જાગો ને ગરવાના રે રાજા*
*જાગો ને ગરનારી રાજા*
*તમે જાગો પરભાગ ભયા. ..ટેક..*

*દામો રે કુંડ ગુરુ વાડી તમારી*
*ટાઢાં રે જળ એ કરિયાં,*
*દામા કુંડમાં નાતાંધોતાં*
*પંડનાં પ્રાછત દૂર થિયાં. જાગો ને ..૧*
*ભવનાથજીમાં મેળો ભરાણો,*
*કુળ તેત્રીસ દેવ જોવા મળ્યા,*
*ભવનાથમાં રે ભજન કરતાં*
*લખચો રાશીના ફેરા ટળ્યા.*
*જાગો ને ..૨*
*ઊંચું રે શિખર કાળભૈરવનું કહીએ*
*નીચા વાગેશરીના મોલ રે.*
*વેદિયા નર ત્યાં વેદ જ વાંચે*
*મુનિવર તમારું ધ્યાન ધરે. જાગો ને ..૩*
*તાલ પખાજ વેલા જંતર વાગે*
*ઝાલરીએ ઝણકાર ભર્યો,*
*વેલનાથ ચરણે ગાય નારણ માંડળિયો*
*શરણે આવીને તમારે રિયો. જાગો ને ..૪*

વેલનાથ શિષ્ય નારણ અહીં ભૈરવના શિખરસ્થાને બિરાજતા ગરવા ગિરનારના રાજા સમાન ગુરુને જાગ્રત થવાનું નિવે છે. નારણ ભગત કહે છે કે હે ગુરુદેવ તમારી વાડી દામોદર કુંડ છે એના શીતળ જળમાં સ્નાન કરીને પોતાનાં પાતકોને દૂર કરી શકાય છે.

ભવનાથની તળેટીમાં મેળો ભરાયો છે અને તેત્રીસ કોટિ દેવતાઓ ત્યાં પધાર્યા છે. આ સ્થાને ભજન કરતાં લખચોરાશીના ફેરા ટળી જતા હોય છે. કાળભૈરવના ઊંચા શિખર ઉપર તમારાં બેસણાં છે. નીચે વાગેશ્વરીનું સ્થાનક છે. ત્યાં વેદના પારંગત વેદપાઠી-વેદિયા પંડિતો વેદપાઠ કરતા હોય છે. અને મોટા મુનિવરો તમારું ધ્યાન-આરાધન કરતા હોય છે.

હે વેલનાથ, ત્યાં જંતર, તાલ-પખવાજ વાગતાં હોય છે. અને ઝાલરીનો ઝણકાર થતો હોય છે. ગુરુ વેલનાથને ચરણે બેસીને નારણ માંડળિયો કહે છે કે હે ગુરુદેવ હું તો સદાય તમારે શરણે જ રહેવા અવી ગયો છું.

અહીં વેલનાથના પ્રભાવી વ્યક્તિત્વની અને પ્રચંડ તપસ્વીપણાની વિગતો નિરૂપાઈ છે. ગિરનારી-સોરઠી વાતાવરણમાં ગિરનાર જેના ગરવા ગઢના રાજવી-અધિપતિ વેલનાથની શરણાગતિનું નિરૂપણ એની વેદકક્ષાના સ્થાનનું પરિચાયક છે.

વેલનાથના ચરિત્રને અને ચારિત્ર્યને, તપને અને તાપને તથા સમાજલક્ષિતા અને સંતપરાયણતાને નિર્દેશતું આ ભજન ચરિત્રાત્મક પ્રકારનાં ભજનોમાં ભારે મહત્તા પ્રાપ્ત કરીને આજ સુધી જીવંત પરંપરામાં વહેતું રહ્યું છે. આવાં ચરિત્રાત્મક ભજનો દ્વારા સંતચરિત્ર જનસમાજના ચિત્તમાં અંકાઈ રહે છે. સંતોના વ્યક્તિત્વને - અસ્તિત્વને જાળવનારાં આવાં ભજનો એક રીતે કંઠસ્થ પરંપરામાં જળવાતા ઈતિહાસનું ઓરલહિસ્ટ્રીનું પણ ઉદાહરણ છે. આપણા સાંસ્કૃતિક ઈતિહાસ માટેની સામગ્રી પણ આવાં ભજનો બની શકે, પણ આ માટે સાહિત્યના અભ્યાસીઓએ ઈતિહાસ અને લોકસંસ્કૃતિથી અભિજ્ઞ બનવું અનિવાર્ય બની રહે. એ જ રીતે સામે પક્ષે ઈતિહાસવિદોને પણ આ પ્રકારની સાહિત્યકૃતિઓથી અનભિજ્ઞ રહેવું પાલવશે નહીં. જગતમાં હવે ઈન્ટર ડિસિપ્લિનરી સ્ટડીઝ ખૂબ થાય છે. આપણે એ ક્ષેત્રે આ અભિગમથી સ્વાધ્યાયકાર્ય કરીને આપણા અધીતને પ્રગટાવીએ. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay
samachar.com

# દુર્ગમાસુર દેવગણો ને પૃથ્વીવાસીઓને અન્યાય કરશે ત્યારે હું શિવઈચ્છાથી દુર્ગમાસુરને દંડ આપીશ

અસુરગુરુ શુક્રાચાર્યએ કહ્યું કે, અથાગ શરીરના સ્વામી નરકાસુર તમે વરદાન મેળવી ત્રણેય લોકો પર રાજ કરશો. તમારે બ્રહ્માજીની આરાધના કરી ચારેય વેદનું જ્ઞાન અને ત્રિદેવ વધ ન કરી શકે એવું વરદાન માગવું. તમારા પિતાએ પણ મારી વાત ન માનતાં પોતાને ગમતાં વરદાન માગી પોતાનું પતન નોતર્યું હતું. આટલાં સાંભળતાં જ ગભરાયેલા નરકાસુરે કહ્યું, ગુરુદેવ હું તમારી ઇચ્છા મુજબ બ્રહ્માજીને પ્રસન્ન કરી તમે કહેલું વરદાન જ માગીશ.' શુક્રાચાર્ય તેને ગર્ભિત ચેતવણી આપતાં કહે છે કે, બ્રહ્મદેવ તમને સહેલાઈથી વેદ નહીં આપે, તમને ભરમાવી અન્ય વરદાન આપવાની પણ કોશિશ કરશે. તેમજ મને આશંકા છે કે દેવોનો રાજા ઈન્દ્ર તમારી તપસ્યા ભંગ કરાવી શકે છે એટલે હું તમને એક સુરક્ષા કવચ બનાવી આપું છું, જે અગ્નિનું હશે અને કોઈને દૃશ્યમાન પણ નહીં થાય, જેથી કોઈપણ દેવતા એ સુરક્ષા કવચને તોડીને તમારી તપસ્યા ભંગ ન કરાવી શકે.' નરકાસુર અસુરગુરુ શુક્રાચાર્યના આશીર્વાદ લઈ તપસ્યા કરવા નીકળી પડે છે. થોડા જ સમયમાં તે એક વનમાં પહોંચી એક પગે ઊભો રહી તપસ્યા કરવા લાગ્યો. નરકાસુરને તપસ્યા કરતો જોઈ દેવરાજ ઇન્દ્ર ભયભીત થઇ જાય છે. દેવરાજ ઈન્દ્ર તુરંત સર્વ દેવગણોને બોલાવે છે. અગ્નિદેવ તેમને જણાવે છે કે, શુક્રચાર્ય દ્વારા નરકાસુરને તેની આસપાસ અદશ્ય અગ્નિ સુરક્ષા કવચ પ્રદાન કરવામાં આવ્યું હોવાથી તેની તપસ્યા તોડવી અશક્ય છે. નરકાસુર બ્રહ્માજીની તપસ્યા કરી રહ્યો હોવાથી આપણે તેમની શરણે જ જવું જોઈએ. સમસ્ત દેવગણ સહિત દેવરાજ ઇન્દ્ર બ્રહ્મલોક પહોંચે છે. દેવરાજ ઇન્દ્ર બ્રહ્માજીને કહે છે, પરમપિતા તમે જ જુઓ શુક્રાચાર્ય ફરી કાર્યાન્વિત થઈ ગયા છે, તેમણે નરકાસુરને જગાડી અદશ્ય અગ્નિ સુરક્ષા કવચ પ્રદાન કરી તપસ્યા માટે પ્રેરિત કર્યો છે. બ્રહ્માજી દેવગણોને સમજાવતાં કહે છે, અગાઉ પણ તમે આજ પ્રશ્ન લઈ અહીં ઉપસ્થિત થયા હતાં, તમને મેં કહ્યું હતું કે, મારા હાથ બંધાયેલા છે. આરાધકની ભક્તિ અને પ્રેમ સામે આરાધ્યએ નમતું જોખવું પડે છે. આરાધકને વરદાન આપવા સિવાય આરાધ્ય પાસે કોઈ માર્ગ હોતો નથી. સમયની રાહ જુઓ બધુ સમુસૂતરું થશે. બ્રહ્માજી પાસેથી દેવગણોને યોગ્ય ખાતરી ન મળતાં ગભરાયેલા દેવરાજ ઇન્દ્ર અને સમસ્ત દેવગણ શ્રીહરિ વિષ્ણુ પાસે પહોંચે છે અને કહે છે, પ્રભુ અસુર ગુરુ શુક્રાચાર્ય ફરી કાર્યાન્વિત થઈ ગયા છે, તેમણે નરકાસુરને જગાડી અદશ્ય અગ્નિ સુરક્ષા કવચ પ્રદાન કરી તપસ્યા માટે પ્રેરિત કર્યો છે. શુક્રાચાર્યની મહેચ્છા શું હશે એ સમજ પડતી નથી. તમે જ માર્ગદર્શન કરો, જેથી દેવગણો પર આવેલા સંકટને દૂર કરી શકાય.

---

શ્રીહરિ વિષ્ણુઃ 'દેવરાજ તમે આમ વિચલિત થશો તો કઈ રીતે ચાલશે? તમો



દેવોના રાજા છો. તમારે સંયમ રાખી ધર્મના માર્ગે ચાલવું જોઈએ. સમયની રાહ જુઓ બધું યોગ્ય થશે.'

ભગવાન શ્રીહરિ વિષ્ણુના જવાબથી સંતુષ્ટ ન થયેલા દેવરાજ ઇન્દ્ર અને દેવગણ ક્ષીરસાગરથી વિદાય લે છે. દેવરાજ ઇન્દ્ર અને દેવગણો આકાશમાર્ગે સ્વર્ગલોક તરફ જતાં તેમની નજર નરકાસુર પર પડે છે. નરકાસુર બ્રહ્માજીની તપસ્યા કરતાં કરતાં બગાસાં ખાતો દેખાય છે. એને બગાસાં ખાતો જોતાં જ દેવરાજ ઈન્દ્ર પ્રસન્ન થઈ જાય છે. તેઓ દેવગણોને ત્યાંજ ઊભા રહી જવા આદેશ આપે છે.

પવનદેવઃ 'દેવરાજ અહીં અટકવાનું પ્રયોજન શું છે?'

દેવરાજ ઈન્દ્રદઃ 'પવનદેવ મેં હમણાં જોયું કે નરકાસુર બગાસાં ખાતો હતો. બગાસાં ખાતો માનવ વધુ સમય જાગૃત અવસ્થામાં રહી શકતો નથી, તમે નરકાસુર તપસ્યા કરી રહ્યો છે એ દિશામાં વધુ ઠંડો પવન ફૂંકો, નરકાસુર વધુ સમય સુધી ઠંડો પવન સહન નહીં કરી શકે અને નિદ્રાવસ્થામાં પહોંચી જશે. નિદ્રાવસ્થામાં જતાં તેની તપસ્યા પૂર્ણ થઈ સમજવી. ત્વરિત એ દિશામાં ઠંડો પવન ફૂંકો.'

દેવરાજ ઇન્દ્રની આજ્ઞા મળતાં પવનદેવ નરકાસુર તરફ ઠંડો પવન ફૂંકવા માંડે છે.

ઠંડો પવન ફૂંકાતા વાતાવરણમાં વધુ ઠંડક પ્રસરી જાય છે. પહેલેથી જ બગાસાં ખાતો નરકાસુરને નિદ્રા આવવા માંડે છે. તેનાથી પોતાના શરીરનું સંતુલન જળવાતું નથી અને એ નિદ્રાવસ્થામાં પોઢી જાય છે. આ જોઈ દેવગણો આનંદિત થઈ ઉઠે છે. દેવરાજ ઇન્દ્ર અને દેવગણો નરકાસુર પાસે આવી ઊભા રહે છે.

દેવરાજ ઈન્દ્રઃ 'મિત્રો આનું હવે શું કરવું આ નરકાસુર તો નિદ્રાધીન થઈ ગયો.'

અગ્નિદેવઃ 'દેવરાજ હમણાં તમારી પાસે મોકો છે નરકાસુરને માત કરવાનો, તમે જ વિચારી જુઓ કે શું કરવું જોઈએ.'

ક્રોધિત દેવરાજ ઇન્દ્ર પોતાનું વ્રજ કાઢે છે અને નરકાસુર પર વાર કરવા જાય છે. એ જ ક્ષણે અસુરગુરુ શુક્રાચાર્ય ત્યાં પ્રગટ થાય છે અને દેવરાજ ઇન્દ્રનો હાથ પકડી લે છે.

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'દેવરાજ, આમ નિદ્રાવસ્થામાં તમે કોઈ અસુરને દંડ ન આપી શકો. શું બૃહસ્પતિએ તમને આવું શિક્ષણ આપ્યું છે?'

દેવરાજ ઈન્દ્રઃ 'જ્યાં અસ્તિત્વનો સવાલ આવે છે ત્યાં કોઈ નીતિ હોતી નથી, તમે અહીંથી દૂર થાઓ.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'દેવરાજ અહીંથી ચાલ્યા જાઓ અન્યથા મારી મંત્ર વિદ્યાથી તમને બધાને રાખ બનાવી દઈશ.'

ગભરાયેલા દેવરાજ ઈન્દ્ર અને દેવગણ ત્યાંથી પલાયન થઈ જાય છે. શુક્રાચાર્ય નરકાસુરને ઉઠાડે છે અને બધી વિગતવાર ચર્ચા કરે છે કે દેવરાજ ઇન્દ્ર તમારો વધ કરવાના હતા.'

નરકાસુરઃ 'ગુરુદેવ તમે મારા તારણહાર છો, મારી ભૂલ થઈ ગઈ, હવે એવી ભૂલ પરત નહીં કરું. તમારા આશીર્વાદથી મને નવજીવન મળ્યું છે, અસુર સમાજના ઉત્થાન માટે તમે કહો એમ હું કરવા તૈયાર છું.'

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'નરકાસુર તમને આપેલી શક્તિઓ તમારી નિદ્રા સાથે ભૂમિમાં વિલય થઈ ગઈ છે. ફરી બ્રહ્માજીની દુર્ગમ તપસ્યા કરો કે જેથી તમારી નજદીક કોઈ દેવતાગણ આવી ન શકે અને યાદ રહે બ્રહ્માજી પાસે વરદાન તરીકે ચારેય વેદ અને ત્રિદેવના હાથે મરણ ન પામવાનું વરદાન માંગવાનું છે.'

નરકાસુરઃ 'તમારા માર્ગદર્શન મુજબ હું દુર્ગમ તપસ્યા કરી ચારેય વેદ અને ત્રિદેવના હાથે મરણ ન થઈ શકે એવું વરદાન બ્રહ્માજી પાસે માગીશ.

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'દુર્ગમ તપસ્યા કરવા જઈ રહેલા તપસ્વી સંસારમાં તમે દુર્ગમાસુર તરીકે પ્રખ્યાત થશો. તમે યુગોના યુગો દુર્ગમાસુર તરીકે ઓળખાશો. જાઓ મારા આશીર્વાદ તમારી સાથે છે. અસુરોનું કલ્યાણ ફક્ત તમારા હાથમાં છે. વિજયી થાઓ.'

અસુરગુરુ શુક્રાચાર્યના આશીર્વાદ મેળવી દુર્ગમાસુર દુર્ગમ તપસ્યા કરવા લાગ્યો. તેના શરીરમાંથી અગ્નિની જ્વાળાઓ નીકળવા માંડી. એ અગ્નિની જ્વાળાઓ બ્રહ્મલોક સુધી પહોંચવા લાગી. બ્રહ્મલોક આવી રહેલી અગ્નિની જ્વાળાઓ ધડાકા ભડાકા કરવા લાગી. બ્રહ્માજી પોતે ચિંતિત થયેલા જણાયા.

માતા સરસ્વતીઃ 'શું પરમપિતા બ્રહ્મદેવ દુર્ગમાસુરની જ્વાળાઓથી ચિંતિત થઈ રહ્યા છે કે શું?'

એ જ સમયે ચારેય વેદ તેમની સમક્ષ ઉપસ્થિત થાય છે.

ઋગવેદઃ 'પરમપિતા, દુર્ગમાસુર જે રીતે તમારી તપસ્યા કરી રહ્યો છે એ જોતાં એવું લાગે છે કે તમે એને તુરંત વરદાન આપી દેશો. દુર્ગમાસુર જેવા અસુરના હાથમાં અમારું વેદોનું સંચાલન જો થશે તો અમારી પરિસ્થિતિ દુર્ગમ થઈ જશે. પરમપિતા કંઈ માર્ગ કાઢો જેથી અમ વેદોનું સંચાલન દેવોના હાથમાં જ રહે.'

બ્રહ્માજીઃ ઋગવેદ, યર્જુવેદ, શામવેદ, અથર્વવેદ તમે નિશ્ચિંત રહો, દેવોના દેવ મહાદેવ આ મુદ્દે જરૂર ઉકેલ લાવશે. તમારે જરાયે ચિંતા કરવાની જરૂર નથી. તમે તમારા સ્થાને બિરાજમાન રહો બધું યોગ્ય જ થશે.'

બ્રહ્માજીની વાત સાંભળી ચારેય વેદ પોતાના સ્થાને બિરાજમાન થઈ જાય છે.

બ્રહ્માજીઃ 'દેવી સરસ્વતી, ચાલો કૈલાસ જવાની તૈયારી કરો, અહીં દુર્ગમાસુરની અગનજ્વાળાઓ અશાંતિ ફેલાવી રહી છે.'

સમસ્ત દેવગણ, માતા સરસ્વતી અને બ્રહ્માજી કૈલાસ પહોંચે છે. માતા પાર્વતી ભગવાન શિવની પૂજા અર્ચના કરતા હોય છે.

ભગવાન શિવઃ 'બ્રહ્માજી તમે અહીં કૈલાસ પર... શું તમને તમારી પૌત્રી પાર્વતીની યાદ આવી રહી છે.'

બ્રહ્માજીઃ 'નહીં મહાદેવ, તમે ત્રિકાળ જ્ઞાની છે. શુક્રાચાર્ય અસુર સમાજના ઉત્થાન માટે ફરી કાર્યરત થઈ ગયા છે અને મહાકાય પરાક્રમી દુર્ગમાસુરને વરદાન માટે તપસ્યા કરી રહ્યો છે.'

ભગવાન શિવઃ 'બ્રહ્મદેવ, કોઈ અસુર તપસ્યા કરે તો તેને વરદાન આપવું અતિઆવશ્યક છે.'

બ્રહ્માજીઃ 'મહાદેવ અહીં તમારે માર્ગ કાઢવો જ રહ્યો, તમને ખબર જ છે કે, દુર્ગમાસુર ચારેય વેદ અને આપણા ત્રિદેવના હાથે મૃત્યુ ન થાય તેવું વરદાન માગી રહ્યો છે.'

ભગવાન શિવઃ 'શું વરદાન ન આપીને તમે અસુરસમાજને અન્યાય નથી કરી રહ્યા?'

બ્રહ્માજીઃ 'જેવી શિવઇચ્છા, યોગ્ય સમયે હું એને મનવાંછિત વરદાન આપી દઈશ.'


માતા પાર્વતીઃ 'વરદાન મળ્યા બાદ અસુર સમાજના ઉત્થાનના આંચળ હેઠળ દુર્ગમાસૂર દેવગણો અને પૃથ્વીવાસીઓને અન્યાય કરશે ત્યારે હું શિવઇચ્છાથી દુર્ગમાસુરને દંડ આપીશ.'

આટલું સાંભળતાં જ દેવગણો આનંદિત થઈ જાય છે અને માતા પાર્વતી અને ભગવાન શિવનો જયજયકાર કરતાં પોતપોતાના ધામ તરફ પ્રયાણ કરે છે. (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# પરબ ધામના સંત શાર્દુળપીર



દેવીદાસજી પછી પરબની ગાદીએ આવ્યા શાર્દુળ ભગત / શાદલપીર..પરબના સંત દેવીદાસજીના તેઓ શિષ્ય ભજનિક હતા, તેમનો જન્મ ખુમાણ શાખાની કાઠી જ્ઞાતિમાં ભેંસાણ ગામે થયેલો. ચલાળાના સંત આપા દાના (ઈ.સ. ૧૭૨૮થી ૧૮૨૨)ના સમકાલીન હતા. પિતાનું નામ આલા ખુમાણ, મૂળ ભેંસાણ ગામના.

શાર્દુળ ભગતના ભજનગાન સાથે એક વાત શ્રી ઝવેરચન્દ મેઘાણીએ નોંધી છે. તે એવા ભાવમાં આવીને ભજન લલકારતા કે જે ઢોલિયા પર બેસીને ભજન ગાતા હોય તે ઢોલિયો ભાંગી જતો.. પછી તો જે ગામડે ભજન ગાવા જાય તે ગામમાંથી નવી આણાંત વહુવારૂ જે નવો ઢોલિયો -પલંગ લાવી હોય તે મંગાવે અને ભજનની મસ્તીમાં એ પલંગ ભાંગી નાખે. ચલાળાના સંત દાનમહારાજે એ સાંભળેલું અને પછી શાદુળની પરીક્ષા લેવા એમના ભજન સાંભળવા આવ્યા. ભજન ગાવા માટે એક નાનકડી વાંસની ખાટલી આપી, શાદુળ ભગતે 'એ જી મારે રોમે રોમે રામબાણ વાગ્યાં.....' ભજન ગાતાં ખૂબ મહેનત કરી પણ ખાટલી ભાંગી શક્યા નહીં, ત્યારે દાન મહારાજે પોતાની કાઠી જ્ઞાતિની આગવી ભાષામાં શાર્દુળ ભગતને કહેલું..'' અરે ભણેં શાદુળ તું તો ભણતો સો કે 'મારે રોમે રોમે રામબાણ વાગાં ' રોમે રોમે રામબાણ વાગાં તો ય તું આવડા કૂદકા કેમ કરૂને મારી શકછ, બાપ મુંહે તો બાપ, જરાક એક બૂડી અડુગી છે ત્યાં તો હું ટાઢોબોળ થઈ ગો સાં ને તોહેં રોમે રોમે રામબાણ વાગાં તોય આવડો જોર કીસેંથી?''

('સોરઠી સંતો'- દાના ભગત, અને 'પુરાતન જ્યોત'- સંત દેવીદાસ.)

એવો જ બીજો પ્રસંગ ઘોઘાવદરના ભક્ત દાસીજીવણને પાણી માટે કૂવામાં ઉતારીને કસોટી કર્યાનો પણ મળે છે, ત્યારે દાસી જીવણે ગાયેલ-'પાર છો અપાર છો, શામ સેવકના છડીદાર છો, આ વેળાએ આમ બન્યું હે પાર છો અપાર છો..' તથા 'રાખી હોય તો રાખજે ગબીબ સંતની લાજ..' જેવાં ભજનો સાથે ભજનિકો વિસ્તારથી આ ઘટનાને યાદ કરે છે. અને આજે પણ કેટલાક અંત્યજ પરિવારો પરબની જગ્યાનું પાણી પીતા નથી.

પરબના શાર્દુળ ભગત, પાળિયાદના આપા વિસામણ, સતાધારના આપા ગીગા અને ઘોઘાવદરના દાસી જીવણ મિત્રો હતા અને અવારનવાર એકબીજાને ત્યાં જતા હતા એવી કથાઓ પરંપરાથી લોકકંઠે સચવાતી રહી છે.


*ભાગ કાળિંગા ભાગી જાને, તું ને ગુરુ દેવંગી મારશે..*
*ભાગ કાળિંગા ભાગી જાને, તું ને ગુરુ દેવંગી મારશે..૦*
*ઉત્તર દખ્ખણ, પૂરવ પચ્છમ, અનેક જોદ્ધા દળ આવશે,*
*મોટા મોટા મહા જોદ્ધા, ઘેરાઘેરી તુંને મારશે..*
*ભાગ કાળિંગા ભાગી જાને, તું ને ગુરુ દેવંગી મારશે..૦*
*દેવળ માથે દેવડી, નિયાં ઘેરા ઘેરા શંખ વાગશે,*
*શંખ ચક્કર ગદા પદમે દૈતાંને સંહારશે..*
*ભાગ કાળિંગા ભાગી જાને, તું ને ગુરુ દેવંગી મારશે..૦*
*તાંબા પીત્તળની ઘાણી ઘડાવશે, લોઢાંની લાઠું પૂરાવશે,*
*કાળિંગાના તેલ કાઢી બાવો મશાલું જલાવશે..*
*ભાગ કાળિંગા ભાગી જાને, તું ને ગુરુ દેવંગી મારશે..૦*
*ગુરુ દેવંગીના પાટ આગળ, અનહદ વાજાં વાગશે,*
*કળજગ કેરો અંત આણી, સતજુગ પૂરો લાવશે..*
*ભાગ કાળિંગા ભાગી જાને, તું ને ગુરુ દેવંગી મારશે..૦*

દેવીદાસજીએ અમરબાઈ અને શાર્દુળ ભગતને શિષ્ય તરીકે સ્વીકારેલાં, પછી એમના આદેશથી જ શાર્દુળ ભગતે અન્ય શિષ્યોને કંઠી બાંધેલી. જેમાં ચકણદાસજી, ગરીબદાસજી, જીવણદાસજી, માંડણભગત, રૂડા ભગત, કરમણ ભગત, ઉકરડો, વજસી, રામવાળા, માંગલબાઈ, ખીમણબાઈ વગેરેનાં નામ મળે છે. રામભગત / રામવાળા પરબની જગ્યામાં રહેતા કાઠી જ્ઞાતિના. પત્ની : માંગલબાઈ. પતિ-પત્નીએ જીવતાં સમાધિ મોટા કોટડા ગામે લીધેલી. શાર્દુળ ભગતની વિદાય પછી પરબની ગાદીએ ચરણદાસજી આવ્યા એ પછી ગાદીએ ગુરુ બંધુ કરમણપીર આવેલા.ખીમણબાઈ નામે ભક્ત નારી શાર્દૂળ ભગત (પરબ)નાં શિષ્યા હતાં . જે ચરણદાસજીના સમયમાં અવસાન પામ્યાં.ચરણદાસજી પછી પરબની ગાદીએ આવેલા કરમણભગત જેતપુર પાસે 'ગોલીડા-ઢોલીડા' નામના ઉજ્જડ ટીંબાના સ્થળ પર ઝૂંપડી બાંધી રહેતા. તેઓ ગાદીએ આવ્યા. એ પહેલાં સં.૧૮૯૫ (ઈ.સ.૧૮૩૯)માં ભયંકર દુષ્કાળ પડયો ત્યારે કરમણપીરે નાનો કૂવો અખૂટ ગાળી જળ ઉત્પન્ન કરેલું. એ પછી કરમણે દેવકી ગાલોળ ગામે જગ્યા બાંધેલી. પાછળથી એ જગ્યા રબારી જ્ઞાતિના રતના ભગતને સુપ્રત કરેલી. કરમણ ભગતના શિષ્યો : સેલાનીશા - ધોરાજી, હૂરબાઈ, સેવાદાસજી, લખમીદાસજી. કરમણપીરના શિષ્ય સેલાનીશાએ ધોરાજીમાં જગ્યા બાંધેલી. પાછળથી ત્યાં હૂરબાઈ માતાજી નિવાસ કરતા. તેમના શિષ્ય : ગંગેવદાસ ને ભારથી બાવા. વિ.સં.૧૮૯૮માં કરમણનું અવસાન થતાં ગાદીએ સેવાદાસજી (પહેલા) આવ્યા. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# 'સત્'થી યુક્ત યાગ, દાન ને તપ



ગત અંકોમાં યાગ, દાન અને તપની સમજૂતી આપીને ભગવાન કૃષ્ણ હવે આ ત્રણેય મૂલ્યોને 'સત્'ના આધારે સમજાવીને અધ્યાય ૧૭ પૂર્ણ કરે છે.

ભારતીય સંસ્કૃતિના ત્રણ પ્રાચીન મૂલ્યનિષ્ઠ તત્ત્વો જેવા કે યાગ, દાન અને તપ મનુષ્યના આત્મિક અને સામાજિક ઉત્થાન માટે મહત્ત્વનાં સાધનો તરીકે સ્થાન પામ્યાં છે. ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ગીતામાં આ ત્રણે તત્વોને 'સત્' રૂપે વ્યાખ્યાયિત કર્યાં છે. 'સત્'નો પ્રારંભિક અર્થ થાય છે- સચ્ચાઈ, શુદ્ધતા, પ્રામાણિકતા અને નિઃસ્વાર્થતા. આ ગુણો જો યાગ, દાન અને તપમાં ઉમેરાય તો આ બધાં માત્ર ધાર્મિક કર્મો નથી રહેતા, પણ તે જીવાત્માને પરમાત્માની નજીક લાવવા માટે સેતુરૂપ બની જાય છે.

આજના આધુનિક યુગમાં જ્યાં લોભ, અહંકાર અને સ્વાર્થ વધી રહ્યા છે, ત્યાં સત્યનું પાલન, યજ્ઞની ભાવના, દાનની ઉદારતા અને તપની સાધના આપણને સંતુલિત જીવન જીવવામાં મદદ કરે છે. સત્ય એ ફક્ત સાચું બોલવું જ નથી, પણ તે એક જીવનશૈલી છે. રોજબરોજના જીવનમાં જ્યારે આપણે સાચું આચરણ કરીએ છીએ, ત્યારે આપણી વિશ્વસનીયતા વધે છે.

યજ્ઞવિધિમાં જો 'સત્'ની ભાવના ન હોય તો તે ફક્ત લૌકિક અને ભૌતિક કૃત્ય જ બની રહેશે. યાગનો અર્થ છે- પોતાનું શ્રેષ્ઠતમ અર્પણ કરવા માટેની તૈયારી. ભગવદ્ગીતા કહે છે કે સાત્ત્વિક યાગ એ છે જે નિયમિત રીતે, શ્રદ્ધાથી અને ફળની ઇચ્છા વિના કરવામાં આવે છે. તે કર્મયોગનો અવિભાજ્ય ભાગ છે. રાજસિક યાગ એ છે જે પુષ્કળ વિધિવિધાન અને બતાવવા માટે થાય છે, તો તામસિક યાગ એ નિયમ વિરુદ્ધ કે અધર્મના માર્ગે કરવામાં આવે છે.

યજુર્વેદમાં કહેવાયું છે કે યજ્ઞ જ સર્વશ્રેષ્ઠ કર્મ છે. આમ તો આ સમગ્ર સૃષ્ટિ યજ્ઞમય છે, જે સમર્પણનાં આધારે જ ક્રિયાન્વિત થાય છે. સૂર્ય ઊર્જા અર્પે, વૃક્ષો પ્રાણવાયુ આપે, નદીઓ જળદાન કરે. આપણું જીવન પણ ત્યારે જ સફળ બને છે જ્યારે આપણે લેવા કરતાં આપવાનું વધુ શીખીએ. પ્રાચીન કાળમાં યજ્ઞો દ્વારા જ્ઞાનનો પ્રસાર થતો હતો. આજે શિક્ષકો દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવા માટે ચલાવાતાં નિઃશુલ્ક વિદ્યાકેન્દ્ર વિદ્યાયજ્ઞના જ અનુષ્ઠાનો છે. યજ્ઞની આ શાસ્ત્રીય ભાવના આજે પણ આપણને શીખવે છે કે સાચી સિદ્ધિ સ્વાર્થમાં નહીં, પરમાર્થમાં જ નિહિત છે. એ જ યજ્ઞનું 'સત્' છે.

યજ્ઞની સાથે જ ભારતીય સંસ્કૃતિમાં દાનને પણ ધર્મનું સાર્થક સ્વરૂપ માનવામાં આવે છે. પ્રાચીન કાળથી આજ સુધી, દાનની પરંપરા આપણી સંસ્કૃતિમાં સજીવ રહી છે. મહાભારતના દાનવીર કર્ણથી લઈને રતન ટાટા સુધી, દાનની ગાથાઓ સમાજને પ્રેરણા આપે છે. દાન એ ફક્ત ધન વહેંચવાની ક્રિયા નથી, પણ તે એક સંપૂર્ણ જીવનદર્શન છે જે મનુષ્યને સ્વાર્થથી ઉપર ઉઠાડે છે. ગીતામાં દર્શાવ્યા પ્રમાણે, શ્રેષ્ઠ દાન એ છે જે યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિને, વિનામૂલ્યે અને અહંકાર વિનાના ભાવથી આપવામાં આવે છે.

કોરોનાના સમયમાં જ્યારે સમગ્ર વિશ્વ સંકટમાં હતું, ત્યારે દેશભરની સેવાભાવી સંસ્થાઓ અને સામાન્ય નાગરિકોએ જે રીતે અન્નક્ષેત્રો અને મદદ કેન્દ્રો દ્વારા અન્નદાન, ઓક્સિજન સિલિન્ડરની વહેંચણી, રક્તદાન શિબિરો દ્વારા જીવનદાન અને મફત દવાઓનું વિતરણ કર્યું, તે ગીતામાં વર્ણવેલ સત્ય સાથેના દાનના સિદ્ધાંતોનું જ આધુનિક સ્વરૂપ હતું.

વળી, તૃતીય વિભાગ છે તપ ! તપ એટલે ઈન્દ્રિયોને નિયંત્રિત કરીને આત્માની શુદ્ધિ તરફ પ્રયાણ કરવું. ગીતા ત્રણ તપ વિષયક માર્ગદર્શન આપે છે. કાયિક (શરીરથી કરાતું તપ), વાચિક (વાણીનો સંયમ) અને માનસ (મનનો સંયમ). કાયિક તપમાં બ્રહ્મચર્ય, સ્વચ્છતા અને ગુરુસેવા આવરી લેવામાં આવે છે. વાચિક તપમાં સત્ય, મૌન અને નમ્ર ભાષાનો ઉપયોગ થાય છે. માનસ તપ એ છે મનમાં ઈર્ષ્યા, ગુસ્સો, લોભ વગેરેમાંથી મુક્તિ અને શાંતિ તરફ પ્રયાણ.

આજે પણ ઘણાં ભક્તો સાદું અને સંયમ સાથેનું જીવન જીવે છે. આમ, આ તપસ્વીઓ તપમાં 'સત્'નું અનુસંધાન રાખે છે.

અંતે મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે ''સત્''નો ઉત્કૃષ્ટ અને તાત્ત્વિક અર્થ પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ પરક છે. હા, 'સત્'ની આ તાત્ત્વિક વિભાવનામાં યાગ, દાન અને તપ જેવાં સાધનોને અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મની પ્રસન્નતા માટે કરવામાં આવે છે. પરિણામે આ તમામ સાધનો આત્યંતિક મુક્તિ અપાવે છે. અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મના સંબંધે યાગાદિક સર્વે ક્રિયાઓ નિર્ગુણ બની જાય છે.

આમ, 'સત્'ના અનુસંધાન સાથે યાગ, દાન અને તપ આચરીને મુમુક્ષુ સમગ્ર સમાજ માટે પ્રકાશદાયી બની શકે છે. ■

ફોકસ

કવિતા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# એક એવું મંદિર જ્યાં ભગવાન થઇ જાય છે ભૂખથી દૂબળા!





ભગવદ્ ભક્તો હંમેશા કહે છે, કે ભગવાન તો ભાવના ભૂખ્યા છે, તમે તેમને શું અર્પણ કરો છો તેના નહીં. પણ આપણે જાણીએ છીએ કે શ્રી બાળકૃષ્ણને માખણ બહુ ભાવે. આ તો ભગવાનની લીલા હતી. આપણને જાણીને આશ્ચર્ય થાય કે એક એવું મંદિર પણ છે, જ્યાં ભગવાન એમને અર્પણ થતા ભોગના ભૂખ્યા પણ છે! જી હા, આ ન માન્યામાં આવે તેવી વાત છે, પણ દક્ષિણ ભારતના કેરળ રાજ્યના થિરૂવરપ્પુમાં ભગવાન કૃષ્ણને સમર્પિત એક મંદિર છે જ્યાં આવો ચમત્કાર જોવા મળે છે.

કહેવાય છે કે આ મંદિર લગભગ ૧૫૦૦ વર્ષ પ્રાચીન છે. આ મંદિર સાથે ઘણી દંતકથાઓ જોડાયેલી છે. એવું કહેવાય છે કે વનવાસ દરમિયાન, પાંડવો ભગવાન કૃષ્ણની મૂર્તિની પૂજા કરતા હતા અને તેમને ભોગ ધરાવતા હતા. વનવાસના અંત પછી, પાંડવોએ માછીમારોની વિનંતીને માન આપીને ભગવાનની આ મૂર્તિ થિરૂવરપ્પુ ખાતે છોડી દીધી. માછીમારોએ ભગવાન કૃષ્ણને ગ્રામદેવતા તરીકે પૂજવાનું શરૂ કર્યું. જોકે, એક દિવસ માછીમારોને એક સંકટનો સામનો કરવો પડ્યો, અને એક જ્યોતિષીએ તેમને કહ્યું કે તેઓ પૂજા યોગ્ય રીતે કરી રહ્યા નથી. ભગવાનની ભક્તિમાં કચાશ રહી જાય, તેના કરતાં તો તેમની પૂજા ન કરવી સારી, એમ વિચારીને તેમણે ભગવાન કૃષ્ણની મૂર્તિનું એક તળાવમાં વિસર્જન કર્યું.

કેરળના એક ઋષિ વિલ્વમંગલમ સ્વામીયર એક વખત હોડીમાં તળાવમાં મુસાફરી કરી રહ્યા હતા, પરંતુ તેમની હોડી એક જગ્યાએ અટકી ગઈ. ઘણી કોશિશ કર્યા પછી પણ હોડી આગળ વધી શકી નહીં, તેથી મનમાં એક પ્રશ્ન થયો કે એવું શું છે કે હોડી આગળ વધી રહી નથી? તેમણે પાણીમાં ડૂબકી લગાવી અને ત્યાં એક મૂર્તિ પડેલી જોઈ. ઋષિ વિલ્વમંગલમ સ્વામીયારે તે મૂર્તિને પાણીમાંથી કાઢી અને પોતાની હોડીમાં પધરાવી. કિનારે આવ્યા બાદ, તેઓ એક ઝાડ નીચે આરામ કરવા માટે રોકાયા અને મૂર્તિ ત્યાં પોતાની બાજુમાં મૂકી. જતા જતા તેમણે મૂર્તિ ઉપાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ મૂર્તિ જગ્યાએથી હલવાનું નામ નહોતી લેતી! વિલ્વમંગલમ આ ચમત્કાર જોઈને ઈશ્વરી સંકેત સમજી ગયા. આખરે તે મૂર્તિની ત્યાં વિધિવત સ્થાપના કરવામાં આવી.

કહેવાય છે કે આ પ્રતિમાના મુખ પરના ભાવ તેમણે કંસનો વધ કર્યો તે સમયના છે. તે સમયે શ્રી કૃષ્ણને ખૂબ ભૂખ લાગી હતી. આ માન્યતાને કારણે, તેમને હંમેશા ભોજન આપવામાં આવે છે. મોટાભાગે મંદિરોમાં દિવસમાં બે થી ત્રણ વખત ભોગ ધરવાની પરંપરા હોય છે. પણ આ મંદિરમાં ભગવાનને દિવસમાં ૧૦ વખત ભોગ ધરવામાં આવે છે. કારણકે લાલો હંમેશાં ભૂખ્યો જ હોય છે! હા, અહીં એવી માન્યતા છે કે ભગવાનના વિગ્રહથી ભૂખ સહન નથી થતી. જો એમને ભોગ ધરવામાં ન આવે તો તેમનું શરીર દૂબળું પડી જાય છે. એવું પણ માનવામાં આવે છે કે થાળીમાંથી પ્રસાદ ધીમે ધીમે ગાયબ થઈ જાય છે, અને ભગવાન કૃષ્ણ પોતે તેને આરોગી જાય છે.

ભારતમાં કદાચ આ એકમાત્ર મંદિર છે જે ગ્રહણ દરમિયાન પણ બંધ થતું નથી. કહેવાય છે કે, આદિ શંકરાચાર્યના સમયમાં, મંદિર એક વખત ગ્રહણ દરમિયાન બંધ કરવામાં આવ્યું હતું. જ્યારે દરવાજો ખોલવામાં આવ્યો ત્યારે જોયું કે ભગવાનને પહેરાવેલો કમરપટ્ટો નીચે સરકી ગયો હતો. આ વાતની જાણકારી મળતા આદિ શંકરાચાર્ય સ્વયં ત્યાં આવ્યા હતા. સચ્ચાઈ જાણ્યા પછી તેઓ પણ આશ્ચર્યચકિત થઇ ગયા હતા. ત્યારથી તેમની અનુજ્ઞાથી આ મંદિર ગ્રહણ દરમિયાન પણ બંધ થતું નથી.


મંદિર ૨૪ કલાકમાં માત્ર બે મિનિટ માટે બંધ રહે છે. સવારે ૧૧:૫૮ વાગ્યે બંધ થાય છે અને માત્ર બે મિનિટ પછી બરાબર બપોરે ૧૨:૦૦ વાગ્યે ફરી ખુલે છે. મંદિરના પૂજારીને તાળાની ચાવી અને કુહાડી આપવામાં આવી છે. કેમકે બાલકૃષ્ણથી ભૂખ સહન થતી નથી એટલે જો ચાવીથી તાળું ખોલવામાં જરા પણ વિલંબ થાય તેવું લાગે તો તરત કુહાડીથી તાળું તોડી દેવાની અનુમતિ છે, પણ કૃષ્ણને ભોગ ધરાવવામાં જરાય વિલંબ ન થવો જોઈએ!! જ્યારે મૂર્તિનો અભિષેક થાય છે, ત્યારે પહેલા મૂર્તિનું માથું અને પછી આખું શરીર સુકાઈ જાય છે. કારણ કે અભિષેકમાં સમય લાગે છે, તે સમય દરમિયાન પ્રસાદ ચઢાવી શકાતો નથી. આ ઘટના જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે.

એવું કહેવાય છે કે અહીંના પ્રસાદનો થોડો ભાગ પણ જે કોઈ ગ્રહણ કરે છે તે તૃપ્તિ અનુભવે છે. કોઈપણ ભક્તને પ્રસાદ લીધા વિના જવાની મંજૂરી નથી. દરરોજ સવારે ૧૧.૫૭ વાગ્યે (મંદિર બંધ કરતા પહેલા) પૂજારી મોટેથી બૂમ પાડીને પૂછે છે કે શું અહીં કોઈ એવું છે જેણે પ્રસાદ ન લીધો હોય? જે કોઈ અહીં એક વાર પ્રસાદ લે છે, તેને જીવનમાં ક્યારેય ભૂખ્યા રહેવાનો વારો આવતો નથી એવી લોકોમાં શ્રદ્ધા છે. એપ્રિલ મહિનામાં ૧૦ દિવસ માટે અહીં વાર્ષિક ઉત્સવ ઉજવવામાં આવે છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# ભરવાડની બુદ્ધિગમ્ય વાત સાધુને બોધ આપનારી બની ગઈ



એક અતિ સામાન્ય નિયમ રહ્યો છે કે

- સાધુ, - સંતો, - પીર, - ફકીર, - ઓલિયા;

- દરવેશોના ઈલ્મ; જ્ઞાન સામે સામાન્ય સમજ ધરાવતી વ્યક્તિનું જ્ઞાન; સોચ-સમજ પણ સાવ સામાન્ય હોય છે...!

- પરંતુ અત્રે રજૂ કરેલ એક જ્ઞાની સાધુ અને અજ્ઞાની; અભણ ભરવાડ વચ્ચેનો સંવાદ આપણી મજકૂર ભ્રમણાને ખોટી ઠેરવે છે, જેને અહીં રજૂ કરેલ એક પ્રસંગ સ્પષ્ટ કરે છે.

- નદી કિનારે વાતાવરણ ઘણું જ રમણીય હતું. નદીનું પાણી ખળખળ વહેતું હતું. જાણે ધીમું સંગીત વાગી રહ્યું હોય એમ લાગતું હતું. પક્ષીઓ આમતેમ ઊડી રહ્યાં હતાં. નદી કિનારે આવેલાં ઝાડનાં પાંદડાં ધીમા પવનની લહેરખીમાં ડોલી રહ્યાં હતાં. આખું વાતાવરણ ઊડીને આંખે વળગે એવું હતું.

- ત્યાં એક સાધુ મહાત્મા આવ્યા. તેને થયું ઈશ્વરનું સ્મરણ કરવામાં આ જગ્યા ઘણીજ સુંદર; શાંત છે.

- સાધુ તો પલાઠી વાળીને ધ્યાન ધરવા માટે પ્રયત્ન કરવા લાગી ગયા. ત્યાં તો કોઈનો ગીત ગાવાનો અવાજ આવ્યો. તેને કારણે સાધુ ધ્યાનમગ્ન થઈ શકતા નહોતા.

- પહેલાં તો તેણે આ અવાજ તરફ દુર્લક્ષ સેવ્યું અને એ તરફ ધ્યાન ન આપવાનું નક્કી કર્યું, પણ પછી જેમજેમ એ અવાજ એના કાને અથડાતો ગયો તેમતેમ તે વધુ ને વધુ બેચેન બન્યો. ધ્યાન ધરવાનું તો બાજુએ રહી ગયું.

સાધુ તો લાલ-પીળો થતો એ અવાજની દિશામાં આગળ વધ્યો. તેણે જોયું કે ટેકરી પર એક ભરવાડ આંખો બંધ કરી ગાઈ રહ્યો હતો. તેની ગાયો ટેકરી પર ચરતી હતી. ભરવાડ તો દુનિયાનું ભાન ભૂલી પોતાની તાનમાં જ મશગૂલ હતો. આ જોઈને સાધુને વધુ ગુસ્સો આવ્યો કે, 'હું ક્યારનો ભગવાનની પ્રાર્થનામાં ધ્યાન લગાડવાનો પ્રયત્ન કરું છું અને આ અભણ ભરવાડ પોતાની જ ધૂનમાં એકતાન થઈ ગાઈ રહ્યો છે.'

'અરે એ મૂર્ખ...!' સાધુએ ગુસ્સે થઈ ઘાંટો પાડ્યો. 'તું જોતો નથી કે હું અહીં નદીકિનારે પ્રભુનું ધ્યાન ધરવા પ્રયત્ન કરી રહ્યો છું, ત્યારે તું મોટેમોટેથી ભેંસાસૂર રાગે ગાઈ રહ્યો છે? તને બીજાને થતી ખલેલનું ભાન જ નથી!'

ક્રોધિત સાધુનો બરાડો સાંભળતાં જ ભરવાડે આંખો ખોલી. વિસ્મયતાથી તેના તરફ જોયું. પછી બે હાથ જોડીને નમ્રતાથી બોલ્યો, 'માફ કરજો મહારાજ! મને નહોતી ખબર કે મારા ગીતથી તમે પ્રભુમાં એકતાન થઈ શકતા નથી. હું તો અહીં રોજ જ આવું છું. મારી ગાયોને ચરવા છૂટી દઉં છું. ખળખળ વહેતી નદી, કલરવ કરતાં પક્ષીઓ, ઝાડનાં પાંદડાંના ડોલવાનો અવાજ એ બધાં વચ્ચે હું તો રોજ જ એકતાન થઈ મારું ગીત ગણગણું છું. અમને કોઈને કદી પણ એકબીજાથી ખલેલ થઈ નથી. અમે તો અમારા ગાનમાં ગુલતાન રહીએ છીએ. અમને તો લાગતું હતું કે કુદરતની આ ગોઠવણમાં કોઈ કોઈને ખલેલ પહોંચાડી શકે જ નહીં. આજે તમારા ધ્યાનમાં મેં ખલેલ પહોંચાડી તે માટે માફી માગું છું.'

અભણ ભરવાડની બુદ્ધિગમ્ય વાત સાંભળી સાધુ અવાક બની ગયો. તે ત્યાંથી ચૂપચાપ ચાલી ગયો ને ફરી પોતાની જગ્યાએ જઈ ધ્યાન ધરવા બેઠો; પણ તે ધ્યાનમાં એકાગ્ર થઈ શકતો નહોતો. એને વારંવાર ભરવાડના શબ્દો યાદ આવતા હતા. તેને થવા લાગ્યું કે, તે કેમ આ ભરવાડ, નદી, પક્ષીની જેમ કુદરતી ગોઠવણમાં ગોઠવાઈ જઈ ધ્યાનમાં એકાગ્ર થઈ શકતો નથી?

વ્હાલા વાચક મિત્રો! સાધુએ જો સાચા દિલથી પ્રભુની પ્રાર્થનામાં મન પરોવ્યું હોત તો એ આસપાસની દુનિયાનું કોઈ ભાન જ રહ્યું ન હોત ને ભગવાન સામે એકતાન થઈ શક્યો હોત. એકાગ્ર બની શક્યો હોત. ■

**બોધઃ**

***આપણે પણ આપણું ધ્યેય નક્કી કરીએ તો ધાર્યું પરિણામ મેળવી શકીએ. તથાસ્તુ; ઈશ્વર; અલ્લાહ; ગૉડ સૌનું; જીવ માત્રનું ભલું કરે.***

# સ્મૃતિ અને પલાશનાં લગ્ન છેવટે રદ



## સત્તાવાર જાહેરાત સાથે રિલેશનશિપનો ‘ધી એન્ડ’: અફવા ફેલાવનારાઓ સામે કાનૂની પગલાં ભરવાની પલાશની ધમકી

મુંબઈ: ક્રિકેટર સ્મૃતિ મંધાના અને મ્યુઝિક કમ્પોઝર પલાશ મુચ્છલ વચ્ચેના લગ્ન સત્તાવાર રીતે રદ જાહેર કરવામાં આવ્યા છે. સ્મૃતિ અને પલાશે ઇન્સ્ટાગ્રામ પર પોતાના લગ્ન કૅન્સલ કરવામાં આવ્યા હોવાનો નિર્ણય ગઈ કાલે શૅર કર્યો હતો અને પોતાના પરિવારની પ્રાઇવસીનું સન્માન કરવાની પણ લોકોને અપીલ કરી હતી. તેમણે પછીથી ઇન્સ્ટા પર એકબીજાને અનફૉલો પણ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે પલાશે પોતાની બદનક્ષી કરતી અફવા ફેલાવનારાઓ સામે કાનૂની પગલાં ભરવાની ધમકી પણ આપી હતી. ગયા મહિને પલાશે સ્મૃતિને વર્લ્ડ કપની ફાઇનલના સ્થળ (ડી. વાય. પાટીલ સ્ટેડિયમના મેદાન પર) પ્રપોઝ કરીને રિંગ પહેરાવી હતી. બન્ને જણ ૨૦૧૯ની સાલથી રિલેશનશિપમાં હતા. જોકે હવે એ રિલેશનશિપનો અંત આવી ગયો છે.

બે અઠવાડિયાથી સ્મૃતિ-પલાશના મૅરેજ વિશે જે અટકળો થતી હતી એનો હવે અંત આવી ગયો છે. સ્મૃતિએ પલાશ સાથેના લગ્ન બાબતમાં ઇન્સ્ટાગ્રામ પર લખ્યું, ‘ થોડા અઠવાડિયાઓથી મારી લાઇફ વિશે ઘણી અટકળો થતી રહેતી હતી એટલે હવે મને થયું કે મારે ચોખવટ કરી દેવી જોઈએ. હું ક્યારેય મારી અંગત વાતો જાહેરમાં શૅર કરવામાં માનતી નથી, પરંતુ અહીં ખુલાસો કરી દેવા માગું છું કે લગ્ન રદ થયા છે. આ વાત હું અહીં જ પૂરી કરી નાખવા માગું છું અને ઇચ્છું છું કે તમે બધા પણ એવું જ કરો. પ્લીઝ, અમારા બન્નેના પરિવારને પ્રાઇવસી જાળવવામાં સાથ આપો અને અમને બન્નેને અમારી રીતે જીવનમાં આગળ વધવા દો. આપણને બધાને જીવનમાં ઘણા ઉચ્ચ હેતુ સિદ્ધ કરવા હોય છે અને મારી વાત કરું તો હું હજી ઘણું ક્રિકેટ રમવા માગું છું અને દેશ માટે શક્ય એટલી ટ્રોફીઓ જીતવા માગું છું. મારું ફૉકસ આ વાત પર જ રહેશે. મને સપોર્ટ આપવા બદલ તમારા સર્વેનો આભાર. ઇટ્સ ટાઇમ ટુ મૂવ ફૉર્વર્ડ.’

પલાશ મુચ્છલ સાથે સ્મૃતિના ૨૩મી નવેમ્બરે સાંગલીમાં મંધાના પરિવારના ફાર્મ હાઉસમાં લગ્ન થવાના હતા. તમામ પ્રી-વેડિંગ ઇવેન્ટ્સ (હલ્દી, સંગીત, મહેંદી) પૂરી થઈ ચૂકી હતી અને કહેવાય છે કે લગ્નના દિવસે સવારે સ્મૃતિના પિતા શ્રીનિવાસ મંધાનાની તબિયત અચાનક બગડી જતાં તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે કેટલાક અહેવાલોમાં (પુષ્ટિ મળ્યા વિનાના) કંઈક જુદા જ કારણસર સ્મૃતિએ લગ્ન મોકૂફ રાખ્યા હોવાનું જણાવાયું હતું. સ્મૃતિએ તેમ જ તેની સાથી ખેલાડીઓ જેમિમા રૉડ્રિગ્સ વગેરેએ પોતાના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પરથી સ્મૃતિ-પલાશની પ્રી-વેડિંગ ઇવેન્ટ્સની તસવીરો ડીલીટ કરી નાખી હતી.

રવિવારે બપોરે સ્મૃતિની પોસ્ટ આવ્યા બાદ પલાશ મુચ્છલે પણ ઇન્સ્ટાગ્રામ પરની પોસ્ટમાં લખ્યું હતું કે, ‘હું પણ જીવનમાં હવે આગળ વધવા માગું છું અને પર્સનલ રિલેશનશિપમાંથી હવે પાછો હટી રહ્યો છું. જોકે લોકોને મારી સલાહ છે કે આધાર વગરની ગૉસિપ પર ભરોસો કરવાનું અને એ ફેલાવવાથી દૂર રહો. આવી અફવાના શબ્દો વ્યક્તિ માટે ખૂબ નુકસાનકારક નીવડી શકે. ખોટી અને બદનક્ષીભરી વાતો ફેલાવતા લોકો સામે મારી ટીમ કાનૂની પગલાં ભરશે.' ■

# ટી-૨૦માં ૫૦૦૦ રન, ૫૦૦ વિકેટ અને ૫૦૦ છગ્ગા: આન્દ્રે રસેલ વિશ્વનો પ્રથમ ક્રિકેટર બન્યો



શારજાહ: વેસ્ટ ઇન્ડિઝનો ધમાકેદાર બૅટ્સમૅન અને દમદાર ફાસ્ટ બોલર આન્દ્રે રસેલ તાજેતરમાં આઇપીએલમાંથી નિવૃત્ત થઈ ગયો અને પાછો કોલકાતા નાઇટ રાઇડર્સની ટીમનો પાવર-કોચ પણ બની ગયો એટલે થોડા દિવસથી ચર્ચામાં તો છે જ, પણ ફરી એકવાર તે ફટકાબાજીને લીધે ચમકી ગયો છે જેમાં તેનો એવો વિશ્વવિક્રમ નોંધાયો છે જેની બરાબરી ઘણા વર્ષો સુધી બીજો કોઈ પ્લેયર નહીં કરી શકે.

ઑલરાઉન્ડર રસેલે આ અનોખી સિદ્ધિ શારજાહમાં ઇન્ટરનૅશનલ લીગ ટી-૨૦ નામની ટૂર્નામેન્ટમાં મેળવી છે. તે વિશ્વનો એવો પ્રથમ અને એકમાત્ર ક્રિકેટર બન્યો છે જેણે ટી-૨૦ ફૉર્મેટમાં ૫,૦૦૦ રન કરવા ઉપરાંત ૫૦૦ વિકેટ પણ લીધી છે તેમ જ ૫૦૦ સિક્સર પણ ફટકારી છે.

રસેલે જુલાઈ, ૨૦૨૫માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. તેણે શુક્રવારે શારજાહમાં અબુ ધાબી નાઇટ રાઇડર્સ વતી રમતી વખતે ડેઝર્ટ વાઇપર્સ ટીમના ખેલાડી અને પોતાના જ દેશના શિમરૉન હેટમાયરની વિકેટ લીધી ત્યારે તેની (રસેલની) સિદ્ધિ પૂરી થઈ હતી. ટી-૨૦ ક્રિકેટમાં રસેલની એ ૫૦૦મી વિકેટ હતી.

અઢી દાયકા જૂના ટી-૨૦ ફૉર્મેટમાં કુલ ૧૨૬ ખેલાડી ૫,૦૦૦થી વધુ રન કરી ચૂક્યા છે, છ બોલર ૫૦૦થી વધુ વિકેટ મેળવી ચૂક્યા છે અને ૧૦ બૅટ્સમેન ૫૦૦થી વધુ સિક્સર ફટકારી ચૂક્યા છે, પરંતુ આ ત્રણેય લિસ્ટમાં એકમાત્ર આન્દ્રે રસેલનું નામ છે. તે ટી-૨૦ ક્રિકેટમાં કુલ ૧૨ જેટલી ટીમ વતી રમ્યો છે જેમાં તેણે ૯,૪૯૬ રન કર્યા છે, ૭૭૨ સિક્સર ફટકારી છે તેમ જ ૫૦૦ વિકેટ લીધી છે. ડ્વેઇન બ્રાવો અને શાકિબ અલ હસન ટી-૨૦માં ૫,૦૦૦થી વધુ રન કરવા ઉપરાંત ૫૦૦ વિકેટ લઈ ચૂક્યા છે. ■

# મેસીએ માયામીને અપાવ્યું મેજર લીગ સૉકરનું ટાઇટલ

ફૉર્ટ લૉડરડેલ: આ મહિને ભારતના પ્રવાસે આવનારા આર્જેન્ટિનાના વર્લ્ડ ચૅમ્પિયન ફૂટબોલર લિયોનેલ મેસીની આગેવાનીમાં અહીં અમેરિકામાં ઇન્ટર માયામીએ પહેલી વાર મેજર લીગ સૉકર (એમએલએસ)નું મોટું ટાઇટલ જીતી લીધું છે. એમએલએસમાં મેસીની આ ત્રીજી જ સીઝન છે અને એમાં તેણે મૅજિક બતાવી દીધું છે. માયામીની ટીમ પહેલી જ વખત એમએલએસનો તાજ જીત્યું છે. ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ કૅપ્ટન ડેવિડ બેકહૅમની સહ-માલિકીવાળી માયામીની ટીમની આ છઠ્ઠી જ સીઝન છે અને એમાં એણે મેસીની મદદથી બહુમૂલ્ય ટ્રોફી જીતી લીધી હતી.

શનિવારે રમાયેલી ફાઇનલમાં ગુલાબી ડ્રેસવાળા ખેલાડીઓવાળી માયામીની ટીમે વૅનકુંવર વાઇટકૅપ્સ નામની ટીમને ૩-૧થી પરાજિત કરી હતી. આ ફાઇનલમાં મેસીએ એક પણ ગોલ નહોતો કર્યો, પરંતુ સાથી ખેલાડીઓને ગોલ કરવા માટે તેણે ખૂબ પ્રેરિત કર્યા હતા અને આખી ટૂર્નામેન્ટમાં માગદર્શન આપીને માયામીની ટીમને ફાઇનલ સુધી પહોંચાડી હતી. માયામી વતી ત્રણ ગોલ થયા હતા. વૅનકુંવરના એડિયર ઑકેમ્પોથી આઠમી મિનિટમાં ભૂલથી માયામીના ગોલપોસ્ટમાં ગોલ થતાં માયામીએ ૧-૦થી સરસાઈ લીધી હતી. ૬૦મી મિનિટમાં અલી અહમદે ગોલ કરીને વૅનકુંવરને ૧-૧ની બરાબરી અપાવી હતી. જોકે ૭૧મી મિનિટમાં માયામીના રૉડ્રિગો ડિ પૉલે અને મૅચના અંતની થોડી ક્ષણો પહેલાં (૯૬મી મિનિટમાં) ટેડિયો ઑલેન્ડેએ અંતિમ ગોલ કર્યો હતો. મેસીની શાનદાર કરીઅરની આ ૪૭મી ટ્રોફી છે. ■

# વિરાટ પહોંચી ગયો શ્રી વરાહા લક્ષ્મી મંદિરે



વિશાખાપટનમ: ભારતે શનિવારે અહીં વિશાખાપટનમમાં સાઉથ આફ્રિકાને નિર્ણાયક વન-ડેમાં હરાવીને ૨-૧ની સરસાઈ સાથે આ દેશ સામે ટ્રોફી જીતવાની હૅટ-ટ્રિક નોંધાવી એના બીજા દિવસે (રવિવારે) પ્લેયર ઑફ ધ સિરીઝ વિરાટ કોહલીએ આંધ્ર પ્રદેશના આ જ શહેરના સિંહાચલમમાં શ્રી વરાહા લક્ષ્મી નરસિંહ સ્વામી ટેમ્પલની મુલાકાત લીધી હતી અને પૂજા-અર્ચનાની વિધિમાં ભાગ લેવા સહિત તેણે મંદિરમાં ઘણો સમય વીતાવ્યો હતો.

ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદર પણ તેની સાથે હતો. ફીલ્ડિંગ-કોચ ટી. દિલીપ તેમ જ આંધ્ર ક્રિકેટ ઍસોસિયેશનના સ્ટાફના કેટલાક સભ્યો પણ મંદિરમાં આવ્યા હતા.

સિંહાચલમ દેવસ્થાનના ડેપ્યૂટી એક્ઝિક્યૂટિવ ઑફિસર એસ. રાધા તેમ જ અન્ય હોદ્દેદારોએ વિરાટ, વૉશિંગ્ટન અને અન્યોનું સ્વાગત કર્યું હતું. વિરાટે ખાસ કરીને કપ્પા સ્તંભને ભેટીને પૂજા કરી હતી અને ભગવાનના આશીર્વાદ લીધા હતા.

વિરાટ તથા અન્યોએ ભગવાનના દર્શન કરી લીધા ત્યાર પછી વેદાચાર્યોએ વેદ મંત્રોચ્ચાર સાથે થોડી ધાર્મિક વિધિ કરી હતી અને પૂજા-પાઠના એક વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. વિરાટને સ્વામી વરી સેશા વસ્ત્રમથી સન્માનિત કરવામાં આવ્યો હતો. તેને ભગવાનની સુંદર મૂર્તિ તેમ જ પ્રસાદ પણ આપવામાં આવ્યા હતા.

વિરાટે થોડા સમય પહેલાં વૃંદાવન તથા હનુમાન ગઢીના મંદિરની પણ મુલાકાત લીધી હતી. ત્યારે પત્ની અનુષ્કા શર્મા તેની સાથે હતી. ■

# ઑસ્ટ્રેલિયા બીજી ઍશિઝ ટેસ્ટ પણ જીત્યું, સ્ટાર્ક ફરી મૅન ઑફ ધ મૅચ

## સ્ટીવ સ્મિથે વિલ જૅક્સનો એક હાથે ડાઇવિંગ કૅચ ઝીલ્યા પછી બે છગ્ગા, બે ચોક્કા સાથે ખેલ વહેલો ખતમ કર્યો

બ્રિસ્બેન: ઑસ્ટ્રેલિયાએ અહીં ગઈ કાલે ગૅબાના ઐતિહાસિક ગ્રાઉન્ડ પર ઍશિઝ ટેસ્ટ સિરીઝની બીજી મૅચ (પિન્ક બૉલ ડે-નાઇટ ટેસ્ટ)માં ઇંગ્લૅન્ડને આઠ વિકેટે હરાવીને સરસાઈ ૨-૦ની કરી લીધી હતી. કાંગારુઓને રવિવારના ચોથા દિવસે જીતવા માત્ર ૬૯ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે તેમણે બે વિકેટના ભોગે મેળવી લીધો હતો.



### સ્મિથ-આર્ચર વચ્ચે ચકમક

કાર્યવાહક સુકાની સ્ટીવ સ્મિથ સામાન્ય રીતે વધુ પડતા આક્રમક મિજાજથી રમનારો બૅટ્સમૅન નથી, પરંતુ તેણે મૅચની છેલ્લી પળોમાં બ્રિટિશ પેસ બોલર જોફ્રા આર્ચરની એક ઓવરમાં ઉપરાઉપરી બે ફોર તેમ જ એક સિક્સર ફટકારીને પોતાનો મૂડ બતાવી દીધો હતો. આર્ચરે કલાકે સરેરાશ ૧૫૦ કિલોમીટરની ઝડપે બૉલ ફેંક્યા હતા જેમાંના તેના એક બાઉન્સર પછી સ્મિથે તેને ઝડપી બૉલ ફેંકવા પડકાર્યો હતો. આર્ચરે વધુ પેસ સાથે ફેંકેલા બૉલમાં સ્મિથે પહેલાં ચોક્કો અને પછી વિનિંગ છગ્ગો ફટકાર્યો હતો. ગૅબામાં સ્મિથના ૧,૦૦૦ રન પૂરા થયા.

### સ્મિથના નવ બૉલમાં ૨૩ રન

ઑસ્ટ્રેલિયાનો સ્કોર જ્યારે ૨/૬૩ હતો ત્યારે ગસ ઍટકિન્સનની ઓવરના છેલ્લા બૉલમાં સ્મિથે જેવી વિનિંગ સિક્સર ફટકારી કે તરત જ સાથી બૅટ્સમૅન જેક વેધરાલ્ડ તેને ભેટી પડ્યો હતો અને પછી આખી યજમાન ટીમનું સેલિબ્રેશન શરૂ થઈ ગયું હતું. સ્મિથ નવ બૉલમાં બે છગ્ગા અને બે ચોક્કાથી ૨૩ રન બનાવીને અણનમ રહ્યો હતો, જ્યારે વેધરાલ્ડ ૧૭ રને અણનમ હતો. એ પહેલાં, ઓપનર ટ્રૅવિસ હેડ બાવીસ રન તથા માર્નસ લાબુશેન ત્રણ રન કરીને આઉટ થયો હતો. બન્ને વિકેટ ગસ ઍટકિન્સને લીધી હતી.

### સ્ટાર્કની દસ પછી આઠ વિકેટ

આખી મૅચમાં કુલ આઠ વિકેટ લેવા ઉપરાંત પ્રથમ દાવમાં ઉપયોગી ૭૭ રન કરનાર મિચલ સ્ટાર્કને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. ઉપરાઉપરી બીજી મૅચમાં તે આ પુરસ્કાર જીત્યો હતો. રવિવારે ઇંગ્લૅન્ડનો બીજો દાવ ૨૪૧ રનના સ્કોર પર પૂરો થતાં ઑસ્ટ્રેલિયાને માત્ર ૬૫ રનનો ટાર્ગેટ મળ્યો હતો. ઇંગ્લૅન્ડની છેલ્લી જે ચાર વિકેટ પડી એમાં ત્રણ કૅચ સ્ટીવ સ્મિથે ઝીલ્યા હતા. ખાસ કરીને સ્મિથે પેસ બોલર માઇકલ નેસરના એક બૉલમાં વિલ જૅક્સ (૪૧ રન, ૯૨ બૉલ, ૧૮૩ મિનિટ, બે ફોર)નો ડાઇવ મારીને એક હાથે નીચો કૅચ ઝીલ્યો હતો. નેસરે કુલ પાંચ વિકેટ તથા મિચલ સ્ટાર્ક અને સ્કૉટ બૉલેન્ડે બે-બે વિકેટ મેળવી હતી.

ઑસ્ટ્રેલિયાએ શ્રેણીની પ્રથમ ટેસ્ટ બે જ દિવસમાં જીતી લીધી હતી. હવે ત્રીજી ટેસ્ટ ૧૭મી ડિસેમ્બરથી (૧૦ દિવસના લાંબા બ્રેક બાદ) ઍડિલેઇડમાં રમાશે. ■



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જંગમ | સમજુ |
| જંગલી | સ્થાવર |
| જંગી | સરળ |
| જક્કી | સંસ્કારી |
| જટિલ | ક્ષુલ્લક |

## માતૃભાષાની મહેક

હવામાં પતંગ મસ્ત લહેરાતો હોય ત્યાં પાડોશી દેશ અચાનક આક્રમણ કરે એમ કોઈ એક કનકવો (પતંગ) તમારા કનકવા સાથે પેચ લડાવવા આવી પહોંચે. પેચ લડાય ત્યારે ક્યારેક બંને પતંગ ભેગા થઈ જાય ત્યારે રોટલા જેવો ઘાટ થાય અને એટલે કનકવાના રોટલા થયા એમ કહેવાય છે. આ પરિસ્થિતિમાં માંજાનું જોર નથી રહેતું.

## ગુજરાત મોરી મોરી રે

મંદિર, મસ્જિદ, કિલ્લા અને વાવ સહિત ઘણી સાંસ્કૃતિક બાબતો માટે પ્રસિદ્ધ ચાંપાનેર શહેર ગુજરાતના કયા જિલ્લામાં છે?

અ) જૂનાગઢ
બ) કચ્છ
ક) રાજકોટ
ડ) પંચમહાલ

## ઈર્શાદ

*કાજલ તજે ન શ્યામતા, મોતી તજે ન શ્વેત,*
*દુર્જન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત.* -- લોક રચના

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | ■ | | ■ | ૯ | |
| ૧૦ | | ■ | | ■ | ૧૧ | | | ■ | |
| | ■ | ૧૨ | ■ | ■ | ૧૩ | | ■ | ■ | ■ |
| ■ | ■ | ૧૪ | | ૧૫ | | ■ | ૧૬ | | |
| ૧૭ | | | ■ | ૧૮ | | | | ■ | ■ |
| ■ | ■ | ■ | ૧૯ | | ■ | ■ | | ■ | ૨૦ |
| ૨૧ | ■ | ૨૨ | | | ■ | ૨૩ | ■ | ૨૪ | |
| ૨૫ | ૨૬ | ■ | | ■ | ૨૭ | | ■ | ૨૮ | |
| ૨૯ | | | | ■ | ૩૦ | | | | ■ |

### આડી ચાવી

૧. ગુરુદક્ષિણામાં પોતાનો જમણાં હાથનો અંગૂઠો આપી દેનાર (૪)
૪. ત્રાસ, ઉપાધિ (૪)
૭. ક્રોધ, ગુસ્સો (૨)
૮. કહાણી, વાર્તા (૨)
૯. વાણી અને પાણીનો --- કરવો નહીં (૨)
૧૦. એક કઠોળ (૨)
૧૧. સચેત, જાગતું (૩)
૧૩. પ્રેમ, વહાલ (૨)
૧૪. છળ પ્રપંચ (૪)
૧૬. મગરૂરી, ગર્વ (૩)
૧૭. બી સાથેનું રૂ (૩)
૧૮. એક મુખવાસ (૪)
૧૯. શોભે (૨)
૨૨. છેક નાની કકડી (૩)
૨૪. હૃદય (૨)
૨૫. હિંદુઓની પવિત્ર નદી (૨)
૨૭. હિસ્સો (૨)
૨૮. કોમળ, મધુર (૨)
૨૯. તવંગર, પૈસાદાર (૪)
૩૦. મોટી લડાઈ (૪)

### ઊભી ચાવી

૧. ઈચ્છા (૩)
૨. પક્ષઘાત (૩)
૩. દુ:ખ, પીડા (૨)
૪. ચંદ્ર જેવો નાનો ગ્રહ (૪)
૫. નાણું (૨)
૬. ઉંમરલાયક (૩)
૭. રુચિ ઉત્પન્ન કરે તેવું (૩)
૧૧. ખ્રિસ્તી સંવતનો પહેલો મહિનો (૪)
૧૨. કજિયો, ક્લેશ (૩)
૧૫. યુક્તિપ્રયુક્તિ (૪)
૧૬. --- ના બે ભાગ (૩)
૧૯. સાવકું (૪)
૨૦. સ્વાર્થી, જરૂરતવાળું (૩)
૨૧. સુવાસ, ફોરમ (૩)
૨૩. સદાવ્રત (૩)
૨૪. ઉત્સાહ, હોંશ (૩)
૨૬. ગીત, ગાયન (૨)
૨૭. હેત, પ્રીતિ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ■ | ૨ ઉ | ૩ મ | ળ | ૪ કો | ■ | ૫ હ | ■ | ૬ ન |
| ૭ નિ | ર્લ | જ્જ | તા | ■ | કી | ■ | ૮ વ | હે | મ |
| ક્રિ | ■ | વ | ■ | ૯ પ | લા | ય | ન | ■ | સ્કા |
| ૧૦ ત | ૧૧ મા | લ | ૧૨ પ | ત્ર | ■ | ■ | ■ | ૧૩ સા | ર |
| ■ | ત | ■ | ૧૪ નો | કા | ૧૫ ર | ■ | ૧૬ વે | ર | ■ |
| ■ | ૧૭ બ | દી | ■ | ૧૮ ર | સ | ૧૯ મ | ■ | વા | ■ |
| ૨૦ ગો | ર | ■ | ■ | ■ | ૨૧ ગુ | ણ | ૨૨ કા | ર | ૨૩ ક |
| ર | ■ | ૨૪ છે | લ | ૨૫ વે | લ્લું | ■ | મ | ■ | પા |
| ૨૬ પ | ડા | વ | ■ | રા | ■ | ૨૭ વ | કા | લ | ત |
| હું | ■ | ટ | ■ | ૨૮ ન | વ | રો | જ | ■ | ર |

## ઓળખાણ પડી?



ભગવાન મુરુગનના મંદિરો આપણા દેશમાં તેમજ વિદેશમાં પણ છે. નલ્લુર કન્ડાસ્વામી મંદિર આપણા કયા પાડોશી દેશમાં છે?

અ) નેપાળ બ) શ્રીલંકા ક) ભૂતાન ડ) ચીન

## સુડોકુ-૯૧૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | | ૩ | ૮ | | | | |
| ૮ | ૬ | ૪ | ૫ | | | | | |
| | | | ૪ | ૧ | | ૬ | | ૨ |
| | ૩ | ૭ | | | | ૮ | ૨ | |
| ૪ | | | | | | | | ૬ |
| | ૮ | ૬ | | | | ૪ | ૩ | |
| ૬ | | ૮ | | ૭ | ૨ | | | |
| | | | | | ૩ | ૨ | ૬ | ૪ |
| | | | | ૪ | ૧ | | ૭ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૧ | ૪ | ૫ | ૭ | ૯ | ૨ | ૬ |
| ૭ | ૯ | ૫ | ૨ | ૮ | ૬ | ૪ | ૩ | ૧ |
| ૨ | ૬ | ૪ | ૯ | ૩ | ૧ | ૫ | ૭ | ૮ |
| ૯ | ૮ | ૩ | ૬ | ૭ | ૨ | ૧ | ૪ | ૫ |
| ૪ | ૫ | ૨ | ૮ | ૧ | ૯ | ૩ | ૬ | ૭ |
| ૬ | ૧ | ૭ | ૫ | ૪ | ૩ | ૮ | ૯ | ૨ |
| ૫ | ૭ | ૮ | ૩ | ૨ | ૪ | ૬ | ૧ | ૯ |
| ૧ | ૪ | ૯ | ૭ | ૬ | ૫ | ૨ | ૮ | ૩ |
| ૩ | ૨ | ૬ | ૧ | ૯ | ૮ | ૭ | ૫ | ૪ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| છાંયડો | તડકો |
| છાકટું | નશામુક્ત |
| છાતી | વાંસો |
| છાનું | ઉઘાડું |
| છીછરું | ગંભીર |

**ગુજરાત મોરી મોરી રે:**
મહેસાણા

**ઓળખાણ પડી?**
વલસાડ

**માઈન્ડ ગેમ :**
૨૨

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
શ્વેત

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

‘તને હું યાદ કરું કોઈ પળ એ અલગારી’ પંક્તિમાં ‘અલગારી’ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) મસ્ત બ) આનંદી ક) અજાયબ ડ) આકરી

## માઈન્ડ ગેમ

એક વર્તુળનું ક્ષેત્રફળ જો ૩૦૮ ચોરસ સેન્ટિમીટર હોય તો વર્તુળના વ્યાસની લંબાઈ કેટલી થાય એ ગણતરી કરી જણાવો.

અ) ૧૮ બ) ૭ ક) ૧૫ ડ) ૧૪

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ પટેલ (૨) મુલરાજ કપુર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) નિશિબ્ધ દેસાઈ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજિતા ખોના (૧૩) હર્ષા મહેતા (૧૪) પ્રવીણ વોરા (૧૫) મહેશ સંઘવી (૧૬) મીનળ કાપડિયા (૧૭) નિખિલ બંગાળી (૧૮) કિરીટ છેડા (૧૯) અમીશી બંગાળી (૨૦) ભરત કજરિયા (૨૧) તાહેર ઔરંગાબાદવાલા (૨૨) શીરીન ઔરંગાબાદવાલા (૨૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૪) રશીક જુથાણી (૨૫) ભારતી બુચ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) વિણા સંપટ (૨૮) ભાવના કર્વે (૨૯) અરવિંદ કામદાર (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) મહેન્દ્ર લોઢાવિયા (૩૨) મીના ભગત (૩૩) અંજુ ટોલિયા (૩૪) જાગૃતિ નિતિન બજરિયા (૩૫) ડાયના સંતોકે (૩૬) પુષ્પા ખોના (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ઈનાક્ષીબેન દલાલ (૪૨) હિનાબેન દલાલ (૪૩) શિલ્પા શ્રોફ (૪૪) કમલ માતલિયા (૪૫) નિતિન જયંતિલાલ બજરિયા (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ડૉ. પ્રકાશ કટકિયા (૪૮) મહેશ દોશી (૪૯) નયના ગિરીશ મિસ્ત્રી (૫૦) મનીષા શેઠ (૫૧) ફાલ્ગુની શેઠ

# નાગપુર શિયાળુ સત્ર રાજ્ય ઈતિહાસનું સૌથી ટૂંકું સત્ર તોફાની બનવાના પૂરા અણસાર

નાગપુર : મહારાષ્ટ્ર વિધાનસભાનું પરંપરાગત શિયાળુ સત્ર, સોમવારથી શરૂ થઈ રહ્યું છે, જે ૧૪ ડિસેમ્બર સુધી ચાલશે. રાજ્યના ઇતિહાસમાં આ સૌથી ટૂંકા સત્રોમાંનું એક હશે. એવું માનવામાં આવી રહ્યું છે કે આ સત્ર ભારે તોફાની બની રહેશે.

આ સત્ર બે મુખ્ય કારણોસર ખાસ છે; મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં મહાયુતિ સરકારનું એક વર્ષ પૂર્ણ થવું અને ચાલુ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ દરમિયાન વધતી રાજકીય ગરમી, જેના કારણે પક્ષોમાં આંતરિક વિખવાદ અને અણધાર્યા જોડાણો થયા છે.

આ સત્રમાં વિરોધપક્ષના નેતાનું પદ, મતદાર યાદીના ''ગોટાળા'', ખેડૂતોની તકલીફ, કાયદો અને વ્યવસ્થા અને મહાયુતિનું એક વર્ષનું પ્રદર્શન વગેરે મુદ્દે ધાંધલ સર્જાવાની શક્યતા છે. બીજી બાજુ, રાજ્ય સરકાર અઠવાડિયાના સત્ર દરમિયાન મુખ્યત્વે સત્તાવાર બિલો અને નિયમિત કાયદાકીય કામગીરીને આગળ ધપાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે તેવી અપેક્ષા છે. ઔપચારિક રીતે સશક્ત વિપક્ષની ગેરહાજરી અને મહા વિકાસ આઘાડી સંખ્યાત્મક રીતે નબળી પડી જવાને કારણે, ટ્રેઝરી બેન્ચને વિશ્વાસ છે કે તોફાનમાંથી પ્રમાણમાં સરળ રીતે પસાર થઈ જશે. જોકે, સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓને કારણે આદર્શ આચારસંહિતા લાગુ થતાં, કોઈપણ મોટી નીતિગત જાહેરાત થવાની શક્યતા રહી નથી.

તેના તરફથી, નિષ્ફળતા, ગેરવહીવટ અને અપૂર્ણ વચનો પર એક પછી એક પ્રહાર કરવાની તૈયારી કરી રહ્યું છે. બંને ગૃહોમાં વિપક્ષના કોઈ માન્ય નેતા ન હોવા છતાં, તણખા ઉડવાની અપેક્ષા છે. આરોપોની યાદીમાં ટોચ પર કરોડો રૂપિયાના પુણે જમીન કૌભાંડ છે, જેમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારનું નામ છે. વિપક્ષ ચાલુ નાગરિક ચૂંટણીઓ, બીડમાં તાજેતરની હિંસક ઘટનાઓ, કથળતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ

(જુઓ પાનું ૪) ▶▶

## શિયાળુ સત્ર માટે ૮૦૦૦થી વધુ પોલીસ તહેનાત

નાગપુરઃ મહારાષ્ટ્ર વિધાન મંડળનું શિયાળુ સત્ર સોમવારથી નાગપુરમાં શરૂ થવાનું હોવાથી સુરક્ષા માટે ૮૦૦૦થી વધુ પોલીસ તહેનાત કરી દેવામાં આવ્યા છે, એમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ સુરક્ષા માટે તહેનાત પોલીસમાં નાગપુર શહેરના ૫૦૦૦ અધિકારી અને રાજ્યના અન્ય જિલ્લાઓના ૩૦૦૦ અધિકારીનો સમાવેશ થાય છે. સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ)ની પાંચ કંપનીની પણ મદદ લેવામાં આવી છે.

ડીસીપી (સ્પેશિયલ બ્રાન્ચ) શશિકાંત સાતવ આખી સુરક્ષાવ્યવસ્થા પર નજર રાખશે. ડીસીપી (મુખ્યાલય) દીપક અગ્રવાલને નાગપુર

(જુઓ પાનું ૪) ▶▶



**સુરક્ષાર્થે...:** મહારાષ્ટ્ર વિધાનસભાના શિયાળુ સત્રનો પ્રારંભ આજથી થઇ રહ્યો છે ત્યારે તેની પૂર્વ સંધ્યાએ ડોગ સ્કવૉડના સુરક્ષા ગાર્ડ દ્વારા વિધાનભવન વિસ્તારની ચુસ્ત તપાસ કરવામાં આવી હતી. (પીટીઆઇ)

## વિરોધ પક્ષના નેતાની નિમણૂક કેમ નથી કરી?; વિરોધપક્ષો દ્વારા ચા પાર્ટીનો બહિષ્કાર

નાગપુર : મહારાષ્ટ્રમાં વિપક્ષે રવિવારે રાજ્ય વિધાનસભાના બંને ગૃહોમાં વિરોધ પક્ષના નેતાઓ (એલઓપી) ની નિમણૂક કરવામાં નિષ્ફળતાનો ઉલ્લેખ કરીને શિયાળુ સત્રની પૂર્વસંધ્યાએ સરકારની પરંપરાગત ચા પાર્ટીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો.

કૉંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા વિજય વાડેટ્ટીવારે પત્રકારોને જણાવ્યું હતું કે ચા પાર્ટીનું આમંત્રણ વિરોધ પક્ષના નેતાને બદલે વ્યક્તિગત ધારાસભ્યોને મોકલવામાં આવ્યું હતું. બંને ગૃહોમાં મહત્ત્વના બંધારણીય પદ, વિરોધ પક્ષના નેતાના સ્થાન ખાલી રાખીને સરકારે બતાવ્યું છે કે તેને બંધારણ પર વિશ્વાસ નથી. તેથી અમે ચા કાર્યક્રમનો બહિષ્કાર કર્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

ગયા વર્ષે રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં વિપક્ષના પરાજય બાદ, કોઈપણ પક્ષ કુલ ૨૮૮ બેઠકોમાંથી ૧૦ ટકા બેઠકો જીતી શક્યો નહીં. ધોરણ મુજબ, કોઈપણ વિપક્ષ માટે નેતાના પદ માટે દાવો કરવા માટે ઓછામાં ઓછી ૧૦ ટકા બેઠકો જીતવી જરૂરી છે.

વાડેટ્ટીવારે યાદ કરાવ્યું કે ૧૯૮૦ માં, ભાજપ પાસે ૧૪ ધારાસભ્યો હતા, છતાં

(જુઓ પાનું ૪) ▶▶

## વિપક્ષી નેતાની નિમણૂકનો પ્રસ્તાવ મળ્યો, વાતચીત બાદ નિર્ણયઃ અધ્યક્ષ રામ શિંદે

નાગપુર : મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદેએ રવિવારે જણાવ્યું હતું કે તેમના કાર્યાલયને વિરોધ પક્ષના નેતાની નિમણૂક માટેનો પ્રસ્તાવ મળ્યો છે, જે આ વર્ષે જુલાઈથી ખાલી છે, અને હિતધારકો સાથે વાતચીત કર્યા પછી નિર્ણય લેવામાં આવશે.

જો કાઉન્સિલમાં વિરોધ પક્ષના નેતાની નિમણૂક કરવામાં નહીં આવે, તો આ કદાચ પ્રથમ રાજ્ય વિધાનસભા સત્ર હશે જેમાં બંને ગૃહોમાં બંધારણીય પદ, વિરોધ પક્ષના નેતા તરીકે કોઈ નહીં હોય.

મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુ સત્ર ૮ થી ૧૪ ડિસેમ્બર સુધી નાગપુરમાં યોજાશે. અમને વિરોધ પક્ષના નેતાની નિમણૂક અંગેનો પ્રસ્તાવ મળ્યો છે; એમ રાજ્ય વિધાનસભાના અઠવાડિયા સુધી ચાલનારા શિયાળુ સત્ર પહેલા શિંદેએ પત્રકારોને જણાવ્યું હતું કે, તમામ હિસ્સેદારો સાથે પરામર્શ કર્યા પછી યોગ્ય સમયે નિર્ણય લેવામાં આવશે. શિવસેના (યુબીટી)ના નેતા અને ભૂતપૂર્વ ધારાસભ્ય અંબાદાસ દાનવે કાઉન્સિલમાં વિરોધ પક્ષના (જુઓ પાનું ૪) ▶▶

## વિપક્ષ નેતાની નિમણૂક કરવાનો અધિકાર ફક્ત અધ્યક્ષનોઃ ફડણવીસ

નાગપુરઃ વિધાનસભા અને વિધાન પરિષદમાં વિપક્ષી નેતાની નિયુક્તિનો અધિકાર જે તે ગૃહના અધ્યક્ષ/સભાપતિને હોય છે અને તેમાં સરકારની કોઇ ભૂમિકા હોતી નથી, એમ જણાવતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઉમેર્યું હતું કે વિપક્ષ દિશાહીન હોવાથી બેફામ બોલી રહ્યા છે.

વિપક્ષ દિશાહીન છે અને વિધાનસભા અને વિધાન પષિદમાં વિપક્ષ નેતા (એસઓપી)ની નિમણૂક કરવાનો અધિકાર સંબંધિત મુખ્ય અધિકારીનો છે. રાજ્ય સરકારની તેમાં કોઇ ભૂમિકા હોતી નથી, એમ મુખ્ય પ્રધાન ફડણવીસે રવિવારે જણાવ્યું હતું.

શિયાળુ સત્રની પૂર્વ સંધ્યાએ અહીં યોજાયેલી પત્રકાર પરિષદમાં બોલતી વખતે ફડણવીસે ઉક્ત નિવેદન આપ્યું હતું.

બન્ને ગૃહના અધ્યક્ષ/સભાપતિ દ્વારા જે નિર્ણય લેવામાં આવે તે અમારી સરકારને મંજૂર હશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

સોમવારથી શરૂ થતા શિયાળુ સત્ર પહેલા રવિવારે યોજાયેલી ટી-પાર્ટીનો વિપક્ષ દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો હતો અને વિપક્ષ નેતાની નિમણૂક નહીં કરવા માટે સરકારની આકરી ટીકા કરી હતી.

ગયા વર્ષે યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમિયાન કુલ ૨૮૮ બેઠકમાંથી વિપક્ષે ૧૦ ટકા બેઠક પણ મેળવી નહોતી અને નિયમ એવો છે કે વિપક્ષ નેતાની માગણી કરવા માટે વિપક્ષે ઓછામાં

(જુઓ પાનું ૪) ▶▶

# ઘાટકોપરની સોસાયટીનું ‘નો વોટર નો વોટ’ આંદોલન

## બે-અઢી વર્ષ જૂની સમસ્યાનું તત્કાલ નિરાકરણ કરવાની માગણીઃ પરાગ શાહે કહ્યું ટેક્નિકલ સમસ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર વેસ્ટમાં આવેલી સ્કાયલાઇન ઓવેસીસના રહેવાસીઓ છેલ્લા બે-અઢી વર્ષથી ચાલી રહેલી પાણીની સમસ્યાને લઈને હવે આક્રમક બન્યા છે અને જો પાણીની સમસ્યા ઉકેલવામાં ન આવે તો ચૂંટણીનો બહિષ્કાર કરવાનું શસ્ત્ર ઉગામી રહ્યા છે. આજે છેલ્લા અનેક વર્ષોથી જયારે મુંબઈના પાણી પૂરું પાડતા બધા જ ડેમો છલકાઈ જતા હોય અને પાણીની કોઈ સમસ્યા ના થાય એવું બની જ ના શકે. ત્યારે ઘાટકોપર વેસ્ટની સ્કાયલાઇન ઓવેસીસ જેમાં આઠ વિંગ આવેલા છે જેમાંથી ચાર વિંગમાં છેલ્લા બે-અઢી વર્ષથી પીવાના પાણીની તકલીફ થઇ રહી છે જેને કારણે એ ચારે વિંગ જેમાં ત્રિપોલી, કાસાબ્લાન્કા,એલેક્સઝેન્ડર અને કેરો નામની વિંગના લોકોએ ટેન્કર થી પાણી મંગાવવાની ફરજ પડે છે.




**ટીટ ફોર ટેટ...**ઘાટકોપરના સ્કાયલાઈન ઓએસિસ રહેવાસીઓએ પાલિકા તરફથી પાણી પૂરું પાડવામાં ન આવતા તથા પાણીના ટેન્કરોનો સહારો લેવો પડતો હોવાની સમસ્યાના જવાબમાં આગામી ચૂંટણીઓમાં ‘નો વોટર-નો વોટ’ (પાણી નહીં તો વોટ નહીં)નો સિદ્ધાંત અપનાવ્યો છે. (અમય ખરાડે)

આ બાબતે સમાચારના પ્રતિનિધિ સાથે વાત કરતા કાસાબ્લાન્કા સોસાયટીના ચેરપરસન સુલેખા દોશીએ જણાવ્યુંકે અમે છેલ્લા કેટલા વર્ષોથી પાણીની તકલીફ ભોગવી રહ્યા છીએ અને પાણી ના મળવાને કારણે અમારે રોજ પાણીની ટેન્કર મંગાવીને પાણી પૂરૂં પાડી રહ્યાં છે આના કારણે

(જુઓ પાનું ૪) ▶▶

## ઉદયપુરના ડૉક્ટર સાથે 30 કરોડની છેતરપિંડીઃ ફિલ્મસર્જક વિક્રમ ભટ્ટ, પત્નીની ધરપકડ

મુંબઈઃ જાણીતા ફિલ્મસર્જક વિક્રમ ભટ્ટ અને તેની પત્નીની ઉદયપુરના એક ડૉક્ટર સાથે ૩૦ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવાના કેસમાં રાજસ્થાન પોલીસે ધરપકડ કરી હતી. એક વરિષ્ઠ અધિકારીએ ભટ્ટ પતિ-પત્નીના અહેવાલને સમર્થન આપ્યું હતું અને જણાવ્યું હતું કે ઉદયપુર પોલીસ રવિવારે મુંબઈ આવી હતી. મુંબઈ પોલીસની મદદથી અંધેરીના યારી રોડ ખાતેથી વિક્રમ ભટ્ટ અને તેની પત્ની શ્વેતામ્બરીને તાબામાં લેવામાં આવ્યાં હતાં. બન્નેને સોમવારે ઉદયપુર કોર્ટમાં હાજર કરવામાં આવી શકે. ઉદયપુરના ડૉક્ટર અને ઈન્દિરા ગ્રૂપ ઑફ કંપનીઝના ડૉ. અજય મૂરડિયાએ ફિલ્મસર્જક વિક્રમ ભટ્ટ અને તેમની પત્ની સહિત આઠ જણ વિરુદ્ધ ૩૦ કરોડ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ કરી હતી. આ પ્રકરણે ઉદયપુરની ભોપલપુરા પોલીસે ૧૭ નવેમ્બરે એફઆઈઆર નોંધ્યો હતો. તપાસ દરમિયાન ઉદયપુર પોલીસે આ કેસમાં અગાઉ બે જણની ધરપકડ કરી હતી. કહેવાય છે કે વિક્રમ ભટ્ટને હાજર થવા માટે ઉદયપુર પોલીસે સમન્સ પણ પાઠવ્યા હતા. ઈન્દિરા આઈવીએફ હૉસ્પિટલના માલિક મૂરડિયા તેમની દિવંગત પત્નીની બાયોપિક બનાવવા માગતા હતા. પત્નીના યોગદાનની સમગ્ર દુનિયાને જાણ થાય તે માટે આ બાયોપિક બનાવવાની વાત થઈ હતી. આ માટે મૂરડિયાને એપ્રિલ, ૨૦૨૪માં મુંબઈના વૃંદાવન સ્ટુડિયોમાં બોલાવવામાં આવ્યા હતા. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે સ્ટુડિયોમાં મૂરડિયાની મુલાકાત વિક્રમ ભટ્ટ સાથે થઈ હતી. તે સમયે બાયોપિક માટે ચર્ચા થઈ હતી અને એવું નક્કી થયું હતું કે વિક્રમ ભટ્ટ બાયોપિક બનાવવાની સંપૂર્ણ જવાબદારી લેશે. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરાયો હતો કે બાયોપિકથી ૨૦૦ કરોડ રૂપિયાનો નફો થશે, એવી ખાતરી ભટ્ટે આપી હતી. જોકે નાણાં ચૂકવ્યા પછી બાયોપિક બનાવવામાં આવી નહોતી. પરિણામે મૂરડિયાએ ભોપલપુરા પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ■

## આજથી મુંબઈમાં વધશે ઠંડી

### રાજ્યમાં શીત લહેરઃ નાગપુર ૯.૬ ડિગ્રી સાથે સૌથી ઠંડું

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યમાં ઠંડીનો ચમકારો અનુભવાઇ રહ્યો છે. મુંબઈમાં દિવસના સમયે ગરમી તથા રાત્રે ઠંડીનો અનુભવ થઇ રહ્યો છે ત્યારે રાજ્યના વિવિધ ભાગમાં કડકડતી ઠંડી અનુભવાઇ રહી છે. શનિવારે નાગપુરમાં મોસમનું સૌથી ઓછું ૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ઠંડીને કારણે ગ્રામીણ વિસ્તારોમાં લોકો તાપણું કરતા જોવા મળી રહ્યા છે.

મુંબઈમાં રવિવારે દિવસ દરમિયાન બફારો અનુભવાયો હતો જ્યારે રાત્રે થોડી ઠંડી રહી હતી. કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૮ ડિગ્રી તથા લઘુતમ તાપમાન ૨૨.૬ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૩.૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૦.૩ ડિગ્રી નોંધાયું હતું. સોમવારે લઘુતમ તાપમાનનો પારો ૧૯ ડિગ્રી સુધી પહોંચવાની હવામાન વિભાગ તરફથી આગાહી કરવામાં આવી હતી.

હવામાન વિભાગ દ્વારા શનિવારે નાગપુરમાં મોસમનું સૌથી નીચું ૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જે સામાન્ય કરતા ૪.૦ ડિગ્રી ઓછું છે. આ સિવાય મહત્ત્મ તાપમાન ૨૭.૮ ડિગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતા ૨.૩ ડિગ્રી ઓછું છે. ૧૨મી ડિસેમ્બર સુધી રાજ્યમાં આવું જ વાતાવરણ રહેશે.

સંપૂર્ણ વિદર્ભમાં પણ ઠંડીમાં વધારો થઇ રહ્યો છે. શનિવારે વિદર્ભમાં પણ નાગપુર શહેર જ સૌથી ઠંડું રહ્યું હતું. બીજા ક્રમાંકે ગોંદિયા રહ્યું જ્યાં તાપમાન ૯.૮ ડિગ્રી (જુઓ પાનું ૪) ▶▶

## બીએમસીની ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર: મલાડ-કુર્લામાં ૫૦ ટકાથી વધુનો વધારો, તો દક્ષિણ મુંબઈમાં મતદારો ઘટ્યા

સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ મહારાષ્ટ્રમાં કોઈપણ હિસાબે જાન્યુઆરી મહિનામાં ચૂંટણી કરાવવી પડશે. તેને અનુલક્ષીને રાજ્ય ચૂંટણી પંચ તરફથી તૈયારીઓનો ધમધમાટ ચાલુ થયો છે. અત્યારે સૌથી વધુ ચર્ચા મતદાતા સૂચિમાં નામના ઉમેરા અને બાદબાકીને લઈને છે. ત્યારે, મુંબઈની ડ્રાફ્ટ મતદાતા સૂચિમાં મહત્ત્વપૂર્ણ ફેરફારો સામે આવ્યા છે. શહેરના ૨૨૭ વોર્ડમાં મતદાનમાં કુલ ૧૨.૬૭ ટકાનો વધારો નોંધાયો છે, પરંતુ આ વધારો બધા વિસ્તારોમાં સમાન નથી.

પશ્ચિમ અને મધ્ય ઉપનગરોમાં મતદારોની ટકાવારી નોંધપાત્ર વધી છે, જ્યારે દક્ષિણ મુંબઈના ઘણા જૂના વિસ્તારોમાં મતદાનની ટકાવારી ઘટી છે. ડ્રાફ્ટ મતદાર યાદીએ શહેરના ચૂંટણી પરિદૃશ્યમાં મોટા ફેરફારો જાહેર કર્યા છે. સત્તાવાર માહિતી અનુસાર, મતદારોની સંખ્યામાં ૧૨.૬૭ ટકાનો વધારો એ ૨૦૧૭ની સૂચિ સામે જોવા મળ્યો છે. જોકે, આ ફેરફાર અસમાન હતો, લગભગ તમામ ૨૨૭ વોર્ડમાં વિવિધ વલણો જોવા મળ્યા.

પશ્ચિમ ઉપનગરોના મલાડ-માલવણી વિસ્તાર અને મધ્ય મુંબઈના કુર્લા વિસ્તારમાં મતદારોની સંખ્યામાં સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો. પી નોર્થ બેલ્ટમાં, વોર્ડ નંબર ૪૮, ૩૩, ૧૬૩ અને ૧૫૭ માં મતદાર સંખ્યામાં ૫૦ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો. આ વિસ્તારોમાં મુખ્યત્વે મજૂર વર્ગ અને લઘુમતી સમુદાયોની વસ્તી છે, પરિણામે, રાજકીય અને વહીવટી સ્તરે ડેટા પર બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે. કુલ મતદારોની વૃદ્ધિ ધરાવતા ટોચના પાંચ વોર્ડમાંથી ત્રણ વોર્ડ ફક્ત પી નોર્થ ઝોનના છે.

બીજી તરફ જેને પહેલાના સમયમાં વાસ્તવિક ''મુંબઈ'' અથવા આજે દક્ષિણ મુંબઈ કહેવાય છે, તે જૂના વિસ્તારોમાં મતદારોની સંખ્યામાં ધરખમ ઘટાડો પણ જોવા મળ્યો છે. કુલ ૨૪ વોર્ડ એવા છે જ્યાં મતદારોની સંખ્યામાં ઘટાડો થયો છે, આમાંથી ૧૦ ઉપનગરોમાં છે, પરંતુ સૌથી મોટો ઘટાડો આઇલેન્ડ સિટીના વોર્ડમાં નોંધાયો છે. કાલબાદેવી અને ચિરા બજાર જેવા સી વોર્ડ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો સ્થળાંતરિત થયા કારણ કે ઘણાં જૂનાં મકાનોનો પુનર્વિકાસ કરવામાં આવ્યો હતો અને લોકોને શહેરની બહાર જવાની ફરજ પડી હતી. બીએમસી અને ચૂંટણી તંત્રએ લગભગ ૧૧ લાખ ડુપ્લિકેટ મતદાતા

(જુઓ પાનું ૪) ▶▶

## મહાયુતિમાં અસંતોષ વચ્ચે શિંદે-ચવ્હાણ એક મંચ પર દેખાયા

મુંબઈઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા મહાયુતિના નેતાઓ એકબીજાની ટીકા કરતા, ટોણો આપતા જણાઇ રહ્યા છે ત્યારે ડોંબિવલીમાં યોજાયેલા એક જાહેર સમારંભમાં ભાજપના રાજ્ય પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે એક જ મંચ પર જોવા મળ્યા હતા.

શિંદે સેના અને ભાજપ એકબીજાના નેતા-કાર્યકરોને ફોડતા હોવાને કારણે બન્ને પક્ષ વચ્ચે વચ્ચે વિવાદ વધી રહ્યો હતો અને બન્ને પક્ષના કાર્યકરો રસ્તા પર ઊતરી આવીને તેમની વચ્ચે અથડામણ પણ થઇ હતી. સંપૂર્ણ વિવાદ દિલ્હીની ભાજપની નેતાગીરી સુધી પહોંચી ગયો હતો અને ત્યાંથી આવેલી ટકોર બાદ શિંદે અને ચવ્હાણ એક મંચ પર દેખાયા હતા.

ડોંબિવલીમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્સના શિલાન્યાસ કાર્યક્રમમાં બન્ને નેતા એક મંચ પર દેખાયા હતા. શિંદે અને ચવ્હાણ સિવાય કાર્યક્રમમાં ઉદ્યોગ ખાતાના પ્રધાન ઉદય સામંત અને (જુઓ પાનું ૪) ▶▶

## મસ્ક્યુલર ડિસ્ટ્રોફી ધરાવતાં બાળકોને તમામ મદદ કરવાનું શિંદેનું વચન

થાણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર મસ્ક્યુલર ડિસ્ટ્રોફીથી પીડિત બાળકો માટે પોતાનો સહયોગ વધારશે, જેમાં આ દુર્લભ રોગ માટે રસીની ઉપલબ્ધતા ઝડપી બનાવવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરવાનો સમાવેશ થાય છે.

આ બાળકોની ઇચ્છાશક્તિ ખૂબ જ મજબૂત હોય છે. આપણે બધાએ તેમની સાથે ઊભા રહેવું જોઈએ. મહારાષ્ટ્ર સરકાર રસી વિકસાવવા માટે કેન્દ્ર સરકાર સાથે ફોલોઅપ કરશે. સરકાર તાત્કાલિક લાયક દર્દીઓને ૧૦૦ વધારાની ઇલેક્ટ્રિક વ્હીલચેર, ઓક્સિજન કોન્સન્ટ્રેટર અને પોર્ટેબલ વેન્ટિલેશન ઉપકરણો પ્રદાન કરશે, શિંદેએ કહ્યું હતું. આ

(જુઓ પાનું ૪) ▶▶

## ભાજપ ૩૬ વિધાનસભા બેઠકો પર ‘નાગરિક સંમેલન’ યોજશે

મુંબઈઃ મુંબઈ ભાજપે રવિવારથી તેની 'નાગરિક સંમેલન' પહેલ શરૂ કરી, જે અંતર્ગત નાગરિક ચૂંટણીઓ પહેલાં મહાનગરની ૩૬ વિધાનસભા બેઠકોને આવરી લેવામાં આવશે. પાર્ટીના શહેર એકમના પ્રમુખ અમિત સાટમે

આ પહેલી બેઠક વરલીમાં સંબોધી હતી, જે શિવસેના (યુબીટી) નેતા આદિત્ય ઠાકરેનો મતવિસ્તાર છે.

આ સંમેલન માટે ડોક્ટરો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વકીલો, રહેવાસી સંગઠનો, નાગરિક જૂથો, હાઉસિંગ સોસાયટીઓ અને એસઆરએ સોસાયટીઓના હોદ્દેદારો, ચાલ સમિતિના લીડરો, બજાર, વેપાર અને વેપારી સંગઠનોના પ્રતિનિધિઓ, અને અન્ય પ્રતિષ્ઠિત નાગરિકો સહિતના વ્યાવસાયિકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

સાટમે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''દરેક સંમેલનમાં મુંબઈમાં છેલ્લા ૧૧ વર્ષોમાં હાથ ધરવામાં આવેલા વિવિધ વિકાસ કાર્યોને દર્શાવતી એક દસ્તાવેજી ફિલ્મ રજૂ કરવામાં આવશે. શહેરના એક વરિષ્ઠ

(જુઓ પાનું ૪) ▶▶

## ભાજપ સાથે ભારે વિવાદ બાદ ઉદ્ધવ ઠાકરેએ પદાધિકારીઓની બોલાવી બેઠક

મુંબઈઃ અગાઉ બાંદ્રામાં અને પછી વરલીમાં સેન્ટ રેજીસ ખાતે ભાજપ સાથેની અથડામણ પછી, શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ અખિલ ભારતીય કામગાર સેનાના મહત્ત્વપૂર્ણ પદાધિકારીઓની બેઠક બોલાવી, તેમને ‘ભારતીય કામગાર સેના’ તરીકે એકજૂથ રહેવા અને ભાજપની ઈજારાશાહી તોડવા માટે સૂચનાઓ આપી હતી, સાથે વરિષ્ઠ નેતાઓની ક્લાસ લીધી હતી.

કામદાર સંગઠન અંગે ભાજપ સાથે ચાલી રહેલા ખેંચતાણ બાદ, ઉદ્ધવ ઠાકરેએ કામદાર સેનાના પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી, જેમાં કામદાર સેનાના મહત્ત્વપૂર્ણ પદાધિકારીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં તેમણે

કામગાર સેનાના પદાધિકારીઓને ભાજપના ઇરાદાઓને નિષ્ફળ બનાવવા માટે સૂચનાઓ આપી હતી. સાથે જ, તેમણે ‘ભારતીય કામગાર સેના’ તરીકે એકજૂથ રહેવા સૂચના આપી હતી. ઠાકરેએ વરિષ્ઠ નેતાઓને ક્લાસ લેતા કહ્યું કે ભારતીય કામગાર સેના કોઈની જાગીર નથી. કામદાર સેના શિવસેનાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે અને રાજ્યભરમાં હોટલ, એરપોર્ટ, ફેક્ટરી અને કંપનીઓમાં સેનાના એકમો છે. દરમિયાન, હવે ભાજપે પણ મજૂર સંગઠનો સ્થાપીને ઉદ્ધવ ઠાકરેના મજૂર આંદોલનને

(જુઓ પાનું ૪) ▶▶

## સગીરાની જાતીય સતામણીના કેસમાં આઠ વર્ષ જેલમાં વિતાવનારો શખસ દોષમુક્ત

મુંબઈઃ સગીરાની જાતીય સતામણીના કેસમાં ધરપકડ કરાયેલા ૫૬ વર્ષના શખસે આઠ વર્ષ જેલમાં વિતાવ્યા પછી ટ્રાયલ કોર્ટે પુરાવાને અભાવે તેને દોષમુક્ત જાહેર કર્યો હતો. નજીવી બૌદ્ધિક અક્ષમતાથી પીડાતી સગીરાનું નિવેદન અન્ય પુરાવાથી વિરોધાભાસી હોવાની નોંધ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટના કેસોની વિશેષ અદાલતે કરી હતી.

ચુકાદામાં જજ એન. ડી. ખોસેએ અવલોકન કર્યું હતું કે તપાસકર્તા પક્ષે રજૂ કરેલા પુરાવા શંકાની પાર કસૂર સિદ્ધ કરવા પૂરતા નથી. તપાસકર્તા પક્ષ અનુસાર ઘટના મલાડ પૂર્વના કુરાર વિલેજ પરિસરમાં ૨૩ ઑગસ્ટ, ૨૦૧૭ના રોજ બની હતી. આરોપી સગીરાની પડોશમાં રહેતો હતો. ઘટનાને દિવસે સગીરા એકલી હતી ત્યારે આરોપી તેના ઘરમાં ઘૂસ્યો હતો અને તેની જાતીય સતામણી કરી હતી. પછી તેને અને તેના પરિવારને ધમકી આપી હતી.

જોકે સગીરાની માતાએ આ મામલે પોલીસ ફરિયાદ કરી હતી. ૨૪ ઑગસ્ટ, ૨૦૧૭ના રોજ આરોપીની ભારતીય દંડ સંહિતા અને પોક્સોની સુસંગત કલમો હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. તપાસકર્તા પક્ષ અનુસાર ઘટના સમયે પીડિતા ૧૭ વર્ષની હતી. જોકે કોર્ટે નોંધ કરી હતી કે સગીરાના પુરાવા આત્મવિશ્વાસ પ્રેરિત કરતા નથી, કારણ કે તેણે વાસ્તવમાં તેની સાથે શું થયું હતું તેની વિગતો આપી નથી. આટલું જ નહીં, રેકોર્ડ પરના તબીબી પુરાવા સગીરાના પુરાવાથી સાવ વિરોધાભાસી છે, એવી ગંભીર નોંધ કોર્ટે કરી હતી. વિશેષ જજે તારણ કાઢ્યું હતું કે પીડિતા ૧૮ વર્ષથી ઓછી વયની હતી અને માનસિક રીતે સહેજ અસ્થિર હતી એ જાણવા છતાં આરોપીએ દુષ્કર્મ કર્યું એ સિદ્ધ કરવામાં તપાસકર્તા પક્ષ નિષ્ફળ ગયો છે. જો આરોપી અન્ય કોઈ કેસમાં સંડોવાયેલો ન હોય તો તેને છોડી મૂકવાનો આદેશ પણ કોર્ટે આપ્યો હતો. (પીટીઆઈ)■

## પ્રાઇમરી બજારમાં ધસારો: ઢગલાબંધ કંપનીઓએ સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કર્યા

મુંબઇ: ભારતીય કંપનીઓ પ્રારંભિક જાહેર ઓફરિંગ (આઈપીઓ) લાવવા માટે દોડધામ કરી રહી છે. આ વર્ષે અત્યાર સુધીમાં, ૨૦૦થી વધુ કંપનીઓએ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ પ્રોસ્પેક્ટસ ફાઇલ કર્યા છે. લગભગ દરેક કાર્યકારી દિવસે આઈપીઓ લાવવા માટે અરજી ફાઇલ કરવામાં આવે છે. જે જોતાં આગામી સમયમાં પ્રાયમરી બજાર ખૂબ જ વ્યસ્ત રહેશે.

પ્રાઈમ ડેટાબેઝ દ્વારા સંકલિત ડેટા અનુસાર, છેલ્લી વખત એક જ વર્ષમાં આટલા બધા ડીઆરએચપી ૧૯૯૭માં ફાઇલ કરવામાં આવ્યા હતા, જે સ્થાનિક આઈપીઓ બજાર માટે પરાકાષ્ઠાનો સમય હતો. આ વર્ષે ૨૦૨૩ અને ૨૦૨૪ના પ્રથમ નવ મહિનામાં ફાઇલ કરાયેલ આઈપીઓ અરજીઓ કરતાં વધુ અરજીઓ ફાઇલ કરવામાં આવી હતી, જે કંપનીઓ વચ્ચે લિસ્ટેડ થવા માટે સ્પર્ધાને પ્રતિબિંબિત કરે છે.

સામાન્ય રીતે, આઈપીઓ ફાઇલિંગથી લિસ્ટિંગ સુધી ૫થી ૧૨ મહિનાનો સમય લાગે છે. આઈપીઓ અરજીઓના પૂરને ધ્યાનમાં લેતા, ૨૦૨૬ ભારતીય આઈપીઓ બજાર માટે એક શ્રેષ્ઠ વર્ષ બનવાની તૈયારીમાં છે. આ વર્ષે બજારની અસ્થિરતા હોવા છતાં, કંપનીઓએ આઈપીઓ દ્વારા રૂ. ૧.૧ લાખ કરોડથી વધુ ભંડોળ એકત્ર કર્યું છે જે ૨૦૨૪માં નિર્ધારિત રૂ. ૧.૬ લાખ કરોડના રેકોર્ડને વટાવી જવાની તૈયારીમાં છે. દાખલ કરાયેલા ડીઆરએચપીમાંથી આશરે રૂ. ૨.૭૮ લાખ કરોડ ભંડોળ એકત્ર થવાનો લક્ષ્યાંક છે. જ્યારે આ અરજીઓમાં નાની કંપનીઓની સાથે ઘણી મોટી કંપનીઓના ઇશ્યુ પણ પાઇપલાઇનમાં છે. આગામી સપ્તાહમાં ટાટા કેપિટલ અને એલજી ઈલેક્ટ્રીક જેવી મોટી કંપની આઈપીઓ રજુ કરશે.

બજારના સહભાગીઓ આઈપીઓ બજારમાં તેજી માટે અનેક કારણો જણાવે છે. પ્રથમ, મુદ્દો સ્થાનિક બચતનો છે, લોકો દર વર્ષે સ્થાનિક બજારમાં રૂ. ત્રણ લાખ કરોડથી વધુનું રોકાણ કરી રહ્યા છે. બીજું, બજારની પહોંચ વિવિધ ક્ષેત્રો અને ભૌગોલિક વિસ્તારોમાં વિસ્તરી છે.

આઈપીઓના તાજેતરના મજબૂત પ્રદર્શન અને નાના અને મધ્યમ કદના શહેરોમાં કંપનીઓ દ્વારા વ્યૂહરચનામાં પરિવર્તનને કારણે ડીઆરએચપી ફાઇલિંગમાં વધારો થયો છે. અગાઉ, નાના શહેરોમાં પ્રમોટર-સંચાલિત કંપનીઓ લિસ્ટિંગ પર તેમનો હિસ્સો ઘટાડવામાં ખચકાટ અનુભવતી હતી. લિસ્ટિંગ પછી સ્પર્ધકોની નેટવર્થમાં વધારો જોઈને, અન્ય કંપનીઓ પણ આ તરફ આકર્ષાઈ રહી છે. અનુકૂળ બજાર મૂલ્યાંકન પણ કંપનીઓને લિસ્ટિંગ માટે વધુ પ્રોત્સાહિત કરી રહ્યું છે.

પ્રાઇમરી માર્કેટમાં વેકફિટ ઇનોવેશન્સ લિમિટેડ રૂ. ૧૨૮૯ કરોડના આઇપીઓ સાથે આઠમી ડિસેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પાર્ક મેડી વર્લ્ડનો રૂ. ૯૨૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ દસમી ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે. નેફ્રોકેર હેલ્થ સર્વિસિસનો રૂ. ૮૭૧.૦૫ કરોડના બુક બિલ્ડ આઇપીઓ ૧૦ ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ ડિસેમ્બરના રોજ બંધ થશે. કોરોના રેમેડીઝનો રૂ.૬૫૫.૩૭ કરોડનો બુક બિલ્ડ આઇપીઓ આઠમી ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૦ ડિસેમ્બરના રોજ બંધ થશે. ઇન્ડિયન ગેસ એક્સચેન્જના બોર્ડે આઇપીઓ માટે મંજૂરી આપી છે.

સ્પેશિયાલિટી કેમિકલ્સ ક્ષેત્રની અગ્રણી કંપની, અંબાણી ઓર્ગોકેમ લિમિટેડે, મોટા પાયે વિસ્તરણની યોજના બનાવી રહી છે. કંપની આગામી વર્ષોમાં તેની મહત્વાકાંક્ષી વિસ્તરણ યોજનાના ભાગરૂપે તારાપુર ખાતે તેની હાલની ક્ષમતામાં લગભગ ૬૦ ટકા અને દહેજ ખાતે લગભગ ૪૦ ટકા વધારો કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. ઉલ્લેખનીય છે કે કંપની કાપડથી લઈને કાગળ સુધીના ઉદ્યોગોમાં મજબૂત હાજરી ધરાવે છે અને વિશ્વભરના ૪૨ દેશોમાં નિકાસ કરે છે, જેમાં સ્પેશિયાલિટી કેમિકલ વપરાશમાં ઘણી અગ્રણી કંપનીઓ તેનો ક્લાયન્ટ બેઝ બનાવે છે, જેમાં જેએસડબલ્યુ પેઇન્ટ્સ, બીએએસએફ, ડીએસએમ-ફર્મેનિચ, પિડિલાઇટ, આર્કેમા, ઘરડા કેમિકલ્સ લિમિટેડ અને અતુલ લિમિટેડનો સમાવેશ થાય છે.

કંપની વોટર બેઝ્ડ સ્પેશિયાલિટી કેમિકલ્સ, કાર્બનિક પેરોક્સાઇડ્સ, સેલિસિલિક એસિડ અને સેલિસિલિક ડેરિવેટિવ્ઝની ઉત્પાદક, પ્રોસેસર, આયાતકાર, સપ્લાયર અને નિકાસકાર છે. કંપની રોજિંદા જીવનના ઉપયોગમાં લેવાતા પેઇન્ટ, કાર્પેટ, કાગળો, કાપડ, બાંધકામો, ફાર્માસ્યુટિકલ્સ, સુગંધ, સૌંદર્ય પ્રસાધનો અને ઘરની સંભાળ જેવા મુખ્ય ઉદ્યોગોને સેવા આપે છે. ■

# બજારનું ફોકસ ફેડરલના નિર્ણય અને યુએસ ડીલ પર, રૂપિયાની વધઘટ અને સીએડીનો વધારો ગતિ અવરોધક

મુંબઈ: ભારતીય રિઝર્વ બેંક દ્વારા છ મહિનામાં પ્રથમ વખત મુખ્ય બેન્ચમાર્ક વ્યાજ દરમાં ઘટાડો જાહેર કરવામાં આવ્યા બાદ અને ઉચ્ચ યુએસ ટેરિફનો સામનો કરવા માટે 'ગોલ્ડીલોક' અર્થતંત્રને ટેકો આપવા માટે પ્રવાહિતા વધારવા માટે પગલાં જાહેર કરાયા બાદ શુક્રવારે શેરબજારના બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં સુધારો જોવા મળ્યો હતો. બજારના નિરીક્ષકો અનુસાર ટૂંકમાં યુએસ ફેડનો વ્યાજ દરનો નિર્ણય આ અઠવાડિયે સ્થાનિક ઇક્વિટી બજારમાં વલણ નક્કી કરતું મુખ્ય પરિબળ હશે, વૈશ્વિક ગતિવિધિઓ અને વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિ પણ સેન્ટિમેન્ટને પ્રભાવિત કરશે.

રિઝર્વ બેન્ક દ્વારા તાર્કિક રીતે અનપેક્ષિત અને આશાવાદના ધોરણે અપેક્ષિત વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો જાહેર થયા બાદ આવેલા સુધારામાં શુક્રવારે સેન્સેક્સ ૪૪૭ પોઈન્ટ ઉછળ્યો હતો અને નિફ્ટી ૨૬,૧૫૦થી ઉપર પહોંચ્યો હતો. આ સુધારા છતાં, બેન્ચમાર્ક ઇક્વિટી ઇન્ડેક્સ સપ્તાહના અંતે મોટાભાગે યથાવત રહ્યા છે, નિફ્ટી બેંક પણ સ્થિર બંધ રહ્યો છે. જોકે, વ્યાપક બજારોમાં નબળાઈ જોવા મળી હતી, નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૭૦ ટકા અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૨૦ ટકા ઘટ્યો હતો.

આગળ જોતાં, રોકાણકારો રિઝર્વ બેન્કના ડોવીશ સ્ટાન્સને પચાવવા સાથે વૈશ્વિક ટ્રિગર્સને ટ્રેક કરતા હોવાથી પોઝિટિવ ટોન સાથે ઊથલપાથલ ચાલુ રહી શકે છે. યુએસ ફેડરલની બેઠક, ભારત-યુએસ વેપાર વાટાઘાટો અંગેની સ્પષ્ટતા પર મુખ્ય ફોકસ રહેશે, જ્યારે કોર્પોરેટ કમાણીના આશાવાદ સામે રૂપિયાની વધઘટ, ચાલુખાતાની ખાધમાં વધારો અને ગ્લોબલ ટ્રેડ ટેન્શનના જોખમો ઝળુંબી રહ્યા છે.

અગાઉના સપ્તાહમાં રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ બજારે સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહની શરૂઆત પ્રોફિટ બુકિંગ સાથે કરી હતી. કોર્પોરેટ ક્ષેત્રના મજબૂત પરિણામ, મજબૂત જીડીપી ડેટા અને મજબૂત ઓટો વેચાણ દ્વારા પ્રેરિત પ્રારંભિક આશાવાદ પર એફઆઇઆઇના સતત આઉટફ્લો, રૂપિયામાં તીવ્ર ઘટાડો અને અમેરિકા સાથેની વેપાર વાટાઘાટોની અનિશ્ચિતતાએ પાણી ફેરવવાનું કામ કર્યુ છે. ક્ષેત્રીય વલણો મિશ્ર હતા. ઓટો અને આઇટીએ તહેવારોની માગ અને અનુકૂળ ચલણના ટેકાએ સારો દેખાવ કર્યો. જ્યારે આરબીઆઇ નીતિ બેઠક પહેલા નિયમનકારી ફેરફારો અને સાવચેતીભર્યા સ્થિતિને કારણે બેંકિંગ કાઉન્ટરોએ તૂટક તૂટક દબાણનો સામનો કરવો પડ્યો. જાપાની બોન્ડ યીલ્ડમાં વધારો અને બેન્ક ઓફ જાપાનની કડક નીતિની અટકળો જેવા વૈશ્વિક પરિબળોએ અફડાતફડીમાં વધારો કર્યો હતો.

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬ના જીડીપીના અંદાજને ૭.૩૦ ટકા સુધી અપગ્રેડ કરવાની આગાહી અને ફુગાવામાં વધુ ઘટાડો થવાનો સંકેત અપાવાને કારણે શુક્રવારના સત્રમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો, જેમાં પાંચમી ડિસેમ્બરના રોજ પૂરા થયેલા અસ્થિર સપ્તાહમાં સેન્સેક્સ ૮૬,૧૫૯.૦૨ના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા પછી ૮૫,૭૧૨.૩૭ પર સ્થિર રહ્યો, જ્યારે નિફ્ટી પણ અઠવાડિયા દરમિયાન ૨૬,૩૨૫.૮ના નવા રેકોર્ડ ઉચ્ચ સ્તરને સ્પર્શ્યા પછી, ૨૬,૧૮૬.૪૫

ફોર કાસ્ટ
નિલેશ વાઘેલા

પર નાના ફેરફાર સાથે બંધ થયો હતો.

બીએસઇ લાર્જ-કેપ ઇન્ડેક્સ ફ્લેટ નોંધ પર બંધ થયો. વારી એનર્જી, બજાજ હાઉસિંગ ફાઇનાન્સ, ઇન્ટરગ્લોબ એવિએશન, મેક્સ હેલ્થકેર ઇન્સ્ટિટ્યૂટ, જેએસડબ્લ્યુ એનર્જી, હિન્દુસ્તાન યુનિલિવર જેવા શેર પાંચથી નવ ટકા સુધી ઘટ્યા હતા, જ્યારે વોડાફોન આઈડિયા, ઇન્ફો એજ ઇન્ડિયા, વિપ્રો, સ્વિગી, ટીવીએસ મોટર કંપની, ઇન્ડસ ટાવર્સ, ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક્નોલોજીસ, એશિયન પેઇન્ટ્સ, એલટીઆઇ માઇન્ડટ્રી, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ ત્રણથી આઠ ટકા સુધી વધ્યા હતા. કેન્સ ટેક્નોલોજી ઇન્ડિયા, ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટી, હિતાચી એનર્જી ઇન્ડિયા, વ્હર્લપૂલ ઓફ ઇન્ડિયા, મોતીલાલ ઓસ્વાલ ફાઇનાન્શિયલ સર્વિસિસ, પ્રીમિયર એનર્જીઝ, નિપ્પોન લાઇફ ઇન્ડિયા એસેટ મેનેજમેન્ટ, ઇન્ડિયન બેંકના ગબડવાથી બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ ૧.૨ ટકા ઘટ્યો હતો.

કોઠારી ઇન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન, સ્પેક્ટ્રમ ઇલેક્ટ્રિકલ ઇન્ડસ્ટ્રીઝ, થાયરોકેર ટેક્નોલોજીસ, તુતીકોરીન આલ્કલી કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઇઝર્સ, ટ્રાન્સવર્લ્ડ શિપિંગ લાઇન્સ, ટીવીએસ ઇલેક્ટ્રોનિક્સ, ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર્સ ઇન્ડિયા, એલઇ ટ્રાવેન્યુઝ ટેક્નોલોજી (આઇએક્સઆઇજીઓ), એસઇપીસી, કિંગફા સાયન્સ એન્ડ ટેક્નોલોજી, પ્રાવેગ, શક્તિ પમ્પ્સ (ઇન્ડિયા)ના ગબડવાને કારણે બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ લગભગ બે ટકા ઘટ્યો હતો.

જોકે, મિડકેપ સેગમેન્ટમાં નેશનલ એલ્યુમિનિયમ કંપની, એમફેસીસ, પીબી ફિનટેક, કેપીઆઇટી ટેક્નોલોજીસ, કોફોર્જ, એનએમડીસી, બાલકૃષ્ણ ઇન્ડસ્ટ્રીઝ, અજંતા ફાર્મા વધ્યા હતા. એ જ રીતે, જોકે, સ્મોલકેપ સેગમેન્ટમાં નેક્ટર લાઇફસાયન્સિસ, એસએમસી ગ્લોબલ સિક્યોરિટીઝ, ઇન્ટિગ્રેટેડ ઇન્ડસ્ટ્રીઝ, ઇન્ફોબીન્સ ટેક્નોલોજીસ, બિરલાસોફ્ટ, હિન્દુસ્તાન કોપર, સન ફાર્મા એડવાન્સ્ડ રિસર્ચ કંપની, ઝેડએફ કોમર્શિયલ વ્હીકલ કંટ્રોલ સિસ્ટમ્સ ઇન્ડિયામાં ૧૨ ટકાથી ૨૩ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો.

ક્ષેત્રીય મોરચે, નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, નિફ્ટી ડિફેન્સ, નિફ્ટી મીડિયા, નિફ્ટી કેપિટલ માર્કેટ્સ દરેક ૨ ટકા ઘટ્યા હતા, જ્યારે નિફ્ટી પીએસયુ બેંક, નિફ્ટી હેલ્થકેર, નિફ્ટી રિયલ્ટી, નિફ્ટી ઓઇલ એન્ડ ગેસ ૧-૧.૫ ટકા ઘટ્યા હતા. બીજી તરફ, નિફ્ટી આઇટી ઇન્ડેક્સમાં ૩.૫ ટકા અને નિફ્ટી મેટલ અને ઓટો સૂચકાંકોમાં ૦.૫ ટકાનો વધારો થયો હતો.

સપ્તાહ દરમિયાન, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે બજાર મૂલ્યની દ્રષ્ટિએ સૌથી વધુ ઘટાડો નોંધાવ્યો, ત્યારબાદ હિન્દુસ્તાન યુનિલિવર, ટાઇટન કંપની, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાનો ક્રમ આવે છે. બીજી તરફ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ઇન્ફોસિસ, એચસીએલ ટેક્નોલોજીસે તેમના માર્કેટ કેપમાં સૌથી વધુ વધારો નોંધાવ્યો હતો. દરમિયાન, ભારતીય રૂપિયો યુએસ ડોલર સામે પહેલી વાર ૯૦ના સ્તરને પાર કરી ચોથી ડિસેમ્બરના રોજ ૯૦.૪૨ના નવા રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો. અંતે થોડી રિકવરી સાથે પાછલા સપ્તાહના બંધ ૮૯.૪૫ની સરખામણીમાં ૫૫ પૈસા ઘટીને ૮૯.૯૯ પ્રતિ ડોલર પર બંધ થયો.

શુક્રવારે ગવર્નર સંજય મલ્હોત્રાના નેતૃત્વમાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટી (એમપીસી)એ સર્વાનુમતે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને ૫.૨૫ ટકા કરવાનો નિર્ણય લીધો છે, જે તાત્કાલિક અસરથી અમલમાં આવશે. શુક્રવારના ઘટાડા સાથે, સમિતિએ ચાલુ નાણાકીય વર્ષમાં કુલ ૧૨૫ બેસિસ પોઈન્ટનો દર ઘટાડો કર્યો છે. એક મહત્ત્વની ઘોષણામાં આરબીઆઇએ કહ્યું હતું કે, રૂપિયો દબાણ હેઠળ હોવાથી તે પાંચ બિલિયન ડોલર, ફોરેક્સ સ્વેપ સાથે લિક્વિડિટી સપ્લાય કરશે. આ તરફ ફેડરલ રિઝર્વ રેટ ઘટાડશે એવી અપેક્ષા સાથે ક્રૂડ ઓઇલ સ્થિર રહ્યું હોવાથી પણ સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો. ■

## સ્થાનિક ફંડોએ ભારતીય ઇક્વિટીમાં ૮૧.૩ બિલ્યન ઠાલવ્યા

મુંબઇ: સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ) એ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ભારતીય ઇક્વિટીમાં ૮૧.૩ બિલિયન ઠાલવ્યા છે, જે ૨૦૨૪માં આખા વર્ષના રોકાણપ્રવાહને વટાવી ગયા છે, જ્યારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૧૬.૨ બિલિયનનો ચોખ્ખો આઉટફ્લો કર્યો હતો. સ્થાનિક રોકાણકારોએ નવેમ્બરમાં ૮.૭ બિલિયનનો મજબૂત રોકાણપ્રવાહ કર્યો, જે ખરીદીનો તેમનો સતત ૨૮મો મહિનો હતો, જ્યારે વિદેશી પ્રવાહ મહિના માટે મોટાભાગે સ્થિર રહ્યો.

સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ૨૦૨૫માં ભારતીય ઇક્વિટીમાં ૮૧.૩ બિલિયનનું રોકાણ કર્યું છે, જે ૨૦૨૪માં પૂર્ણ-વર્ષના રોકાણ પ્રવાહને વટાવી ગયું છે, જ્યારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૧૬.૨ બિલિયનનો ચોખ્ખો આઉટફ્લો કર્યો હોવાનું એક અહેવાલમાં જણાવાયું છે. ટોચની બ્રોકરેજ ફર્મના અહેવાલમાં જણાવાયું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરમાં તેણે ટ્રેક કરેલી કંપનીઓની કમાણી વાર્ષિક ધોરણે ૧૨ ટકા વધી છે, જ્યારે નિફ્ટીની કમાણી બે ટકા વધી છે, જે કરવેરા પછીના નફા (પીએટી) વૃદ્ધિનો સતત છઠ્ઠો ક્વાર્ટર છે.

અહેવાલમાં ઉમેર્યું હતું કે ક્વાર્ટરમાં મિડ અને સ્મોલકેપ સેગમેન્ટ્સે સારો દેખાવ કર્યો છે, જેમાં નિફ્ટી મિડકેપ-૧૫૦નો પીએટી વાર્ષિક ધોરણે ૨૭ ટકા અને નિફ્ટી સ્મોલકેપ-૨૫૦નો પીએટી વાર્ષિક ધોરણે ૩૭ ટકા વધ્યો છે. નવેમ્બરમાં સ્થાનિક રોકાણકારોએ ૮.૭ અબજ ડોલરનો મજબૂત રોકાણપ્રવાહ કર્યો હતો, જે ખરીદીનો તેમનો સતત ૨૮મો મહિનો હતો, જ્યારે વિદેશી રોકાણપ્રવાહ મહિના દરમિયાન મોટાભાગે સ્થિર રહ્યો હતો.

મહિના દરમિયાન નિફ્ટીના લગભગ ૬૦ ટકા શેરો ઊંચા સ્તરે બંધ થયા હતા. ટેકનોલોજી, પીએસયુ બેંકો અને આરોગ્યસંભાળમાં મજબૂત વધારો થયો હતો જ્યારે પીએસયુ, ઓટો અને ધાતુઓ કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં યર ઓન ડેટ ધોરણના પ્રદર્શનમાં આગળ હતા.

ભારતના ઉત્પાદન ક્ષેત્ર પર યુએસ ટેરિફની પ્રતિકૂળ અસર છતાં, સ્થાનિક માગ અત્યાર સુધી મજબૂત વૃદ્ધિ દર જાળવી રાખવામાં સફળ રહી છે. બીજા ત્રિમાસિક સમયગાળામાં જીએસટીમાં કરવામાં આવેલા ઘટાડાથી વપરાશમાં વધારો અને ત્રીજા ક્વાર્ટરમાં સરકારી ખર્ચમાં વધારો નબળા નિકાસને સરભર કરવા માટે આવશ્યક પ્રોત્સાહન પૂરું પાડશે, એમ કંપનીએ જણાવ્યું હતું. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે ભારતીય રૂપિયો યુએસ ડોલર દીઠ રૂ. ૮૯.૫ ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હોવાથી ફોરેક્સ રિઝર્વ ૬૮૮ અબજ ડોલર પર ઊંચું રહ્યું હતું. જોકે, હવે ડોલરદીઠ ૯૦ની સપાટી પાર થઇ અવમૂલ્યન આગળ વધશે એવા અણસાર છે.

સરેરાશ દૈનિક રોકડ બજાર વોલ્યુમ મહિને મહિને છ ટકા વધ્યું હતું, જ્યારે ફ્યુચર્સ અને ઓપ્શન્સ (એફએન્ડઓ) વોલ્યુમ કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના બીજા સૌથી ઉચ્ચ સ્તરે રહ્યું હતું.

નવેમ્બર ૨૦૨૫માં નિફ્ટીએ નવી સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યું હોવા છતાં, ભારતનું કુલ બજાર મૂડી ૫.૩ ટ્રિલિયન સપ્ટેમ્બર ૨૦૨૪ની ટોચથી થોડી નીચે છે. વૈશ્વિક બજારોમાં સારો દેખાવ થતાં સપ્ટેમ્બર ૨૦૨૪ની ટોચ ૪.૭ ટકાથી ઘટીને ભારતનો વૈશ્વિક બજાર મૂડીમાં હિસ્સો ૩.૬ ટકા થયો છે, એમ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે.

પ્રાઇમરી માર્કેટમાં હાઇબ્રિડ સિડ્સ ડેવલપીંગ, પ્રોસેસિંગ અને માર્કેટિંગ સેક્ટરની યુનિસેમ એગ્રીટેક લિમિટેડ, બુધવાર, ૧૦ ડિસેમ્બરના રોજ રૂ.૨૧.૪૫ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ.૬૩થી રૂ. ૬૫ પ્રતિ શેર છે. ■

## ગ્લોબલ ઇન્વેસ્ટર્સની નજર જેરોમ પોવેલના નિર્ણય પર

મુંબઇ: વૈશ્વિક સ્તરે, ગ્લોબલ ઇન્વેસ્ટર્સનું ફોકસ યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરના નિર્ણય પર રહેશે. સામાન્ય રીતે ફેડના નિર્ણયની અસર સમગ્ર વિશ્વના ઇક્વિટી માર્કેટ પર થાય છે. આ વખતે બાબત એટલે વધુ સંવેદનશીલ બની છે કે, પહેલાથી જ ચલણ દબાણનો સામનો કરી રહેલા ઉભરતા બજારોમાં ફેડરલનો નિર્ણય રિસ્ક સેન્ટિમેન્ટને વધુ પ્રબળ બનાવી શકે છે.

આ નિર્ણયની વિદેશી ફંડોના એક્સપોઝર પર પણ થતી હોવાથી ભારતીય બજાર નિરીક્ષકો પણ ગવર્નર પોવેલના નિર્ણય પર ચાંપતી નજર રાખીને બેઠાં છે. અલબત્ત આ અઠવાડિયે, ભારતીય બજારો ૧૨મી ડિસેમ્બરે જાહેર થનારા ભારતના કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સના ડેટાને પણ નજીકથી ટ્રેક કરશે.

ખાસ કરીને યુએસ ફેડરલ રિઝર્વના આંતરિક વિભાજનને જોતા તેના ગવર્નર જેરોમ પોવેલ કેવો નિર્ણય લે છે અને કેવું ગાઇડન્સ આપે છે તેના પર ગ્લોબલ ઇન્વેસ્ટર્સની ચાંપતી નજર છે. આ અઠવાડિયે અમેરિકાની મધ્યસ્થ બેન્ક ફેડરલ રિઝર્વની બેઠક તેની અનેક વર્ષોમાંની સૌથી વિવાદાસ્પદ બેઠક બની રહેવાની ધારણા છે.

અપેક્ષિત વ્યાજ દર ઘટાડા અંગે પોલિસી મેકર્સ કેટલા વિભાજિત છે અને અધ્યક્ષ જેરોમ પોવેલ આગળના માર્ગ વિશે શું સંકેત આપે છે, તેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, તેના પર ગ્લોબલ ઇન્વેસ્ટર્સ દૂપબીન માંડીને બેઠા છે. એ બાબત ખાસ નોંધવી રહી કે, ફેડરલ ઓપન માર્કેટ કમિટી (એફઓએમસી)ની વર્ષ ૨૦૧૯થી એક પણ બેઠકમાં ત્રણ કે તેથી વધુ અસંમતિઓ જોવા મળી નથી અને વર્ષ ૧૯૯૦થી જોઇએ તો ફક્ત નવ વખત આવું બન્યું છે.

આ વિભાજિત અસંમતિ અથવા મતભેદને સૂક્ષ્મદર્શક દ્રષ્ટાંત હેઠળ મૂકે છે, કારણ કે રોકાણકારો ફેડરલની નીતિ દિશા અને આંતરિક ગતિશીલતા પર મંગળવાર-બુધવારની બેઠકના નિર્ણયમાં ખાસ કરીને ઇક્વિટી અને નાણાંબજારની આગામી ચાલ માટે સંકેતો શોધે છે. ફેડરલના અધિકારીઓના મત ખૂબ જ લાંબા સમયથી વધુ વિભાજિત લાગે છે અને અંતિમ પરિણામ કેટલું વિભાજિત થશે તે રસપ્રદ રહેશે કારણ કે તે ભવિષ્યમાં ફેડરલ ક્યાં ઝુકાવ કરી શકે છે તેનો થોડો ખ્યાલ આપશે. ■

## સરકાર હવે કસ્ટમ ડ્યુટીમાં સુધારણા જાહેર કરશે

મુંબઇ: ઇન્કમ ટેક્સમાં ધરખમ ફેરફાર બદલાવ બાદ હવે સરકારનું નવું ફોકસ કસ્ટમ ડ્યુટી સિસ્ટમમાં ફેરફાર કરવાનો છે. કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે (૬ ડિસેમ્બર) કહ્યું કે, બજેટ ૨૦૨૬ પહેલાં તેમની આવનારી મોટી પ્રાથમિકતા કસ્ટમ્સ વિભાગમાં મોટો સુધારો કરવાનું છે. તેમણે તેને પોતાનું નેક્સ્ટ બિગ ક્લીનઅપ અસાઇનમેન્ટ જણાવ્યું.

આગામી બજેટના સંદર્ભમાં નાણાં પ્રધાનએ કહ્યું કે, કસ્ટમ્સ સિસ્ટમમાં સુધારો હવે જરૂરી બની ગયું છે. તેનાથી ન ફક્ત વેપારમાં સરળતા થશે પરંતુ, ભ્રષ્ટાચાર પર પણ લગામ લાગશે અને આયાત-નિકાસ પ્રક્રિયા સરળ અને પારદર્શક બનશે.

હવે સમય આવી ગયો છે કે, જેમ સરકારે ફેસલેસ સિસ્ટમના ભાગરૂપે ઇન્કમ ટેક્સના વહીવટમાં ફેરફાર કર્યા તેમ કસ્ટમ્સ વિભાગને પણ પારદર્શક અને આધુનિક બનાવે, એમ તેમણે જણાવ્યું હતું.

નાણાં પ્રધાને કહ્યું કે, સામાન્ય માન્યતા એવી હતી કે, ઇન્કમ ટેક્સના દર સમસ્યા નથી. અસલી સમસ્યા ટેક્સનો વહીવટ કેવી રીતે હાથ ધરવામાં આવતો તેમાં હતી. આ પ્રક્રિયા ક્યારેક પીડાદાયક અને બોજારૂપ બની જતી, જેના કારણે ટેક્સ ટેરેરિઝમ જેવો નકારાત્મક શબ્દ ઉદ્ભવ્યો.

જોકે, હવે ઓનલાઇન અને ફેસલેસ સિસ્ટમે ઇન્કમ ટેક્સની પ્રક્રિયાને ખૂબ જ સહજ બનાવી દીધી છે. નિર્મલા સીતારમણે એ પ્રમુખ સમસ્યાનો પણ ઉલ્લેખ કર્યો જેને સરકારે છેલ્લાં અમુક વર્ષોમાં પાર કરી છે. તેમણે કહ્યું કે, સરકારે કોવિડ-૧૯ મહામારી બાદ અર્થવ્યવસ્થાને સંભાળવું, વૈશ્વિક યુદ્ધના કારણે ખાદ્યાન્નો પર અસર, સરહદી તણાવ, ચૂંટણી વર્ષમાં આવશ્યક સરકારી ખર્ચ અને જમ્મુ-કાશ્મીરના બેન્કિંગ તંત્ર તેમજ અર્થવ્યવસ્થાને પુનઃસ્થાપિત કરવા જેવા મોટા પડકારોને સફળતાપૂર્વક પાર પાડ્યા. પહલગામ હુમલા બાદ જમ્મુ-કાશ્મીરની અર્થવ્યવસ્થાને ફરી ઊભી કરી, જે સરકારની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. ■

## નવીનીકરણીય ઊર્જાને ધિરાણ રોકવા કોઈ નિર્દેશ નથી: મનરે

નવી દિલ્હી: નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયે રવિવારે સ્પષ્ટતા કરી કે તેણે નાણાકીય સંસ્થાઓને નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટ્સ અથવા નવીનીકરણીય ઊર્જા સાધનોની ઉત્પાદન સુવિધાઓને ધિરાણ આપવાનું બંધ કરવા માટે કોઈ નિર્દેશ જારી કર્યો નથી.

નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (મનરે)એ નોંધપાત્ર ઓવરકેપેસિટીની ચિંતાઓ વચ્ચે નવીનીકરણીય ઊર્જા પ્રોજેક્ટ્સને નવા ધિરાણને રોકવા માટે એક એડવાઇઝરી મારફત ધિરાણકર્તાઓને નિર્દેશ જારી કર્યો હોવાનું સૂચવતા અહેવાલોને કારણે રવિવારે મનરેએ એક નિવેદનમાં ઉક્ત માહિતી જાહેર કરી છે.

મનરેએ નિવેદનમાં જાહેર કર્યું છે કે, આ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે છે કે મંત્રાલયે નવીનીકરણીય ઊર્જા પાવર પ્રોજેક્ટ્સ અથવા નવીનીકરણીય ઊર્જા સાધનો ઉત્પાદન સુવિધાઓને ધિરાણ બંધ કરવા માટે નાણાકીય સંસ્થાઓને કોઈ નિર્દેશ જારી કર્યો નથી. ■

## ફોરેક્સ એકાઉન્ટસના રિપેટ્રીએશનની સમયમર્યાદા બે મહિના વિસ્તારાઇ

મુંબઈ: અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર લાગુ કરાયેલ પચાસ ટકા ટેરિફને પરિણામે દેશના નિકાસકારો સામે ઊભા થયેલા પડકારોને હળવા કરવા રિઝર્વ બેન્કે ઓછા મૂલ્યની નિકાસ તથા આયાત માટે પેપરવર્ક તથા ફરજપાલનના બોજ હળવા કરવા સહિતના કેટલાક પગલાં જાહેર કર્યા છે. આ પગલાંઓમાં મુખ્ય પગલું આઈએફએસસીમાં ભારતીય નિકાસકારોના ફોરેન કરન્સી એકાઉન્ટસમાંથી નાણાંના રિપેટ્રીએશન (ઘરઆંગણેના બેન્ક ખાતામાં મોકલવા) કરવા માટેની સમયમર્યાદા એક મહિનાથી વધારી ત્રણ મહિના કરવામાં આવી છે.

વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં રિઝર્વ બેન્કે ભારતના નિકાસકારોને ભારતની બહાર એક બેન્કમાં ફોરેન કરન્સી એકાઉન્ટસ ખોલવા મંજુરી આપી હતી. નિકાસ પેટે મેળવવાના રહેતા નાણાં પેટે આ છૂટ અપાઈ હતી. આ ખાતાઓમાં જમા થતા નાણાંનો ઉપયોગ તે આયાત સામે ચૂકવણી કરવા માટે થઈ શકે છે અથવા તો પ્રાપ્ત થવાની તારીખ પછી પડતા મહિનાના અંત સુધીમાં આ રકમને સ્વદેશ ખાતામાં જમા કરાવી દેવાના રહે છે.

મરચંડાઈઝ ટ્રેડ ટ્રાન્ઝકશન્સ માટે ફોરેકસ આઉટલેનો સમયગાળો ચાર મહિનાથી વધારી છ મહિના કરાયો છે. સરકારે હવે સમયમર્યાદા હવે એક મહિનાથી વધારી ત્રણ મહિના કરતા ભારતીય નિકાસકારોને આઈએફએસસી બેન્કિંગ યુનિટસમાં ખાતા ખોલાવવા પ્રોત્સાહન મળશે એટલું જ નહી આઈએફએસસીમાં ફોરેક્સ લિક્વિડિટીમાં વધારો થશે એમ રિઝર્વ બેન્કે જણાવ્યું હતું. ઓછા મૂલ્યની આયાત નિકાસ માટેના પેપરવર્ક તથા ફરજપાલન ઘટાડવા રિઝર્વ બેન્કે એક્સપોર્ટ ડેટા પ્રોસેસિંગ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ તથા ઈમ્પોર્ટ ડેટા પ્રોસેસિંગ એન્ડ મોનિટરિંગ સિસ્ટમમાં રિકન્સિલિએશનની પ્રક્રિયા સરળ બનાવવા નિર્ણય કર્યો છે. ■

## કોર્પોરેટ સેકટરના અધિકારીઓમાં નાણાંકીય પરિણામની બાબતે વધુ ઠાગાઠૈયા કરવાની માનસિકતા

મુંબઇ: ભારતીય કંપનીઓના મોટાભાગના સીઇઓ ત્રિમાસિક પરિણામોને બદલે અર્ધવાર્ષિક નાણાકીય પરિણામોની તરફેણમાં છે. જોકે, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં આ બાબતનો સખત વિરોધ છે. તાજેતરના સર્વે મુજબ, ૬૪ ટકા કોર્પોરેટ સીઇઓ કહે છે કે અર્ધવાર્ષિક નાણાકીય પરિણામો કંપનીઓ પર ટૂંકા ગાળાના દબાણને ઘટાડશે અને મેનેજમેન્ટને વ્યવસાય વ્યૂહરચના અને અમલીકરણ પર વધુ સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરવાની મંજૂરી આપશે.

તેનાથી વિપરીત, ૭૩ ટકા ફંડ મેનેજરોએ કહ્યું કે ત્રિમાસિક પરિણામો રોકાણકારો માટે મહત્વપૂર્ણ છે, કારણ કે તેઓ આ સમયસર જાહેરાતોના આધારે રોકાણના નિર્ણયો અને મૂડી ફાળવણી કરે છે. આ તીવ્ર વિરોધાભાસ કોર્પોરેટ બોર્ડમાં સુગમતાની ઇચ્છા અને પારદર્શિતા અને સુસંગત રિપોર્ટિંગ માટેની રોકાણકાર સમુદાયની માંગ વચ્ચેના સંઘર્ષને પ્રતિબિંબિત કરે છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલાથી જ યુએસમાં ત્રિમાસિક નાણાકીય પરિણામોથી અર્ધવાર્ષિક નાણાકીય પરિણામો તરફ જવા અંગે ચર્ચાને વેગ આપ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે આનાથી કોર્પોરેટ અધિકારીઓ ખર્ચમાં ઘટાડો કરી શકશે અને મેનેજમેન્ટને વ્યવસાયિક કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સમય મળશે.

જોકે, ભારતીય નિયમનકારી સૂત્રો કહે છે કે સ્થાનિક બજાર માટે આવી કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ નથી. એક કંપનીના સીઇઓએ કહ્યું હતું કે કેટલીકવાર ક્વાર્ટરમાં શેર કરવા યોગ્ય કોઈ મોટી ઘટનાઓ હોતી નથી. અર્ધ-વાર્ષિક અહેવાલ અર્થપૂર્ણ ચર્ચા માટે વધુ સારું સાધન પુરવાર થશે. જોકે, સ્ટીલ ક્ષેત્રના સીઇઓ માને છે કે વર્તમાન સિસ્ટમ વધુ સારું શાસન નિયંત્રણ પૂરું પાડે છે અને અર્ધ-વાર્ષિક રિપોર્ટિંગ દેખરેખને નબળી બનાવી શકે છે. મોટાભાગના મની મેનેજરોએ કહ્યું હતું કે ત્રિમાસિક રિપોર્ટિંગને દૂર કરવાથી પારદર્શિતા ઓછી થશે અને અસ્થિરતા વધશે. ત્રિમાસિક નાણાકીય પરિણામોને દૂર કરવાથી મેનેજમેન્ટ ક્રિયાપ્રતિક્રિયાઓ અને કમાણીના કોલ ઘટશે, જે માહિતીની અસમપ્રમાણતામાં વધારો કરી શકે છે. આનાથી અનિશ્ચિતતા, સ્ટોક અસ્થિરતા અને રોકાણકારોના વિશ્વાસમાં ઘટાડો થઈ શકે છે. ■

## વીજળીના ઉત્પાદનમાં વધારો, માગમાં ઘટાડો

નવી દિલ્હી : નવેમ્બરમાં ભારતની વીજળીની માંગ ૦.૩% ઘટીને ૧૨૩ અબજ યુનિટ (બીયુ) થઈ છે, જે એક વર્ષ પહેલા નીચા તાપમાનને કારણે ૧૨૪ અબજ યુનિટ હતી. ક્રિસિલ ઇન્ટેલિજન્સ અનુસાર, ઓક્ટોબરમાં લગભગ ૬% માસિક ઘટાડા પછી આ ચિત્ર જોવા મળ્યું છે.

દેશની વીજળીની માંગ એપ્રિલ-નવેમ્બરના સમયગાળામાં વાર્ષિક ધોરણે આશરે ૦.૧% ઘટી હોવાનો અંદાજ છે. જોકે, ભારતે નવેમ્બર ૨૦૨૫માં ૨૧૬ ગીગાવોટની ટોચની વીજળી માંગ નોંધાવી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૧૬ પછી સૌથી વધુ છે.

હાજર બજારમાં વીજળીના ભાવમાં પણ નવેમ્બરમાં ઘટાડો થયો હતો. હાઈડ્રો, પવન અને સૌર ઉત્પાદનમાં વધારો થવાને કારણે એક્સચેન્જ પ્લેટફોર્મ પર સપ્લાય લિક્વિડિટીમાં વધારો થયો હતો, જેના કારણે ડે અહેડ માર્કેટ અને રીઅલ ટાઇમ માર્કેટ ભાવમાં ઘટાડો થયો હતો.

રીઅલ ટાઇમ માર્કેટમાં, નવેમ્બરમાં સરેરાશ માર્કેટ ક્લિયરિંગ પ્રાઇસ વાર્ષિક ધોરણે નવ ટકા ઘટીને રૂ. ૩.૧૩ પ્રતિ યુનિટ થઈ ગઈ છે, જે ઓછી વીજળીની જરૂરિયાતો વચ્ચે પૂરતી ઉપલબ્ધતા દર્શાવે છે. ડે અહેડ માર્કેટ માટે માર્કેટ ક્લિયરિંગ પ્રાઇસ પણ વાર્ષિક ધોરણે આશરે ૭% ઘટીને રૂ. ૩ પ્રતિ યુનિટ થઈ ગઈ હતી. ■

# સૂર્યકિરણ ટીમે રાજકોટને ઘેલું કર્યું, આકાશનો અદ્‌ભુત નજારો જોઈ શહેરીજનોમાં પણ જોશ ભરાયો



(તસવીરો-પ્રવિણ સેદાણી, રાજકોટ)





(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ ટીમે રવિવારે સમગ્ર રાજકોટ શહેરને ખુશખુશાલ કરી દીધા હતા અને યુવાનો અને બાળકોમાં જોમ ભરી દીધું હતું. અહીંના અટલ સરોવર પાસેના સ્માર્ટ સિટી વિસ્તારમાં અદ્‌ભુત એર શો હજારો શહેરીજનોએ માણ્યો હતો અને આપણા જવાનોના શિસ્ત અને હિંમતનો અનુભવ કર્યો હતો.

સૂર્યકિરણ ટીમના ૯ વિમાનના કરતબોએ લોકોને મંત્રમુગ્ધ કરી નાખ્યા હતા. આકાશગંગા સ્કાયડાઇવિંગ ટીમના જવાનોએ ૮૦૦૦ ફૂટની ઊંચાઈએથી કરેલા દિલધડક કૂદકાએ લોકોને અચંબામાં નાખી દીધા હતા.

રવિવારે સવારે અટલ સરોવર ખાતે ખાસ વ્યવસ્તા કરવામાં આવી હતી. મોટી જનમેદની આ શોને જોઈ શકે તે માટે ૭ વ્યુ પોઈન્ટ રાખવામાં આવ્યા હતા અને પાર્કિંગ માટે ૮ પ્લોટ્સમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્માર્ટ સિટીમાં જવા અને બહાર નીકળતા સમયે લોકોએ લાંબો સમય રાહ જોવી પડી હતી.

આકર્ષક લાઈવ પર્ફોમન્સને લીધે લોકો દેશભક્તિના રંગે રંગાયા હતા. દરેક કરતબ રોમાંચથી ભરપૂર હતો. આકાશમાં વિવિધ આકૃતિઓથી માંડી શ્વાસ અધ્ધર કરી દે તેવા અલગ અલગ સ્ટંટ રાજકોટવાસીઓએ જોયાનો આનંદ વ્યક્ત કર્યો હતો. ■

## ભાવનગરમાં ઓનલાઈન જુગાર રમતા ૧૨ શખ્સો રૂ.૧.૯૨ લાખની મતા સાથે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગરઃ લોકલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા શહેરના આડોડિયા વાસ વિસ્તારમાં ચાલતા ઓનલાઇન હાર જીતના જુગારના અખાડા પર દરોડો પાડીને કુલ ૧૨ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પરથી રોકડ, કોમ્પ્યુટર સિસ્ટમ, મોબાઇલ ફોન અને જુગારમાં વપરાતા અન્ય સાધનો મળીને કુલ રૂ.૧,૯૨,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જ્યારે અન્ય ત્રણને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર એલસીબી પોલીસના સ્ટાફને બાતમી મળી હતી કે, ભીખાભાઇ કનુભાઇ પરમાર રહે.આડોડિયાવાસ તેમના કબજા હેઠળની આડોડિયા વાસની બે દુકાનોમાં અને જીતેશ ઉર્ફે વિવેક દિલીપભાઇ રાઠોડ રહે.આડોડિયાવાસ) તેમની બાજુની પતરાવાળી દુકાનમાં આર્થિક લાભ માટે જુગારનો અખાડો ચલાવે છે.

આ શખ્સો બહારથી માણસોને બોલાવી દુકાનમાં રાખેલ મશીન પર યંત્રોના ચિત્રો પર રોકડ રકમ લગાવી હારજીતનો જુગાર રમાડતા હતા. વિજેતાને લગાડેલી રકમ કરતાં દસ ગણી રકમ ચૂકવીને નસીબ આધારિત આ જુગાર ચાલતો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપીઓ 'ઓનેસ્ટ-૧' અને 'સેફરોન' નામની ઓનલાઇન ફ્રેન્ચાઇઝી અને યંત્રોનું વેચાણ કરવાના બહાને આ જુગાર રમાડતા હતા. ગ્રાહકો યંત્રના ચિત્રો પર રૂ.૧૧, રૂ.૨૨, રૂ.૩૩ વગેરે જેવી રકમો લગાડતા હતા. દર પાંચ મિનિટે ઓનલાઇન એક યંત્ર વિજેતા જાહેર થતું હતું. લગાડેલ રકમના નવ ગણા રૂપિયા (દા.ત., રૂ.૧૧ લગાવનારને રૂ.૯૯ આપવામાં આવતા હતા.

પોલીસે સ્થળ પરથી જુગાર રમતા અને રમાડતા ૧૨ શખ્સોને ઝડપી પાડ્યા હતાં. જ્યારે ત્રણ શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા, જેને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા હતા. તમામ વિરુદ્ધ ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં જુગાર પ્રતિબંધક ધારાની કલમો હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.■

## મુંદરા બંદર પર મિસડિક્લેરેશન થકી આવેલા રૂ.૧.૧૧ કરોડના પ્રતિબંધિત વિદેશી સિગારેટના જથ્થાને કસ્ટમ તંત્ર દ્વારા ઝડપી લેવાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ પ્રતિબંધિત ચીજ-વસ્તુઓની દાણચોરી માટે ગોલ્ડન ગેટવે તરીકે ઓળખાતાં કચ્છના બંદરો વાટે દેશમાં વિવિધ પ્રકારની ડ્રગ્સ, પ્રતિબંધિત ચાઈનીઝ ઈ-સિગારેટ, વિદેશી સિગરેટના જથ્થાને મોટા પ્રમાણમાં ઘુસાડવામાં આવી રહી હોવાના સેંકડો બનાવો બહાર આવી ચૂક્યા છે તેવામાં મુંદરા કસ્ટમ તંત્રના કમિશનરેટના ડોક્સ એક્ઝામિનેશન સેક્શન દ્વારા મિસડિક્લેરેશન થકી આયાત થયેલો અંદાજિત ૧.૧૧ કરોડની કિંમતનો વિદેશી સિગારેટનો જથ્થો જપ્ત કરી લેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ,'કોર પેપર પાઇપ ઇન બેલ્સ' તરીકે ડિક્લેર કરવામાં આવેલા કન્ટેનરની ક્લીયરન્સ પ્રક્રિયા દરમિયાન કન્ટેનરને ખોલીને પૂર્ણ ડિસ્ટાફિંગ કર્યા બાદ કસ્ટમના અધિકારીઓને વેસ્ટ કચરાની પાછળના ભાગે છુપાવેલા બ્રાન્ડેડ સિગારેટના અંદાજે ૯૯ મોટા બોક્સની અંદર ૪,૯૫૬ કાર્ટૂન મળી આવ્યા હતા. આ કાર્ટૂનમાં ૪૯,૫૬૦ પેકેટમાંથી ૯,૯૧,૨૦૦ જેટલી એક કરોડથી વધુના મૂલ્યની વિદેશી સિગારેટ મળી આવતાં આયાતકાર વિરુદ્ધ કસ્ટમ એક્ટ ૧૯૬૨ની જોગવાઈ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અત્રે એ નોંધનીય છે કે, ડીજીએફટી નીતિ હેઠળ ભારતમાં સિગારેટની આયાત પ્રતિબંધિત છે અને એ માટે યોગ્ય પરવાનગી લેવી આવશ્યક છે.

વિદેશી સિગારેટો પર ભારતમાં લાગતા ટેક્સ તેમજ અન્ય કાયદાઓથી બચવા મિસ ડિક્લેરેશન કરીને અગાઉ પણ મોટા પાયે થતી દાણચોરી ઝડપાઈ ચુકી છે. વર્ષ ૨૦૨૨માં દાણચોરીથી ભારતમાં ઘુસાડાતી ૧૦૮ કરોડથી વધુના મૂલ્યની વિદેશી સિગારેટનો જથ્થો ડીઆરઆઈએ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત થોડા સમય પૂર્વે અમદાવાદ ડીઆરઆઈએ મુંદરા બંદર પર આ જ મોડસ ઓપરેન્ડીથી ઑટો એર ફ્રેશનરની આડમાં ઈમ્પોર્ટ કરાયેલી સાડા ૬ કરોડની સિગારેટનો જથ્થો જપ્ત કર્યો હતો તેમજ ગત વર્ષ ૨૦૨૨માં દાણચોરી કરી ભારતમાં ઈમ્પોર્ટ કરાયેલી ૧૦૮ કરોડથી વધુના મૂલ્યની વિદેશી સિગારેટનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ■

## કચ્છમાં જુદા-જુદા અપમૃત્યુના બનાવોમાં પાંચ વર્ષના બાળક સહિત આઠ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ કચ્છ જિલ્લામાં આકસ્મિક મૃત્યુના બનેલા વિવિધ બનાવોમાં એક પાંચ વર્ષના માસુમ બાળક સહીત આઠ લોકોના અકાળે મોત નીપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ વલસાડ અને હાલે પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના જખૌ બંદર ખાતે રહેનાર ૩૮ વર્ષીય સુરેશસિંહ પ્રતાપસિંહ સૂર્યવંશી નામનો માછીમાર ગત તા. ૪-૧૨ની રાત્રે તેની બોટમાં જમવા બેઠો હતો, ત્યારે આકસ્મિક રીતે દરિયામાં પડી ગયો હતો. બાર કલાકથી વધારે ચાલેલી શોધખોળ દરમ્યાન તેનો દરિયામાંથી મૃતદેહ હાથ લાગતાં જખૌ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, નરા ગામે રહેનારા ૨૨ વર્ષીય પ્રવીણ ઉર્ફે મનીષ રામજી મહેશ્વરી નામનો યુવાન ગામના સીમાડે કેરના ઝાડમાં ગળેફાંસો ખાધેલી લટકતી હાલતમાં મળી આવ્યો હતો. આ આપઘાતના બનાવ અંગે નરા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી આદરી છે.

અન્ય અકાળ મોતનો બનાવ ભુજ તાલુકાના ખાવડા પાસેના રિન્યુએબલ એનર્જી પાર્કમાં બનવા પામ્યો હતો જેમાં અકસ્માતે ટ્રેક્ટર પલટતાં મૂળ રાજસ્થાનના ૨૫ વર્ષીય પવનકુમાર રતનલાલ ગુર્જર નામના યુવાનનું ગંભીર ઇજાના પગલે મોત નીપજતાં ખાવડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દર્જ કરી, આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વધુ એક અપમૃત્યુનો બનાવ મુંદરાના અકસ્માત ઝોન તરીકે ઓળખાતા બારોઇ રોડ પર આવેલા ગ્રીન એપલ સ્કૂલના ઉપરના માળે બન્યો હતો જેમાં અહીં રહેનાર મૂળ બિહારના ૩૫ વર્ષીય બુલેટ મેવાલાલ શાહ નામના યુવકે કોઇ અગમ્ય કારણોસર ગત ૪-૧૨ની રાતથી તા.૫-૧૨ના સવાર સુધીના સમયગાળા દરમ્યાન સીલિંગ ફેન પર કપડાંનો ગમછો બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતાં મુંદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની તજવીજ આદરી છે.

બીજી તરફ, મુંદરા તાલુકાના કાંડાગરામાં સ્થિત અદાણી કોલોનીમાં રહેતા મૂળ ઉત્તર પ્રદેશનો ૪૦ વર્ષીય શ્રીપ્રકાશ નારાયણ યાદવ નામનો યુવક ગત તા. ૨૫-૧૧ના રોજ અદાણી કોલોનીમાં ખોદવામાં આવેલા ખાડામાં અકસ્માતે પડી જતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી.હતભાગીને ક્રિટિકલ સારવાર અર્થે અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર કારગત ન નીવડતાં તેણે અંતિમ શ્વાસ લીધા હતા.

આ ઉપરાંત ભચાઉ તાલુકાના જૂના કટારિયા ગામ નજીક ટ્રેન હડફેટે આવી ગયેલા અંદાજિત ૪૦ વર્ષીય અજ્ઞાત પુરુષનું કમકમાટીભર્યું મોત નીપજતાં સ્થાનિક પોલીસે મૃતકની ઓળખ મેળવવા કવાયત આદરી છે.

બીજી તરફ, ભિક્ષુક જેવા અને માનસિક રીતે અસ્થિર લાગતા દિનેશ નામનો યુવક બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. પ્રથમ આદિપુરની રામબાગ, ભુજની અદાણી જી.કે. જનરલ હૉસ્પિટલ અને ત્યાંથી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં સારવાર કારગત ન નીવડતાં તેનું મોત નીપજ્યું હતું. દરમ્યાન, ભુજ તાલુકાના ધોરાવર ગામમાં એક કાર ચાલકે પગપાળા રસ્તો ઓળંગતા પાંચ વર્ષના બાળકને ટક્કર મારી દેતાં તેનું મોત થયું હતું. ભુજની જી.કે.જનરલ હૉસ્પિટલ ચોકીએથી પ્રાપ્ત વિગતો મુજબ, ૫ વર્ષીય અલ્તાફ મુસ્તાક સમા નામનો બાળક ગત શનિવારે સાંજના અરસામાં રસ્તો પસાર કરતો હતો. એ દરમિયાન કાર નંબર જીજે ૧૨ બીઆર ૯૭૪૮ના ચાલકે તેને ટક્કર મારી દેતાં ગંભીર ઇજાઓને પગલે મોત નીપજ્યું હતું. સમગ્ર મામલે પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરવા સહિતની કાર્યવાહી હાથ ધરી છે.■



ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ખોડલધામ મંદિર, કાગવડ મુકામે એક ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં ગુજરાત ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ અને રાજ્ય સરકારમાં નવનિયુક્ત થયેલા લેઉવા પટેલ સમાજના પ્રધાનોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. (તસવીરઃ પ્રવિણ સેદાણી)

## ગોપાલ ઇટાલિયા પર જૂતું ફેંકવું તે ભાજપ-કૉંગ્રેસનું સંયુક્ત ષડયંત્રઃ ગોપાલ રાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલના ત્રિ-દિવસીય રાજકોટ પ્રવાસ પૂર્વે દિલ્હીના પૂર્વ પ્રધાન તથા આપ ધારાસભ્ય ગોપાલ રાય રાજકોટ પહોંચ્યા હતા અને તેમણે મોટું એલાન કર્યું હતું કે, આગામી મહાનગરપાલિકા, નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં દરેક બેઠક પર આમ આદમી પાર્ટીના કાર્યકર્તા ચૂંટણી લડશે. આપ દ્વારા ગુજરાત જોડો યાત્રા અને કિસાન આંદોલન કરવામાં આવી રહ્યું છે.

વિસાવદર પેટાચૂંટણીની જીત બાદ રાજ્યમાં ૧૩ હજારથી વધુ સભાઓ કરીને પાર્ટીએ નવો જોશ ભર્યો છે અને ૨૦૨૭માં ગુજરાતમાં પરિવર્તન આવશે એવો વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે ભાજપ-કૉંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે ગોપાલ ઇટાલીયા પર જૂતું ફેંકવાની ઘટનાને ભાજપની પોલીસ અને કૉંગ્રેસનું સંયુક્ત ષડયંત્ર ગણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, હાલ ગુજરાતમાં જે રીતે ભાજપ અને કૉંગ્રેસ બંને ડરી ગયું છે. વિસાવદરની ચૂંટણીમાં આપના ગોપાલ ઇટાલિયા જીત્યા બાદ ગુજરાતમાં એક નવો જ માહોલ ઊભો થયો છે. અત્યાર સુધી એવું હતું કે ભાજપ કૉંગ્રેસના નેતાઓને તોડે અને ચૂંટણી જીતી જાય પરંતુ, પ્રથમ વખત પેટાચૂંટણીમાં એવું બન્યું કે ભાજપને આમ આદમી પાર્ટી હરાવવાની તાકાત બતાવી છે. વિસાવદર બાદ પૂરા ગુજરાતમાં આમ આદમી પાર્ટી દ્વારા ૧૩૦૦૦ જેટલી સભાઓ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે, પંજાબમાં ખેડૂતોનું જે નુકસાન થયું તે બદલ તમામ ખેડૂતોને રૂ. ૫૦,૦૦૦ પ્રતિ હેક્ટર આમ આદમી પાર્ટી દ્વારા આપવામાં આવે છે. જોકે, ભાજપ સરકારે પેકેજ તો આપ્યું જ નહીં પરંતુ જે સહાયની વાત છે એ પણ ખેડૂતોને મળી નથી. ખેડૂતો લાઈનોમાં ઊભા છે અને હેરાન થઈ રહ્યા છે. ગુજરાત સરકાર ખેડૂતોને વળતર નહીં આપે તો આ કિસાન આંદોલન ઉગ્ર બનશે. ■

## કચ્છમાં શિયાળો વાઈબ્રન્ટઃ નલિયામાં ૧૦, ભુજમાં ૧૩ ડિગ્રી ન્યુનતમ તાપમાન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ સમગ્ર ગુજરાતની સાથે સરહદી જિલ્લા કચ્છમાં પણ હાડ થીજાવતી ઠંડીએ જનજીવનને મૂર્છિત કરી દેવાનું શરૂ કર્યું હોય તેમ આ રણપ્રદેશનું કાશ્મીર નલિયા ૧૦ ડિગ્રી સેલ્સિયસ સાથે ગુજરાતના પ્રથમ હરોળના સૌથી ઠંડા મથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. અબડાસા તાલુકાનું આ મુખ્ય મથક દર વર્ષે શિયાળા દરમ્યાન જાણે કચ્છનું શિમલા બની જાય છે.

ભુજમાં લઘુતમ તાપમાનનો પારો ૧૩ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યો છે અને દિવસભર લોકોને ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે. અધૂરામાં પૂરું સતત ઉત્તર દિશાએથી વાતા વાયરાઓએ ઠંડીની ધાર વધુ તેજ બનાવતાં બપોરે પણ ટાઢ પડી રહી છે.

ભુજ, અંજાર, ગાંધીધામ, કંડલા, માંડવી,મુંદરા, ખાવડા,નલિયા, લખપત સહિતના મોટાભાગના સ્થળોએ સમીસાંજથી જ લોકો શેરી રસ્તાઓ પરથી ગાયબ થઇ ગયા છે. સમગ્ર ઉત્તર ભારતમાં ચાલુ શિયાળામાં 'લા-નિનો ઇફેક્ટ'ના લીધે જાણે હિમયુગ બેઠો હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થશે તેમ હવામાન નિષ્ણાતો જણાવી રહ્યા છે તેવામાં રાજ્યભરમાં આગામી સપ્તાહે ઠંડીમાં વધારો થવાની મોસમ વિભાગે આગાહી કરી છે. ■

## જૂનાગઢ જિલ્લા જેલ ખાતે ૧૧.30 કરોડના ખર્ચે નવનિર્મિત ૪૩ આવાસનું પ્રધાન કમલેશ પટેલે લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લા જેલ ખાતે જેલ,પોલીસ હાઉસિંગ, ગૃહ રક્ષક દળ,અને નશાબંધી વિભાગના પ્રધાન કમલેશ પટેલના હસ્તે પોલીસ આવાસ નિગમ દ્વારા નવનિર્મિત જેલ કર્મચારીઓના આવાસ સંકુલ અને જેલના પરિસરમાં તૈયાર કરાયેલી આધુનિક મહિલા બેરેક સહિતની વિવિધ સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ, મહાનગરપાલિકાના મેયર અને ડેપ્યુટી મેયર, સ્થાનિક ધારાસભ્યો, ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ, જિલ્લા પોલીસ તંત્ર, વહીવટી તંત્રના અધિકારીઓ અને મોટી સંખ્યામાં શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

કમલેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગૃહ વિભાગ અને જેલ કર્મચારીઓના પરિવાર માટે આ સુખદ અવસર છે. સરકારનો હંમેશાં પ્રયાસ રહ્યો છે કે, પોલીસ અને જેલ વિભાગના કર્મચારીઓના પરિવારોને સુખ-સુવિધાઓથી સજ્જ સારા આવાસોમાં રહેવાનો લાભ મળે. તેમણે ઉમેર્યું હતું કે, ગૃહપ્રધાનના સક્રિય નેતૃત્વ હેઠળ સરકાર દ્વારા પોલીસ આવાસના મકાનો અને નવા ભવનો વહેલી તકે બને અને તેના લોકાર્પણ થાય તે દિશામાં તમામ સુવિધાઓના કામો પૂરજોશમાં કરવામાં આવી રહ્યા છે.

જૂનાગઢ જિલ્લા જેલ અધિક્ષક જે. આર. સિસોદિયાએ આ કાર્યક્રમ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, આજે કુલ ૪૩ આવાસ અને અન્ય બિન-રહેણાંકીય મકાનો તેમજ વહીવટી કામગીરી માટેનાં ભવનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કુલ રૂ.૧૧.૩૦ કરોડના ખર્ચે ૪૩થી વધુ આવાસોનું નિર્માણ થયું છે, જે કર્મચારીઓના રહેણાંકની સમસ્યા હળવી કરશે. આ તમામ સુવિધાઓનો ઉદ્દેશ્ય જેલ કર્મચારીઓની કામગીરી અને તેમના જીવનધોરણને સુધારવાનો છે.

## ગીર સોમનાથ પોલીસમાં ધરખમ ફેરફાર! એસ જાડેજાએ ૮૨ કર્મચારીઓની બદલી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા એસપી જયદીપસિંહ જાડેજાએ પોલીસ તંત્રમાં ધરખમ ફેરફારો કરીને એક મોટો નિર્ણય લીધો હતો. જાહેરહિતમાં જિલ્લાના ૮૨ પોલીસ કર્મચારીઓની એકસાથે બદલીઓનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે, જેના પગલે પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો હતો. આ બદલીઓમાં ૨૪ મહિલા કર્મચારીઓ સહિત કુલ ૮૨ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

જિલ્લા પોલીસ વડાના આદેશનું મુખ્ય કેન્દ્ર વેરાવળ સિટી પોલીસ સ્ટેશન રહ્યું છે, જ્યાં સૌથી મોટી અસર જોવા મળી છે. કુલ ૮૨ બદલીઓ પૈકી ૫૭ કર્મચારીઓ માત્ર વેરાવળ સિટી પોલીસ સ્ટેશનના છે, જે દર્શાવે છે કે આ ફેરફાર વ્યૂહાત્મક અને વહીવટી દૃષ્ટિકોણથી ઘણો મહત્ત્વપૂર્ણ છે. પોલીસ વડાએ થોડા દિવસ પૂર્વે જ જિલ્લાની મહત્ત્વપૂર્ણ શાખાઓ જેવી કે લોકલ ક્રાઇમ બ્રાન્ચ અને એસઓજી બ્રાન્ચમાં પણ મોટી સાફસૂફી કરીને મોટા પાયે બદલીઓના આદેશ આપ્યા હતા.

જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજા દ્વારા લેવાયેલા આ નિર્ણયો પોલીસ સ્ટેશનોના કાર્યક્ષેત્રમાં સુધારો લાવવા અને વહીવટી કાર્યક્ષમતા વધારવાના હેતુથી લેવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે. ■